
કુમાર

આવતી કાલના

૧૦૫
મો અંક



તંત્રી
રવિશંકર રાવળ
વર્ષ નવમું · અંક નવમો
ભાદરવો · ૧૯૮૮



નાગરિકોનું માસિક



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ પી. રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

'કુમાર'નું વાર્ષિક લવાજમ, આ વર્ષ પૂરતું વાર્ષિક રૂ. ૮ (પરદેશના ૧૫ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



શિશિર અને વસંત
ચિત્રકાર · સોમાલાલ શાહ



સુશોભન આલેખનાર • કૃષ્ણલાલ ભટ્ટ

જીવનની દિશા

તમને જીવનમાં દુઃખકારક આઘાતોનો અનુભવ થયો છે? કોઇ ગહન કોયડો જીવનનાં સંવેદનોમાંથી આવીને વગર ઉકલ્યો જ તમારી સમક્ષ સતત જાગતો અને ઉત્તર માગતો ઊભેલો અનુભવ્યો છે? 'આનો શો અર્થ?' 'જીવન એટલે શું હશે?' 'મૃત્યુ એટલે શું?' એવા સનાતન પ્રશ્નોની દીવાલ સામે તમારૂં માથું પણ પટકાયું છે? અને પરિણામે નિરૂત્સાહ, શોક, નિરાશા વગેરેના ઊંડા ખાડામાં તમે ઉતરી ગયા છો? માનવ અશક્તિમાન છે, પામર છે, તે કશું જાણી શકે તેમ છે ખરો?–એવી શંકાશીલતા ને અશ્રદ્ધાની અવધિ તમે અનુભવી છે ખરી?

વારૂ. પરંતુ એ અનુભૂતિ જ અંતિમ છે એમ માની લેતા નહિ. એવાં મર્મભેદક સંવેદનોનો પણ ઉકેલ છે—એમનો આપણા જીવન માટે અર્થ તો જરૂર હોય છે, એવું અંતરની ઊંડી શ્રદ્ધા તમને કહેતી આવી છે તેને સાંભળો. પરંતુ એ શ્રદ્ધા ક્યારે ફળે? જ્યાં સુધી માનવજીવનનાં મૂલ્યાંકનનાં હાલનાં ધોરણોમાં સમૂળો ફેરફાર ન થઇ જાય ત્યાં સુધી તો એ ઉકેલની ચાવી હાથમાં આવે તેમ નથી. અંધારામાં ફાંફાં મારતા, જીવનની સૂકી રણવાટમાં પણ કોઈ દિવ્ય, ગાઢ, અતિ –અતિ સમીપનો હોય એવો પરિચિત પ્રેમ વ્યાપી રહેલો છે. કોઈ એવો દિવ્ય પ્રણયી જીવનની એ દુઃખભરી યાત્રાને અંતે તેના જ ઉદ્દેશ તરીકે, અનંત કાળથી આપણી વાટ જોઇ રહ્યા છે. એની ફક્ત દૃષ્ટિ જ આપણી અનંત-કાળની ગઇ ગુજરી ભુલાવી દઇ આનંદસમાધિમાં આપણને મગ્ન કરી દઇ શકે તેમ છે. ત્યાં આગળ મોહ કેવો? ત્યાં આગળ જીવનના શોક ક્યાંથી? એની દૃષ્ટિમાં એટલી તો જ્ઞાનજ્યોતિ છે કે તેનું દર્શન થતાં 'શું આવાઆવા કારણે આપણે સાચે જ દુઃખી થતા હતા?' એવો પ્રશ્ન કરવાનું આપણને પોતાને જ થઇ આવે.

એ પરમ પ્રેમપ્રેરિત, જ્ઞાનજ્યોતિપૂર્ણ, કરુણામય દિવ્ય વ્યક્તિ, આપણે તેને ચાહીએ તો જ આપણા ઉપર પોતાનું સામ્રાજ્ય વિસ્તારે છે. જ્યાં સુધી આપણે સ્વેચ્છાપૂર્વક તેના પ્રત્યે જતા નથી ત્યાં સુધી તે પોતાના સર્વશક્તિમાનપણાથી આપણને આજ્ઞા કરતો કે ફરજ પાડતો નથી. જ્યાંસુધી આપણું સર્વસ્વ—અંતર અને બાહ્ય—તેને સમર્પીએ નહિ ત્યાંસુધી તે આપણાં અંતરનાં બારણાંની બહાર વાટ જોતો ઊભો જ રહે છે. એની અખૂટ ધીરજ અને અપાર કરુણામાં આપણા ભૂતકાળનો હિસાબ જ હોતો નથી. આપણી રીસ અને ક્રોધ, આપણાં સુખ અને દુઃખ, સઘળું અતિ લઘુ લાગે એવી તેની પ્રેમદૃષ્ટિ છે.

જીવનના સારાંમાઠાં સંવેદનોમાંથી તેના પ્રત્યે વળી એ એવું બની આવે તેટલું આપણું અહોભાગ્ય! કોઇ હસતા-રમતા તેના પ્રત્યે વળે, કોઇ જાણ્યા વિના વળે, કોઇ નિશ્ચય-પૂર્વક વળે, કોઇ વ્રતધારી થઇને યાત્રા આરંભે, તો કેટલાક અશ્રુપૂર્ણ નયને પણ વળે; સર્વે તેના જ માર્ગો છે!

અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી

ઈંગ્લંડમાં સંસ્કારી ચિત્રકળાનો

સર જોશુઆ રેનૉલ્ડ્ઝ ઇંગ્લંડના ૧૮મા સૈકાના મહાન પુરુષોમાં બહુ માનભર્યું સ્થાન ધરાવે છે. ઇંગ્લંડમાં ચિત્રકળાના આદ્ય પ્રચારક અને શાહી ચિત્રમંદિર (રૉયલ ઍકૅડેમી)ના પિતા તરીકે તેની કીર્તિ અમર છે. એણે ઇંગ્લંડની ચિત્રકળાના સમુદ્ધાર માટે જેટલું કરી બતાવ્યું તેટલું કોઇએ કર્યું નથી. જાતે અવિશ્રાંત જીવન ગાળી ચિત્રકળાના જગવિખ્યાત નમૂના પેદા કર્યા અને પોતાના યુગનાં નરનારીઓને અમર કર્યાં એટલું જ નહિ, પણ સમકાલીન ચિત્રકારોને કળાના ઉચ્ચ આદર્શથી પ્રેર્યા અને સમાજમાં કળાની સંસ્કારિતા તથા સન્માનના ઉપદેશ આપી તેને મહત્ત્વનું સ્થાન અપાવ્યું. એ યુગના સંસ્કારસ્વામીઓ, રાજપુરુષો, કવિઓ વગેરે અગ્રગણ્ય પુરુષોની તેની સાથે ગાઢ મૈત્રી હતી, અને એ બધાએ આ મહાન ચિત્રકારનાં શક્તિ, સંસ્કાર અને સૌજન્ય માટે એકસરખું માન તથા કદરદાની બતાવ્યાં છે.

ઇંગ્લંડનો એ યુગનો મહાપંડિત ડૉ. જહૉન્સન અને કવિ ગોલ્ડસ્મિથ તેના હૃદયમિત્રો હતા અને તેમને માટે તેનું ખાસું હમેશાં ખુલ્લું રહેતું. બોસવેલે જહૉન્સનનું જેવું આબેહૂબ ચરિત્રાલેખન કર્યું તેવી જ અપ્રતિમ તસ્વીરોમાં રેનૉલ્ડ્ઝે તેનાં ચિત્રો દોર્યાં છે.



સર જોશુઆ રેનૉલ્ડ્ઝ

યુફિઝી સંગ્રહ માટે તેણે જાતે દોરેલી પોતાની તસ્વીર

રેનૉલ્ડ્ઝની પીંછીમાંથી કામ શરૂ થયું તે વખતે ઈંગ્લંડની કળા જડ બનેલી હતી. રાજમહેલો અને અમીરો તથા શ્રીમંતોનાં ઘરો પરદેશી ચિત્રોથી ભર્યાં હતાં. ઇટાલિયન, ડચ, ફ્લેમિશ, જર્મન કે ફ્રેન્ચ કળાની કૃતિઓ બધે ખૂબ દેખાતી, પણ તળપદી અંગ્રેજી કળા તરફ કોઇ જોતું પણ નહિ, અને એટલી લાયકાત પણ તેમાં નહોતી. પરંતુ ચિત્રકળાની પ્રાણતા જેટલી જ સબળ કલામીમાંસાથી સર જોશુઆ રેનૉલ્ડ્ઝે તેના જમાના પર પોતાના વિચારો ને કળાકૃતિઓની અજબ અસર ઉપજાવી ને અંગ્રેજી કળાનો સદ્ધર પાયો નાખ્યો.

ગેઇન્સબરો, બેરી, રોમ્ની, ઓપે, વગેરે ચિત્રકારો પર તેણે ખરેખરો હાથ રાખીને તેમનું ભલું કરી બતાવ્યું. એ બધા ચિત્રકારો અંદરઅંદર પરસ્પરના ધંધાહરીફો હોવા છતાં રેનૉલ્ડ્ઝના આશયોની પ્રેરણા ઝીલતા. રેનૉલ્ડ્ઝના આદર્શોની ઝડી આવી તે પહેલાં તેઓ માત્ર ગતાનુગતિક થઇ પરદેશી ચિત્રોની નકલો કરવાનું વૈતરૂં જ કરતા સમાજમાં તેમને આદરમાન નહોતાં અને ઘણી ગરીબીમાં જેમતેમ કરીને તેઓ જીવન ગુજારતા. ક્વચિત ભૂખમરો પણ ભોગવતા.

પણ રેનૉલ્ડ્ઝની જ્વલંત સમાજપ્રિયતા અને કળાશક્તિએ આ બધું ફેરવી નાખ્યું. સંસ્કાર અને વિશાળ કેળવણીના બળે તે પોતાના યુગના સુપ્રસિદ્ધ વિદ્વાનો અને રાજદ્વારીઓનો સમોવડીઓ થઇ વિરાજતો. પરદેશની મહાન કળાકૃતિઓના ગાઢ પરિચય અને પ્રવાસથી તેના આદર્શો જ્વલંત બન્યા હતા. અપૂર્વ ચિત્રકાર હોવા સાથે તે પ્રચંડ શ્રમ-સાધક હોવાથી તેણે એક પ્રકારની મોહિની અને વ્યાપક સંગઠન મેળવ્યાં હતાં. તેના આવા વ્યક્તિત્વ, ચિત્રશક્તિ અને કળામીમાંસાથી ઇંગ્લંડમાં ચિત્રકાર વર્ગને બહુ માનભર્યું સ્થાન પ્રાપ્ત થયું.

ઇંગ્લંડના ડેવનશાયર પરગણાના પ્લિમ્પ્ટનઅર્લ નામના ગામડામાં ઇ.સ. ૧૭૨૩ના જુલાઇની ૧૬મી તારીખે તે જન્મ્યો હતો. તેના બાપદાદા ધર્મોપદેશક હતા. તેના કાકા પણ એ જ કામ કરતા અને તેની મા પણ એવા જ કુટુંબની હતી. કવિ ગોલ્ડસ્મિથે 'ડેઝર્ટેડ વિલેજ'માં જે પાદરીનું વર્ણન કર્યું છે તે રેનૉલ્ડ્ઝના બાપ

આદ્ય પ્રણેતા અને પ્રવર્તક સર  જોશુઆ રેનૉલ્ડ્ઝ

ઉપરથી જ લખાએલું છે એમ રેનૉલ્ડ્ઝ પોતે લખે છે. તેને નાનપણમાં ઠીકઠીક કેળવણી મળી. નાનપણથી જ તે શાળાની ભીંતો પર લીસોટા કરતાં પોતાનો અંતરનો શોખ પૂરો કરતો; આ બાબત વડીલોનો ઠપકો પણ મળતો !

એ વયમાં તેને રીચર્ડસન નામના ચિત્રકારે લખેલી 'ચિત્રકળાનું રહસ્ય' નામની ચોપડી વાંચવા મળી. તેનાથી તેનું મગજ સળગી ઊઠ્યું. તેમાં લખ્યું હતું કે 'ઇંગ્લંડના ચિત્રકારો જ્યારે દેશ ને કળાનું ગૌરવ સમજી ઉચ્ચાશયો પ્રાપ્ત કરવા મથશે ત્યારે જ શિષ્ટ, ભવ્ય ને ઉત્તમ રૂચિ ઇંગ્લંડની કળામાં પ્રકટ થશે.' રેનૉલ્ડ્ઝને એ વાંચીને ઇંગ્લંડની કળાને બીજી સંસ્કારી પ્રજાઓની કળાની બરોબર સ્થાન અપાવવાની મહત્ત્વાકાંક્ષા જાગી.

તેના સત્તરમે વર્ષે કુટુંબમાં ચર્ચા થઇ કે તેણે ડાક્ટર બનવું કે કળાનો અભ્યાસ કરવો ? છેવટે એક સ્નેહીએ તેને ઇ. ૧૭૪૦ના ઑક્ટોબરમાં લંડનના હડસન નામના ચિત્રકાર પાસે મૂકવાની ગોઠવણ કરી આપી. એ પણ તેના જ પ્રાંત ડેવનનો હતો. તેની પાસે તેણે ધંધાને લગતી ઠીક તાલીમ મેળવી. થોડા જ વખતમાં હડસનને લાગ્યું કે આ વિદ્યાર્થીને પોતાની પાસેથી આપવા જેવું કંઇ રહ્યું નથી, એટલે કંઈક બ્હાને તેને એણે જુદો પાડ્યો.

રેનૉલ્ડ્ઝના પગમાં આ વખતે જોમએ તેવું જોર આવી ગયું હતું, એટલે તેણે જુદો સ્ટુડિયો કાઢ્યો. છતાં પોતાના સૌજન્યથી હડસન સાથેનો નાતો તો બરાબર જાળવી રાખ્યો. તેણે એ વખતમાં ઘણી તસ્વીરો દોરી ને ખુબ નામના મેળવી. લંડનના પ્રવીણ ચિત્રકારોમા તે પણ ભળતો. પરંતુ તેનો જીવ તો હજુ પણ કોઇ વધુ પ્રભાવશાળી જીવન માટે ઝંખતો. ૧૭૪૯માં તેનું એ સ્વપ્ન સાચું કરી આપનારી તક મળી ગઇ.

કૅપ્ટન કીપલ નામના એક જુવાન વહાણવટી સાથે તેને મૈત્રી થઇ. જોશુઆના વિચારો જાણી તેને તેણે પોતાના જહાજમાં લઈ જઇને ભૂમધ્ય સમુદ્ર મારફતે ઇટાલીમાં ઉતારવાનું વચન આપ્યું. વચ્ચે માઇનોરકા ખાતે તે થોડું રોકાયો. તે વખતે ઘોડા ઉપરથી પડવાથી તેના હોઠ પર સખત જખમ થયો અને તે કાયમ તવો જ રહ્યો. છેવટે તે રોમ પહોંચ્યો અને મહાન કલાકારોની જગવિખ્યાત અને કલાસૃષ્ટિમાં અમર એવી ભવ્ય કૃતિઓ વચ્ચે પોતે પોતાની જાતને હાજર જોઇ ધન્ય માનવા લાગ્યો.

રોમની એ મહાન કલાકૃતિઓમાંથી તેણે રહસ્ય ખેંચવા માંડ્યું. તેણે જાતજાતની નોંધો કરી; ઉપયોગી ભાગોની બારીક નકલો તથા અભ્યાસ કર્યાં. પરિણામે તેનામાં અતિ સૂક્ષ્મ કલાપરીક્ષા ને સુરૂચિ પ્રકટ થયાં. તે લખે છે કે 'કલાની ઉત્તમતાઓનો રસાસ્વાદ લેવાની શક્તિ શ્રમસાધ્ય વિષય છે એમ મારો પાકો મત થયો છે. એ શક્તિ લાંબા વખતની ખીલવણી, મહાપ્રયાસ અને એકાગ્રતા વિના કોઇને મળવાની નથી.'

માઇકિલ ઍન્જેલો અને રાફેલની કૃતિઓ તો તેને મન તીર્થસ્થાન જેવાં થઇ પડ્યાં. તે રોમમાં રહ્યો ત્યાં સુધી રોજ તેની ઉપાસનામાં રહેતો. તેણે તેમની કશી નકલ કરી નથી, છતાં પોતાનાં પ્રવચનો ને પત્રોમાં તેમના પ્રતિ માનની લાગણી ઊભરાઇ જતી લાગે છે.

માઇકલ ઍન્જેલો એટલે એને મન કળાનું સર્વોચ્ચ ભવ્ય શિખર. તેને એ ચિત્રકળાનો હોમર કહે છે. યૂરીઝી માટે એણે પોતાની છબી જાતે ચીતરી છે (જે આ લેખ સાથે આપવામાં આવી છે.) તેમાં ટેબલ ઉપર માઇકલ ઍન્જેલોનું ડોકું એણે ચીતર્યું છે; પોતાના છેલ્લા કલાપ્રવચનમાં વિદ્યાર્થીઓને છેલ્લો શબ્દ કહ્યો તે માઇકલ ઍન્જેલોનું નામ છે; પોતાની મહોરમાં યે એ માઇકલ ઍન્જેલોનું ડોકું પાડતો. ફ્લૅક્સમૅને એનું બાવલું કર્યું, તેમાં યે ટેકાના થાંભલા પર એણે ઍન્જેલોનું ડોકું પડાવ્યું. છતાં એની ચિત્રકળામાં માઇકલ ઍન્જેલોની અસર ક્યાંય પણ દેખાતી નથી, ઊલટું મિઠાશ, મનોરમ છટા અને સાદી રચનામાં રાફેલની અસર તેના કામમાં વધારે જણાય છે.

જેણે ઈંગ્લંડની ચિત્રકળામાં સંસ્કારિતાનો પ્રાણ અને તેના ચિત્રકારોમાં

રોમના વેટીકના ચિત્રસંગ્રહમાં સખત પરિશ્રમથી અભ્યાસ માટે નકલો ઉતારતાં તેને પવનની ઝડી લાગતાં કાનફૂટ થઇ ને તે બહેરો થયો. આથી તે જીવ્યો ત્યાં સુધી સાંભળવાને તેને કાને ભૂંગળું ધરવું પડતું.

વેનીસમાં પણ તેણે ખૂબ નોંધો કરી. તે બધી આજ પર્યંત કુશળ અવલોકનકાર તરીકે તેની પ્રતીતિ આપે છે. ઘર તરફ આવતાં વચમાં તેણે કેટલોક વખત પારીસનાં ચિત્રાલયોમાં ગુજાર્યો. રોમની મહાન કૃતિઓ તાજેતરમાં તેણે જોએલી એટલે પારીસની એ વખતની કળા તેને ઉછાંછળી અને નાલાયક લાગી. અંતે ઈ.સ. ૧૭૫૨ના ઑક્ટોબરની ૧૬મી તારીખે તે લંડન પહોંચ્યો અને થોડા જ મહિના શાંતિના ગુજારી લંડનમાં આવી પોતાની અતુલ ઉદ્યોગી કારકિર્દીની શરૂઆત કરી.

ઈ. ૧૭૫૩માં ત્રીસ વર્ષની ભર જુવાનીએ રેનૉલ્ડ્ઝ આશાભરી ઉત્સાહી લાગણી અને ઉચ્ચાદર્શભરી કૃતિઓ માટે ઇંતેજાર બની કામે ચડ્યો ત્યારથી તે છેવટ સુધી તે ચિત્રકારોનો શિરોમણિ રહ્યો. ઇંગ્લંડના કલામીમાંસક રસ્કિને તેને જગતના સાત રંગપ્રવીણ ચિત્રકારોમાં ગણ્યો છે. તેની ચિત્રશૈલી ભવ્ય કરવાની તેની ઇંતેજારી



ભવ્ય કલાકૃતિઓનો સર્જક, પ્રાચીન ઇટાલીનો મહાન શિલ્પી અને ચિત્રકાર માઈકલ ઍન્જેલો, જેની કૃતિઓ રેનૉલ્ડ્ઝને મન સદા ઉપાસ્ય અને પ્રેરણાસ્થાન સમી હતી.

પાર વગરની હતી. ભવ્ય શૈલીનો તેનો અર્થ આવો છે: 'એક ગંભીર વસ્તુ લઇને કવિત્વમય કલ્પનાથી ઉત્તમ આત્મા તેને આલેખતાં સાદી અથવા કડક રીતે આલેખે છે ત્યારે તે ભવ્ય બને છે.' પરંતુ રેનૉલ્ડ્ઝ આવી ઝંખના છતાં હમેશાં માનવ તસ્વીરોના કામમાં જ જીવનભર રોકાઇ રહ્યો અને તે જ કામ માટે તેનું જીવન નિર્માયું હતું એમ જ લાગે છે. એની ખરેખરી શક્તિ એમાં જ પ્રકટી છે.

ચરિત્રાલેખન અને પ્રભાવ બતાવવામાં તે એક્કો હતો. બાલપણનું લાલિત્ય કે કૌમારની મધુરતામાં દેખાતી જીવનની ફૂટતી ટશરો; બાળકો સહિત અત્યંત સુકોમળ મોહિનીભર્યું માતૃત્વ, પાનખરની સુંદરતા જેવું વૃદ્ધત્વ,--આ બધું જેવી સચોટતાથી તેણે ચીતર્યું છે એવું કદી કળામાં કોઇએ બતાવ્યું નથી.

રસ્કિને તેને તસ્વીરબાજોનો નાયક કહ્યો છે. તેણે તસ્વીરી કળાને જો અવગણી હોત તો આજે કદાચ તેનું નામ ભાગ્યે જ અમર રહ્યું હોત! કેટલાક ઐતિહાસિક ને ધાર્મિક ચિત્રપ્રસંગો પર પણ તેણે હાથ અજમાવ્યો છે; પરંતુ તેમાં તેની કળાની પરિસીમા છતી થઇ જાય છે. આવાં ચિત્રો હાથ પર લેવામાં તેની માન્યતા હતી કે ગૌરવભર્યા ચિત્રવિષયો અને ચીતરવાની છટા વિના ઇંગ્લંડમાં કળાનો ઉત્કર્ષ અશક્ય છે. એમ છતાં તે નમ્રતાપૂર્વક કહેતો કે 'ભવિષ્યની કળાકૃતિઓ આગળ આપણી આજની કૃતિઓ બાલચેષ્ટા જેવી જ લાગશે.'

તેનો પરમ મિત્ર ડૉ. જ્હૉન્સન ચિત્રકળામાં કંઇ સમજતો નહિ તેમજ તે વિષયમાં ભાગ્યે જ માથું મારતો; છતાં તેની સૂક્ષ્મ વિચારશક્તિથી તે કહેતો કે 'રેનૉલ્ડ્ઝની શક્તિઓ પિછાન સાચવનારી, સુકુમારતા તાજી રાખનારી અને મૃતનાં સંસ્મરણ જાળવનારી તેમ જ હયાતી ચાલુ રાખનારી નીવડી છે: તેને બદલે કાલ્પનિક વીરો, હવાઇ દેવદૂતો ને વાર્તાની ખોટી ભભક ચીતરવામાં એ પડે એવું હું ઇચ્છતો નથી.'

ઇ. ૧૭૫૨થી ૧૭૮૯ સુધીમાં રેનૉલ્ડ્ઝની પીછીએ બે પેઢીના ચહેરા અને ચારિત્ર્ય આલેખ્યાં. સૌંદર્યવતી સન્નારીઓ, આગેવાન રાજપુરુષો, પંડિતો, નટનટીઓ અને એ યુગના આગળપડતા નામચીન શોખીનો રેનૉલ્ડ્ઝની ચપળ કલમે જેવાં જીવતાં રાખ્યાં છે એવાં

પ્રતિષ્ઠાની અસ્મિતા પ્રકટાવી ત્યાંના લોકજીવનમાં કળાની ઉત્કૃષ્ટતા સ્થાપી

કોઇનાં વર્ણનોથી રહેત નહિ.

પોતાના મહાન ઉદ્યોગમય જીવનનાં ૩૬ વર્ષોમાં તેણે લગભગ ૩૦૦૦ જેટલી તસ્વીરો ઉતારી! તેના ચિત્રપટ સામે બેસવાને એક પછી એક પાત્રો નિયમિત સમય પ્રમાણે હાજર જ રહેતાં. ખુરશી ખાલી કરી એક વ્યક્તિ જાય કે બીજી આવી જ હોય. અતિશય મહાવરાથી તેનામાં ચપળતા અને લાઘવ સહજમાત્ર બની ગયાં હતાં. રસ્કિને તેને એ યુગના તસ્વીરબાજનો તાજ અર્પેલો છતાં તે પોતે સ્પેનના વેલાઝ્કવીની કદર કરતાં કહેતો કે 'જે ક્રિયા આપણે અતિ શ્રમે કરીએ છીએ તે વેલાઝ્કવી નિમિષમાત્રમાં કરી દેતો.'

આટલું બધું કામ કરનાર પોતાની છબીઓ ચીતરવામાં તે શા માટે કમીના રાખે? તેણે પોતાના હાથે દોરેલી પોતાની જ તસ્વીરો લગભગ સો જેટલી કરી હતી; અને તે પરથી તે જુવાનીથી માંડી ઉમરે પહોંચ્યો ત્યાં સુધીનો સાચો માનવી નિરખવાની આપણને તક મળે છે. તે કદી વૃદ્ધત્વ પામ્યો લાગતો જ નથી; જોકે તેણે ભાગ્યે-જ આરામ કે અણોજો પાળ્યાં લાગે છે!

તેના સ્ટુડિયોમાં એ યુગના મહાપુરુષો વારંવાર મળતા અને રેનૉલ્ડ્ઝની સંસ્કારી સોબત તથા વાતચીતનો આનંદ ભોગવતા. ડૉ. જ્હૉન્સન તસ્વીર માટે ખર્ચ કરી શકે એવી સ્થિતિનો નહોતો, છતાં રેનૉલ્ડ્ઝે તેના તરફના માન અને પ્રેમથી તેની લગભગ સાતેક તસ્વીરો ઉતારી. એક તો તેણે બોઝવેલને ભેટ કરી હતી. એ ચરિત્રલેખક અને રેનૉલ્ડ્ઝે મળીને એ મહા પંડિતની યાદગીરી અમર કરી ભવિષ્યની પ્રજા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

બોઝવેલ તેનો બહુ અંગત મિત્ર બન્યો નહોતો, છતાં ડૉ. જ્હૉન્સનનું ચરિત્ર લખી તેણે રેનૉલ્ડ્ઝને જ અર્પણ કર્યું. બોઝવેલને રેનૉલ્ડ્ઝ પાસે પોતાની તસ્વીર કરાવવાનું બહુ મન હતું. એટલે એક પત્ર લખી તેને જણાવ્યું કે પોતે ગરીબ હોવાથી પૈસા તરત આપી શકશે નહિ, પણ થોડા જ વખત પછી પોતે બૅરિસ્ટરની પરીક્ષામાં પાસ થશે, એટલે પહેલી કમાણીમાંથી તે ભરી દેશે; માટે રેનૉલ્ડ્ઝ કે પોતે કે કોઇ પણ મરી જાય તે પહેલાં ચિત્ર કરી આપવા દયા કરે! રેનૉલ્ડ્ઝને બોઝવેલની પહેલી કમાણીમાંથી કંઈ મળ્યું



રેનૉલ્ડ્ઝ: કુમાર વયમાં—સ્વકૃતિ

કે નહિ તે તો જણાયું નથી, પણ તેના હાથનું કરેલું બોઝવેલનું ચિત્ર ઇંગ્લંડની નૅશનલ ગૅલેરીમાં છે.

રેનૉલ્ડ્ઝની ઉદારતા ને આતિથ્ય બહુ યથોચિત વર્ણવાયાં છે. કળા ને સાહિત્યના ખાં તેને ઘેર મિજબાનીઓ પામતા. આટલાં વૈભવસમૃદ્ધિ, કીર્તિ ને સંસ્કારનો મુકુટ ધરાવતો છતો તે આજન્મ અપરિણિત રહ્યો હતો.

ઇ. ૧૭૬૮માં રૉયલ ઍકેડેમીનું બંધારણ કાયમ માટે નક્કી થયું તે વખતે બધા કલાકારોએ એક મતે પહેલા પ્રમુખ તરીકે તેને ચૂંટી કાઢયો. આ પરથી ઇંગ્લંડની કલાસૃષ્ટિમાં રેનૉલ્ડ્ઝ કેટલો આગળપડતો પુરુષ હતો તે સમજાશે. તેની ચિત્રશક્તિ, સામાજિક પ્રતિષ્ઠા અને પદવી રાષ્ટ્રીય કળાની પ્રગતિ સાધનારી કોઇ પણ સંસ્થાના મોવડી તરીકે તેને લાયક ઠરાવે એવાં જ હતાં.

ઍકેડેમી સ્થપાઇ તે પહેલાં ઈંગ્લંડમાં કળાનું શિક્ષણ ખાનગી સ્ટુડિયોમાં ફી ભરીને વિદ્યાર્થીઓ મેળવી શકતા. કોઇકોઇ નાની શાળાઓ જેમતેમ ગોઠવેલી રીતોથી ડ્રૉઈંગ શીખવતી. આ શાળાઓનો ખર્ચ પણ ભાગ્યે જ નીકળતો. એમ છતાં તેની ફી વિદ્યાર્થીઓને બહુ ભારે પડતી.

ઇ. ૧૭૫૩માં રેનૉલ્ડ્ઝને ઇટાલીના પ્રવાસમાંથી આવ્યાને માત્ર દસ જ માસ થયા હતા તેવામાં બેત્રણ

મિત્રોની સાથે મળી ચિત્રકળા, શિલ્પ અને સ્થાપત્યના સમુદ્ધાર માટે જાહેર વિદ્યાલય સ્થાપવાનો પહેલો પ્રયાસ તેણે કર્યો. એક ખાનગી સર્ક્યૂલર (પરિપત્ર)થી કલાકાર મિત્રોને ભેગા કર્યા અને સભ્યો વગેરેનું બંધારણ કરી પૈસાનો ફાળો કરી વિદ્યાર્થીઓ માટે મકાન તથા શિક્ષણનો પ્રબંધ કરવાની વાતો થઇ. પણ એ વખતે એ વાતો જ રહી. તેનું કંઇ ફળ નીપજ્યું નહિ.

ફરીવાર ઇ. ૧૭૭૫મા તેણે એ વખતની જાણીતી એક સાહિત્ય પરિષદને એ કામ ઉપાડી લેવા પત્ર લખ્યો. પણ તેના સભ્યોએ અનેક જાતની વિચિત્ર શરતોથી પોતાનો કાબુ રાખવાનું જણાવ્યું એટલે તે યોજના પણ પડતી મૂકાઇ.

ઇ.સ. ૧૭૬૦માં પહેલવહેલું એક જાહેર ચિત્રપ્રદર્શન થયું. તેની સફળતાથી ઉત્સાહિત થઇને તે પછી ઇ. ૧૭૬૨ની સાલમાં પ્રદર્શનનું કૅટલૉગ છપાયું તેમાં રૈનૉલ્ડ્ઝના કહેવાથી ડૉ. જ્હૉન્સને પ્રસ્તાવના લખી. લોકોએ પ્રદર્શન જોવાની એક શિલિંગ ફી ખર્ચી અને કૅટલૉગ માટે છ પેન્સ ખર્ચ્યા. ઇ. ૧૭૬૫માં એ સંયુક્ત ચિત્રકાર મંડળ શાહી પરવાનાથી 'સોસાએટી ઑફ ધી આર્ટિસ્ટ્સ ઑફ ગ્રેટબ્રિટન' એવું નામ પામ્યું અને પ્રમુખ, ઉપપ્રમુખ ખજાનચી વગેરેની નિમણુકો થઇ. પણ તેઓની અંદરઅંદરની ઈર્ષ્યાઓ અને તકરારો જોઇ રૈનૉલ્ડ્ઝે રાજીનામું આપ્યું. તે પરથી બીજા કેટલાક પ્રસિદ્ધ ચિત્રકારો પણ ખસી ગયા.

પણ પછીથી કેટલાક મિત્રોએ સાહિત્ય પરિષદ આગળ જે સ્વરૂપમાં ઍકૅડેમીનો ખરડો મૂકયો હતો તેનો તે જ, નામદાર આગળ રજુ કર્યો. એ વખતે રૈનૉલ્ડ્ઝ જાણી જોઇને પડદા પાછળ રહ્યો હતો. છતાં રાજાજીએ બધી યોજના સ્વીકારી લીધી અને ત્રીસ ચિત્રકારોની સભાએ એક મતે રૈનૉલ્ડ્ઝને પહેલા પ્રમુખ તરીકે જાહેર કર્યો. એમાં પણ રાજસંમતિ મળી અને તેને નાઈટ બનાવ્યો. ઇ.સ. ૧૭૬૮ની ૧૪મી ડિસેમ્બરે તેના પ્રમુખપદ નીચે રૉયલ ઍકૅડેમીની પહેલી બેઠક થઈ. સર જોશુઆનું વય તે વખતે ૪૫ વર્ષનું હતું.

શાહી આશ્રય નીચે સદ્ધરપણે સ્થપાએલી અને કલાવૃદ્ધિ માટે સક્રિય કામ કરનારી આવી સંસ્થા થવાથી રૈનૉલ્ડ્ઝને પરમ સંતોષ થયો. તેની પ્રગતિ માટે તે તનમનધનથી કામ કરવા લાગ્યો ને તે પછીના વીસ વર્ષના ગાળામાં ઍકૅડેમીના સભ્યો ને વિદ્યાર્થીઓ સમક્ષ તેણે પંદર સુપ્રસિદ્ધ પ્રવચનો આપ્યાં. એનું અસાધારણ પ્રવૃત્તિમય જીવન જોતાં તે તૈયાર કરતાં તેના સમય ને મગજ પર વધુપડતો શ્રમ પડ્યો જ હશે.

લગભગ વીસ વર્ષ સુધી, એણે સમાજની મુલાકાતો પર કાપ મૂકીને, ખાનગી કામનો પણ ભોગ આપીને ઍકૅડેમી પ્રતિની પોતાની ફરજો ઉઠાવી. તે પોતે, કલાકાર મિત્રો અને સંસદના સભ્યો એમાં શિક્ષકો તરીકે કામ કરતા. પ્રદર્શનો ભરવાને પણ પૂર્ણ ઝહેમત ઉઠાવતા અને તેના નામને સાર્થક બનાવવા કોઇ રીતે જંપતા નહિ. પ્રદર્શનોમાં તે પોતાનાં ચિત્રો ખાસ નબળી જગ્યાએ મૂકાવતો, જેથી સારી જગ્યા પર બીજાઓનાં ચિત્રો રજુ થાય અને કોઇને અસંતોષ ન રહે. આવું દૃષ્ટાંત તેની પછીના પ્રમુખો નથી રાખી શકયા.

તેની જ ભલામણથી ડૉ. જ્હૉન્સનને ઍકૅડેમીના પ્રાચીન સાહિત્યના વ્યાખ્યાતા નીમ્યા અને ડૉ. ગોલ્ડસ્મિથને પ્રાચીન ઇતિહાસના વ્યાખ્યાતા બનાવ્યા. ઉપરાંત સર્વ સભ્યોનું વાર્ષિક સહભોજન (ઍકૅડેમી ડિનર) ગોઠવી શોભા અને સુજનતાનો કળશ મૂકયો.

મિત્ર–ચિત્રકારો સાથે તે બહુ નમ્રતાથી અને ઉદારતાથી વર્તતો. ગેઇન્સબરોની સાથે તેને વચમાં ગેરસમજ થઇ હતી; છતાં તે કહેતો કે ગેઈન્સબરો ઇંગ્લંડનો પહેલો ખરો દૃશ્ય ચિત્રકાર છે. પાછળના સમયમાં એ બંને વચ્ચે સલાહ થઇ ગઇ હતી. ગેઇન્સબરોએ મૃત્યુ પહેલાં તેને એક વાર મળવા તેડાવ્યો. તે વખતે એ બે મહાન પુરુષો વચ્ચેથી ઇર્ષ્યા, કડવાશ, ગેરસમજ બધાં જ પીગળી ગયાં. ગેઇન્સબરોની મૃત્યુશિબિકા ઉપાડી રૈનૉલ્ડ્ઝે તેને કબર સુધી સાથ આપ્યો અને પાછળથી ઍકૅડેમીના ભાષણમાં તેને માટે ખરા શોકોદ્‌ગાર અને સન્માનવચનો કહ્યાં.

લગભગ એક પેઢી સુધી તેણે ખરા જીગરથી ઍકૅડેમીની સેવાઓ ઉઠાવી. તેના સહભોજન સમયનાં પ્રવચનોથી તેણે સુપ્રસિદ્ધ પુરુષોને ઍકૅડેમી તરફ આકર્ષ્યા. પણ દિલગીર થવા જેવી વાત છે કે તેની આંખનું તેજ ગુલ થવાથી અને અશક્ત અવસ્થાની વખતે જ બીજા સભ્યો જોડે તેને મનભેદ થવાથી એ સંસ્થામાંથી તેણે રાજીનામું આપ્યું.

[અનુસંધાન આગળ પૃ. ૪૫૪ મે]

જગતને કલ્પનાની પાંખ પર બેસાડી વિજ્ઞાનની આંખવડે આજથી અરધી સદી ઉપર આજની સૃષ્ટિ હૂબહૂ બતાવનાર મશહૂર ફ્રેન્ચ લેખક જુલે વર્નની

સાહસ કુતૂહલ ને બુદ્ધિકૌશલભરી

ચાલુ વાર્તા

ભેદી ટાપુ



●મોજાંના આઘાતથી એકાએક બલૂને ઝોક ખાધો અને કૅપ્ટન હાર્ડિંજ પોતાના કુતરા સાથે દરિયામાં ઊડી પડ્યા. ભાર હલકો થવાથી તરત બલૂન દોઢેક હજાર ફૂટ ઊંચે ચડ્યું.

ચિત્રો આલેખનાર : રવિશંકર પંડિત

ઇ.સ. ૧૮૬૫ની સાલમાં અમેરિકામાં ત્યાંના વતનીઓમાં બે પક્ષ પડ્યા ને અંદરઅંદર એક ભયંકર લડાઇ થઇ. આ લડાઇ 'વૉર ઑફ સેસેશન'ના નામથી ઓળખાય છે. એ સાલના ફેબ્રુઆરી મહિનામાં એક પક્ષના સેનાપતિ જનરલ ગ્રાન્ટે રિચમંડ ફરતો ઘેરો ઘાલ્યો. રિચમંડ શત્રુની રાજધાનીનું શહેર હતું. જનરલ ગ્રાન્ટે શહેરને ઘેર્યું તો ખરું, પરંતુ તેમાં તે ફાવ્યો નહિ. ઊલટું તેના ચુનંદા સૈનિકો શત્રુને હાથે પકડાયા. તેઓમાં સૌથી વધારે પ્રસિદ્ધ કૅપ્ટન સાયરસ હાર્ડિંજ હતો. સાયરસ હાર્ડિંજ મોટો એન્જીનીઅર હતો. તેનું વતન મૅસેચ્યુસેટ પરગણામાં હતું. યુદ્ધ સમયે તેને નવી રેલવે લાઇન ખોલવા ઉપર નીમેલો.

સાયરસ હાર્ડિંજની ઉંમર લગભગ ૪૫ વર્ષની હશે. તેનું શરીર હૃષ્ટપુષ્ટ અને ચહેરો સુડોળ હતો. આંખો તેજસ્વી અને માથું મોટું હતું. તેને જોતાં જ મનમાં થતું કે એ કોઇ બુદ્ધિશાળી પુરુષ છે. ભરાવદાર ને ઘાટી એની મૂછો હતી. ચહેરો જોતાં જ કોઇ તીવ્ર બુદ્ધિનો સૈનિક હોય એમ લાગતું. હાર્ડિંજનું મનોબળ પણ અદ્‌ભુત હતું. તે જેવો બુદ્ધિમાન હતો, તેવો જ સાહસી અને કાર્યકુશળ હતો.

આ ઘેરા દરમ્યાન સાયરસ હાર્ડિંજ ઘાયલ થઇને શત્રુને હાથે પકડાયો અને તેને રિચમંડમાં કેદ કરવામાં આવ્યો. બરાબર એ જ વખતે 'ન્યૂ યૉર્ક હેરલ્ડ' પત્રનો ખબરપત્રી ગીડિયન સ્પીલેટ પણ રિચમંડ શહેરમાં કેદ હતો. આ યુદ્ધમાં તેને ખબરપત્રી તરીકે મોકલવામાં આવ્યો હતો. ચાલતા યુદ્ધ કશાની પરવા કર્યા વિના, માથું કોરે મૂકી રણભૂમિ ઉપર ઊભો રહી કાગળ પેન્સિલ લઇ યુદ્ધના ખબરો તે લખતો. બીજી તરફ શું થતું તેનું તેને ભાન જ નહોતું.

સાયરસ હાર્ડિંજ અને ગીડિયન સ્પીલેટ એકબીજાને નામથી જાણતા, પરંતુ કોઇવાર મળ્યા ન હતા. હાર્ડિંજના ઘા થોડા વખતમાં રૂઝાઇ ગયા અને તે દરમ્યાન ગીડિયન સ્પીલેટ સાથે તેને પરિચય થયો. થોડા વખતમાં જ બંને ગાઢા મિત્રો બની ગયા. અને તે પછી બંનેના મનમાં એક જ વિચાર ઘોળાતો કે અહીંથી શી રીતે છૂટવું? તેઓ સાધારણ કેદીની જેમ કેદ ન હતા. રિચમંડ શહેરમાં ગમે ત્યાં ફરવાની તેમને છૂટ હતી. પરંતુ શહેરની આસપાસ ચોકીપહેરો હતો, એટલે અંદરથી બહાર જવું અશક્ય હતું.

એક દિવસ કૅપ્ટન સાયરસનો જૂનો નોકર એકાએક આવીને તેની સામે ઊભો રહ્યો. આ નોકર હબસી હતો. તેનાં માતપિતા કૅપ્ટનની જાગીરદારીમાં જ રહેતાં. સાયરસ હાર્ડિંજે પહેલેથી જ તેને પોતાની નોકરીમાંથી મુક્ત કર્યો હતો, પણ નોકરનો તેના ઉપર એટલો બધો ભાવ હતો કે તેને મુક્ત કર્યા છતાં યે તે તેને છોડી

શક્યો નહિ. તેનું નામ નેબુકચાડ નેઝર હતું, પણ સાઇરસ તેને 'નેબ' કહીને જ બોલાવતો. નેબની ઉંમર ત્રીસેક વર્ષની હતી. તે ઘણો બલિષ્ઠ, કાર્યકુશળ અને ચતુર હતો. સાઇરસ હાર્ડિંજને માટે જરૂર પડયે પ્રાણ આપતાં પણ તે અચકાય તેવો નહોતો.

હાર્ડિંજ કેદ પકડાયા છે એમ સાંભળતાં જ નેબ રિચમંડમાં હાજર થયો. કેટલીયે યુક્તિપ્રયુક્તિ કરી, જીવ સાટેનું સાહસ ખેડી તે શહેરમાં દાખલ થયો હતો, એટલે સ્વામી અને સેવકનો મેળાપ થતાં તેમને કેટલો આનંદ થયો હશે તેનું વર્ણન થઇ શકે નહિ.

ત્યારથી સાઇરસ હાર્ડિંજ, ગીડિયન સ્પીલેટ ને નેબ ત્રણેએ મળીને પલાયન કરવાના વિચારો કરવા માંડ્યા.

રિચમંડ ઘેરાયું. બહાર લડવા ગએલા રિચમંડના સેનાપતિને તેના ખબર હજી સુધી પહોંચ્યા નહોતા. દુશ્મનનો ઘેરો વટાવી સેનાપતિ જનરલ લીને આ ખબર આપવા સૌ આતુર હતા. શહેરમાં એક જૉનાથન ફૉરેસ્ટર કરીને સાહસિક પુરુષ હતો. તેણે એક દિવસ રિચમંડના ગવર્નર પાસે વાત મૂકી કે પરવાનગી આપો તો હું બલૂનમાં ઊડીને બહાર જઇ જનરલ લીને ખબર આપું. અત્યાર સુધી આપણે તેમને એક પણ સંદેશો મોકલી શક્યા નથી, અને સ્થિતિ એવી છે કે હવે બહારની સહાય વિના શહેરને ટકાવી રાખી શકીશું નહિ. જૉનાથનની દરખાસ્ત તરત જ ગવર્નરે સ્વીકારી લીધી.

બલૂન તૈયાર થયું. જૉનાથન પાંચ સાથીઓને લઇ ઊપડી જવા તૈયાર થયો. બલૂનમાં ખાવાની સામગ્રી અને અસ્ત્રશસ્ત્ર બધું મૂકવામાં આવ્યું. ઊપડવાનો દિવસ ૧૮મી માર્ચનો ઠર્યો. રાત્રે વાયવ્ય દિશાનો પવન શરૂ થાય ત્યારે બલૂન ઊપડવાનું હતું.

અઢારમી તારીખની સવાર થઇ. પણ વાયવ્યનો પવન તો જણાતો જ ન હતો. ધીમેધીમે પવનનું જોશ વધવા લાગ્યું અને આખરે તેણે તોફાનનું સ્વરૂપ ધારણ કર્યું. આવા તોફાનમાં બલૂનમાં નીકળવું એટલે સાક્ષાત મૃત્યુના મોંમાં પડવા જેવું જ હતું.

શહેરના એક વિશાળ મેદાનમાં એ જંગી દેહવાળું બલૂન તૈયાર થઇને ચડનારની જાણે રાહ જોતું ઊભું હતું. તોફાનનું જોર કાંઇક નરમ પડે તો જૉનાથન તેમાં ઊપડી જવાનો હતો. પરંતુ ૧૮મી ગઇ ને ૧૯મી પણ વીતી, છતાં ક્યાંયે તોફાન નરમ પડવાનાં ચિહ્ન દેખાયાં નહિ. જમીનમાં મોટામોટા ખીલા ખોડી તેની સાથે બલૂનને દોરડાં વડે મજબૂત જકડી રાખ્યું હતું, કે જેથી તોફાનમાં બલૂન જ ક્યાંક ઊડી ન જાય!

૧૯મીની રાત પણ પસાર થઇ ગઇ. બીજે દિવસે તો પવનનું તોફાન ઊલટું બમણું થયું. આ સ્થિતિમાં બલૂનની મુસાફરી અટકાવવી પડી.

તે જ દિવસે એન્જીનીઅર સાઇરસ હાર્ડિંજ શહેરમાં ફરવા નીકળ્યા હતા. એવામાં રસ્તામાં તેમને કોઇએ બોલાવ્યા. બોલાવનાર માણસ તદ્દન અપરિચિત હતો. તેનો દેખાવ નાવિક જેવો હતો. તેનું નામ હતું પેન્ક્રૉફ્ટ. તેનું વય લગભગ પાંત્રીસેક વર્ષનું હતું; બાંધો કદાવર ને શરીરનો રંગ તપાવેલા ત્રાંબા જેવો હતો. પેન્ક્રૉફ્ટ અમેરિકન હતો ને સમુદ્રમાર્ગે આખી પૃથ્વી ફરી વળ્યો હતો. એટલી બધી પ્રાણઘાતક વિપત્તિઓમાંથી તે પસાર થયો હતો કે જેની ગણત્રી જ થઇ શકે નહિ. એ અસીમ સાહસી હતો. વિપદને તો ચપટીમાં ઉડાડી દેતો. પૃથ્વીના પટ પર એવો એક પણ અદ્‌ભુત બનાવ ન હતો કે જે પેન્ક્રૉફ્ટને વિસ્મિત બનાવે.

પોતાના ખાનગી કામે તે રિચમંડમાં આવેલો હતો; દરમ્યાન શહેરને ઘેરો પડતાં તે અંદર સપડાઇ ગયો હતો. મુશ્કેલી આવવાથી ગભરાઇ જાય એવો તો તે હતો જ નહિ. તેણે નિશ્ચય કર્યો હતો કે ગમે તેમ કરીને પણ શહેર બહાર તો જવું જ. એન્જીનીઅર હાર્ડિંજનું નામ તેણે સાંભળ્યું હતું, અને સાથેસાથે એમ પણ જાણતો હતો કે એના જેવો બુદ્ધિશાળી માણસ કેદી તરીકે લાંબો વખત રહેશે નહિ. આ બધો વિચાર કરીને પેન્ક્રૉફ્ટે માર્ગમાં જતાં હાર્ડિંજને પડખે ચડી પૂછ્યું, 'કૅપ્ટન! રિચમંડ શહેરમાં હવે કેટલાંક વખત રહેવું છે?'

હાર્ડિંજ એકીટશે આ અજાણ્યા પૂછનારની સામે જોઇ રહ્યા. પેન્ક્રૉફ્ટ ફરી વાર ધીમા અવાજથી બોલ્યો: 'કૅપ્ટન! હવે નાસી છૂટવાનો ઉપાય કરવો છે કે નહિ?'

હાર્ડિંજે માત્ર એટલું જ પૂછ્યું, 'તમે કોણ છો? તમને તો હું ઓળખતો પણ નથી.'

પેન્ક્રૉફ્ટે પોતાનું ઓળખાણ આપ્યું.

હાર્ડિંજે કહ્યું, 'જવું તો છે જ: પણ અહીંથી નીકળાય શી રીતે? કોઇ ઉપાય છે?'

પેન્ક્રૉફ્ટ બોલ્યો, 'આ મેદાનમાં બલૂન પડ્યું છે તેમાં ઊપડી જઇએ તો? મને તો લાગે છે કે એ જોખમ



કરુણા અને વિનોદિકાની વચ્ચે ખેંચાતો

ડેવિડ ગૅરિક

(ચિત્રકાર - સર જોશુઆ રેનૉલ્ડ્ઝ)

સર જોશુઆ રેનૉલ્ડ્ઝનો સમકાલિન અને મિત્ર ડેવિડ ગૅરિક અઢારમી સદીમાં ઇંગ્લંડનો નામચીન નટ હતો, અને તેની પ્રતિષ્ઠા મોટા વિદ્વાનો તથા કલાકારોના જેવી ગણાતી. સર જોશુઆનો તે પરમ મિત્ર હતો અને તેણે બધી મળીને એની સાત તસ્વીરો આલેખી છે. ગૅરિક વિષેનું એ સમયનું કોઇ પણ લખાણ, વર્ણન કે પ્રશસ્તિ નથી આપી શકતું એટલો આબેહૂબ ખ્યાલ એ તસ્વીરો આપણને આપે છે, અને એ જોવાથી આપણને સ્પષ્ટ સમજાય છે કે એ પેઢીમાં એટલો લોકપ્રિય એ નટ કેમ થયો હશે. નટ તરીકેની ગૅરિકની અતિ લાક્ષણિક અને જટિલ પ્રતિભાનું સાચું દર્શન કદાચ તેની સાતે તસ્વીરોમાં સૌથી વધુ ઉપલા ચિત્રમાં થાય છે. હાસ્ય અને કરુણા બંનેના અભિનય તે એટલી સફળતાથી કરતો કે એ બંનેમાંથી શામાં એ ચડે તે કહી શકાતું નહિ. તેની આ શક્તિ દર્શાવવાને રેનૉલ્ડ્ઝે તેને એ બંને વચ્ચે ખેંચાતો આલેખ્યો છે. એ ચિત્રની એક ખુબી એવી કહેવાય છે કે તમે ડાબી બાજુનો (વિનોદિકા તરફનો) ગૅરિકનો અરધો ચહેરો દાબી દો તો તેનો કરુણા તરફનો ચહેરો વિષાદમય જણાશે; અને કરુણા તરફનો અરધો ચહેરો દાબી દેતાં ડાબી બાજુનો ભાગ વિનોદમય લાગશે. રેનૉલ્ડ્ઝે આ ચિત્ર એક જ અઠવાડિયામાં પૂરું કર્યું હતું.



પ્રવાસ

ફોટો · આબીદગિયાં સૈયદ



આપણી જ રાહ જુએ છે!'

પેન્ક્રોફ્ટને લાંબી વાત કરવાની જરૂર ન હતી. હાર્ડિંજ તરત જ બધું સમજી ગયા. જોશમાં પેન્ક્રોફ્ટનો હાથ દબાવી એ તેને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં જઈને બંનેએ પરસ્પર ખૂબ વાતો કરી. વાત તો સહેલી હતી, પણ કામ જીવ સટોસટનું હતું. આવા વાવાઝોડામાં બલૂનમાં નીકળવું એટલે મોત માગી લેવા જેવું જ હતું. એ બધું હોવા છતાં સાયરસ હાર્ડિંજ જેવો ચતુર એન્જીનીઅર આવા તોફાનમાં પણ બલૂન ચલાવી શકશે એવી પેન્ક્રોફ્ટને ખાત્રી હતી.

હાર્ડિંજે પેન્ક્રોફ્ટની બધી વાત સાંભળી લીધી. આનંદથી તેની આંખો ચમકી ઊઠી. હાર્ડિંજ આવી બારે તક જતી કરે એવો ન હતો. રાતના ઘોર અંધારા-માં પહેરેગીરો હોવા છતાં પણ બલૂન પાસે જતામાં વાંધો આવશે જ નહિ. અને તે પછી બલૂનમાં બેસીને દોરી કાપવી એ તો એક ક્ષણનું કામ હતું. જીવનું જોખમ તો હતું જ, પણ જો આ તોફાન ન હોત તો બલૂન પણ ક્યાંથી મળત? એ તો ક્યારનું રવાના થઈ ગયું હોત! આ બધા વિચારો કરી હાર્ડિંજે કહ્યું, 'પણ હું એકલો નથી.'

'તમે સાથે કેટલા માણસ લેવા ધારો છો?'

'બે જણ. એક મારો મિત્ર ગીડિયન સ્પિલેટ અને બીજો મારો નોકર.'

'ત્યારે તમે ત્રણ અને હું ને હર્બર્ટ: બધા મળીને આપણે પાંચ થયા; અને બલૂનમાં તો છ માણસની જગ્યા છે.'

હાર્ડિંજે દૃઢ સ્વરે કહ્યું, 'તો બસ નક્કી. આજે રાત્રે જ આપણે રવાના થઈશું.'

તેણે તરત સ્પીલેટને બોલાવી આ વાત કરી. તે તો વાત સાંભળતાં જ ખુશખુશ બની ગયો. અને આવો રસ્તો સિવાય પોતાને પહેલો કેમ ન સૂઝ્યો એનું જ એને આશ્ચર્ય થયું. નોકર વિષે તો પૂછવું જ શું? તે તો તેના સ્વામી સાથે જ્યાં જવું હોય ત્યાં જવા તૈયાર જ હતો.

પેન્ક્રોફ્ટે ઊઠતાં ઊઠતાં 'ઠીક ત્યારે, આજે રાત્રે આપણે બલૂન પાસે મળીએ છીએ.'

'હા, રાતના દસ વાગે. પ્રભુ કરે ને ત્યાર પહેલાં તોફાન જરાયે મોળું ન પડે.'

પેન્ક્રોફ્ટે વિદાય લીધી. ઘેર હર્બર્ટ તેની રાહ જોઈને જ બેઠો હતો. બાળક હર્બર્ટ પેન્ક્રોફ્ટના જૂના શેઠ જે વહાણના કપ્તાન હતા તેનો પુત્ર હતો. બીચારો માતા-પિતા વિનાનો હતો ને પેન્ક્રોફ્ટ તેનું પુત્રવત્ લાલન-પાલન કરતો. પેન્ક્રોફ્ટના નાસી છૂટવાના વિચાર તે જાણતો હતો. અને પોતાની યુક્તિ સાયરસને જણાવવા પેન્ક્રોફ્ટ ગયો છે તેની પણ તેને ખબર હતી એટલે તે ઉત્સુકતાથી તેની જ રાહ જોતો બેઠો હતો. આમ પાંચ દૃઢચિત્ત માણસો મૃત્યુના મુખમાં કૂદી પડવા તૈયાર થયા હતા.

વાવાઝોડું ચાલુ જ રહ્યું આવા વખતે જેતનાથને તો બલૂનમાં જવાનું માંડી જ વાળ્યું. સાયરસને તો એ જ ભય હતો કે ન કરે નારાયણ ને રવાના થતાં પહેલાં ક્યાંક તોફાનમાં બલૂન ભાંગીને ભૂકો થઈ જાય! આવા વિચારથી તે તો સમીસાંજનો ત્યાં જઈ આંટાફેરા મારતો હતો. આવા તોફાનમાં બહાર પણ કોણ નીકળે? એટલે આસપાસ બધું નિર્જન હતું. થોડીવારે પેન્ક્રોફ્ટ પણ ત્યાં આવી પહોંચ્યો અને સમય ગાળવા માટે તેણે પણ સાયરસ સાથે આંટાફેરા મારવામાં સાથ પુરાવ્યો. તેને



ગીડિયન સ્પિલેટ

પણ એ જ બીક હતી કે બલૂન ક્યાંક ભાંગી જાય તો આખી બાજી ઉપર પાણી ફરી વળે.

રાત્રિ થઇ. ચોમેર ભયંકર અંધકાર પ્રસરી રહ્યો. આવા સમયે તે બલૂન પાસે પહેરો ભરવાનું કોને જરૂરનું લાગે ? વરસાદ તો વરસતો જ હતો, અને તેમાં વળી હવે બરફ પણ પડવા લાગ્યો. ઠંડી હવા કાળજા સોંસરી નીકળી જતી હતી. આખા રિચમંડ શહેર ઉપર ઘાડું ધુમ્મસ છવાઈ રહ્યું હતું. ભગવાને જાણે કૃપા કરીને જ આ સાહસિક લોકોને જવાનો સુયોગ કરી આપ્યો હતો !

રાતના સાડાનવ વાગતાં તો બધા હાજર થઈ ગયા. અંધારામાં બલૂન પૂરૂં દેખાતું પણ ન હતું. હાર્ડિંજ, સ્પિલેટ, નેબ ને હર્બર્ટ મૂંગામૂંગા બલૂનમાં ચડી બેઠા. પછી હાર્ડિંજના કહેવાથી બલૂનની દોરીઓ પેન્ક્રૉફ્ટે કાપી નાખી અને પોતે પણ બલૂનમાં બેસી ગયો. માત્ર એક જ દોરડું હવે બલૂન બાંધેલું હતું.

આ જ વખતે અંધારામાં એક કુતરો કૂદીને બલૂનમાં ચડી બેઠો. આ કુતરો હાર્ડિંજનો પ્રિય ટોપ હતો. સાંકળ તોડાવીને પોતાના સ્વામીની સેવામાં તે હાજર થયો હતો. બલૂનમાં બાકુ વજન ન થઇ જાય એટલા માટે હાર્ડિંજ તેને નીચે ઉતારી દેતા હતા, પણ પેન્ક્રૉફ્ટે તેને અટકાવીને કહ્યું, 'એનો તે કેટલો ભાર! રાખો બીચારાને. મારી સાથે રહેશે.' આમ કહેતાં તેણે બલૂનમાંથી રેતીની ભરેલી બે કોથળીઓ નીચે નાખી દીધી અને છેલ્લું દોરડું પણ કાપી નાખ્યું એ કાપતાં વેંત જ કમાનમાંથી તીર છૂટે તેમ બલૂન સડસડાટ કરતું ઉપર ચડ્યું. તેનો ધક્કો લાગવાથી વચ્ચે બેત્રણ ઘરની ધુમાડાની ચીમનીઓના ચૂરેચૂરા થઇ ગયા.

પણ પ્રવાસીઓને હવે જ ખરેખરી ખબર પડી કે તોફાનનું જોર કેટલું છે. આખી રાત સુધી તો નીચે ઊતરવાની વાત સાઇરસ મનમાં પણ ન લાવી શક્યા. સવારે નીચે નજર કરી, પણ કશું દેખાયું નહિ. ચારે બાજુ ધુમ્મસ, ધુમ્મસ ને ધુમ્મસ !

આ રીતે પાંચ દિવસ વીતી ગયા. આકાશ જરા ચોખ્ખું દેખાયું. જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી ચોમેર સૌએ નજર કરી તો કેવળ સમુદ્ર ! પવનના ઝપાટાથી મોટાંમોટાં પર્વત જેવડાં મોજાંઓ કાળમૂર્તિ ધારણ કરી ઉન્મત્ત થઇ ગર્જના કરી રહ્યાં હતાં.

'**આ**પણે ઉપર ચડીએ છીએ ?'

'ના, તેથી ઊલટા.'

'નીચે ઊતરીએ છીએ ?'

'તેથીયે ભયંકર. કૅપ્ટન ! આપણે પડીએ છીએ.'

'સત્યાનાશ! તોતો બધી રેતીની કોથળીઓ ફેંકી દ્યો.'

'આ લ્યો, છેલ્લી એક છે તે પણ ફેંકી દીધી.'

'હવે તો બલૂન ઉપર ચડે છે ને?'

'ના.'

'મોજાંઓનો અવાજ સંભળાય છે?'

'બલૂનની નીચે જ સમુદ્ર છે! પાંચસો ફૂટથી વધારે નથી!'

'ભારેભારે વસ્તુઓ બધી જ નાખી દો; બધી જ.'

૧૮૬૫ની ૨૭મી માર્ચે સંધ્યા સમય પહેલાં, પ્રશાંત મહાસાગરના વિશાળ જલરાશિ પર આકાશમાં ઉપરની વાતચીત ચાલતી હતી.

બલૂન ધીમેધીમે નીચે પડતું હતું. અંદર બેસનાર સમજી ગયા હતા કે સમુદ્રના જળમાં પડતાં જ મોજાંના આઘાતથી બલૂનનું અસ્તિત્વ નાશ પામશે. અને સાથે સાથે તેમનો નાશ પણ અનિવાર્ય બનશે. ગમેતેમ છેવટે દારૂગોળો, અસ્ત્રશસ્ત્ર અને ખાદ્યસામગ્રી બધું નાખી દેતા બલૂન હલકું થયું ને સાડાચાર હજાર ફૂટ ઉપર ચડ્યું.

રાત આખી ભયમાં જ પસાર થઇ. ૨૮મી માર્ચનો સૂર્યોદય થયો. પવનનું જોશ મોળું પડ્યું, પણ સાથે એ પણ જણાયું કે બલૂન પાછું નીચે ઊતરવા લાગ્યું

છે અને અસ્થિર બની હાલકડોલક થઇ રહ્યું છે. અંદરથી ક્યાંકથી ગૅસ નીકળી જાય છે તેથી તેની ગતિ ઊલટી થઇ છે! હવે શો ઉપાય? જ્યાં જુઓ ત્યાં સમુદ્ર! જમીનનું નિશાન પણ નહિ. બલૂનને ઉતારવું પણ ક્યાં? એટલે ગમેતેમ કરીને પણ બલૂનની નીચે થતી ગતિ અટકાવવી જ જોઇએ. પરંતુ હજારો ઉપાય કરતાં યે બલૂન તો નીચે જ ઊતરતું હતું. વધારામાં પવનથી તેની દિશા ફરી જઇને હવે ઇશાનને બદલે તે નૈઋત્ય દિશામાં ચાલવા લાગ્યું હતું. હતભાગ્ય મુસાફરોની દશા શોચનીય થઇ પડી. હવે તો બલૂન તેમના એકે ઉપાયને ન ગણકારતાં સ્વાધીન ભાવે ગમે તેમ ઊડવા—આથડવા લાગ્યું.

બલૂનમાં એક જગ્યાએ નાનું સરખું છિદ્ર પડ્યું હતું ને તેમાંથી ગૅસ ધીમેધીમે અવિરતપણે બહાર નીકળ્યે જ જતો હતો. તેને અટકાવવો અસંભવિત હતો. સઘળી વસ્તુઓ ફેંકી દઇ આરોહકો થોડી વાર અદ્ધર રહેવા સમર્થ તો થયા. પરંતુ રાત પહેલાં બીજે ક્યાંયે આશ્રયસ્થાન ન મળે તો મૃત્યુ જ નિશ્ચિત થએલું છે એમ તેઓ માનવા લાગ્યા.

પણ એ પાંચે પ્રવાસીઓ અસીમ સાહસિક હતા. મૃત્યુની પણ પરવા ન કરતાં કોઇપણ રીતે બલૂનને અદ્ધર રાખવાના જ તેઓ પ્રયત્ન કરવા લાગ્યા. બલૂનની ગાડી ટોપલીના આકારે નેતરની ગૂંથેલી હતી. એટલે પાણીમાં પડ્યા પછી એ તરે એવો સંભવ જ નહોતો. બીજા બે કલાક પસાર થયા. દરમ્યાન બલૂનને ને સમુદ્રને ચારસો ફૂટનું જ અંતર રહ્યું. નિર્ભય સ્વરે ફરીવાર વાતચીત શરૂ થઇ.

'બધી જ વસ્તુઓ નાખી દીધી છે ને?'

'ના, એક આ ૨૦૦૦ ડૉલર ભરેલી થેલીછે.' અને એમ કહેતાં તે પણ વહેતી મૂકવામાં આવી.

'હવે બલૂન ઉપર ચડે છે?'

'જરાક, પણ હમણાં પાછું નીચે ઊતરશે.'

'નાખી દેવા જેવું હવે કાંઈ જ નથી?'

'ના; કશું જ નહિ.'

'છે વળી, નહિ શું. બલૂનની ગાડીને જ કાપીને નાખી દો. આપણે સૌ બલૂનની જાળને લટકી જઇશું.

દોરી કાપતાં જ બલૂન એકદમ એક હજાર ફૂટ ઊંચે ચડ્યું.



નેબ

પાંચે પ્રવાસીઓએ જાળની દોરી સાથે મજબૂત આંકડા બીડી રાખ્યા છે. થોડીવાર ઉપર રહી બલૂને ફરી પાછું નીચે ઊતરવું શરૂ કર્યું!

મનુષ્યથી બની શકે એટલા બધા ઉપાયો તેમણે અજમાવ્યા હતા. હવે પ્રભુની કૃપા વિના તેમની રક્ષા અશક્ય હતી. બપોરના ચાર વાગતાં તેમણે જોયું તો બલૂન સમુદ્રથી પાંચસો ફૂટ ઉપર આવી પહોંચ્યું હતું.

સાઇરસ હાર્ડિંજ પોતાના પ્રિય કુતરાને પકડીને બલૂનની જાળ સાથે ટીંગાઇ રહ્યો હતો. એવામાં કુતરો એકાએક ભસવા લાગ્યો.

એક જણ કહે, 'જરૂર ટૉપ કાંઇક જુએ છે.' અને આમ કહેતાં દૂર નજર કરતાં જ તે બૂમ પાડી ઊઠ્યો: 'કિનારો દેખાય છે, કિનારો દેખાય છે.'

બલૂન સવારથી નૈઋત્ય દિશામાં વહેતા પવનથી કેટલા યે માઇલ ખેંચાઇ આવ્યું હતું. તે તરફ ખરેખર જ કિનારો દેખાતો હતો. પરંતુ તે કિનારો હજુ ત્રીસ માઇલ દૂર હતો. એક કલાક પહેલાં ત્યાં પહોંચાય એમ ન હતું; અને તે પણ પવન અનુકૂળ હોય તો જ!

એક કલાક! એટલા વખતમાં તો બલૂનનો બધો ગૅસ બહાર નીકળી જ જાય.

દિલ થથરાવે એવી ભયંકર પરિસ્થિતિ હતી. પ્રવાસીઓ ચોકખું દેખે છે કે દૂર જમીન દેખાય છે. ગમેતેમ કરીને પણ ત્યાં ગયે જ છૂટકો છે. બેટ હો કે ખંડ હો, શું છે તેની કાંઇ જ ખબર નથી. પવનના તોફાને તેઓને

ક્યાંના ક્યાં લાવી મૂક્યા છે. જે હોય તે. પણ ત્યાં જવું તો પડવાનું જ. જનશૂન્ય હોય કે પછી વસવાને પણ લાયક ન હોય તે સાથે તેમને લેવાદેવા ન હતા.

બલૂન હવે આકાશમાં રહી શકતું નહોતું. બલૂનની જાળના છેડાને મોજાંના છાંટા ભીંજાવી રહ્યા હતા. અરધા કલાક પછી જોયું તો કિનારો હજી થોડાક માઇલ દૂર લાગ્યો. આ તરફ ગૅસ ખલાસ થવાથી બલૂન તદ્દન બેસી જવા લાગ્યું. હવે તો તે પ્રવાસીઓનો ભાર પણ ઝીલી શકતું ન હતું. વચ્ચે વચ્ચે જાળનો કેટલોક ભાગ પાણીમાં ડૂબવાથી પ્રવાસીઓ પણ ડબકાં ખાતા જતા હતા.

આ વખતે એકાએક પવનના જોશથી બલૂન વેગથી ચાલવા લાગ્યું. આમાં જો તેઓ કિનારે પહોંચી જાય તો?

બલૂન કિનારાથી આઠેક માઇલ દૂર રહ્યું હશે ત્યાં એકાએક મોજાંના આઘાતથી તે એકદમ દૂર જઇ પડ્યું. અને પડ્યું તે જ ક્ષણે તેનો ભાર કેમ જાણે ઓછો થઇ ગયો હોય તેમ તે દોઢ હજાર ફૂટ ઊંચે ચડી ગયું, ને બે જ મિનિટ પછી તરત જ તે ચકરી ખાતુંખાતું કિનારા ઉપર આવી પડ્યું.

પ્રવાસીઓ પરસ્પરની સહાયથી જાળની દોરીથી મુક્ત થયા. આ તરફ બેસારૂ વિના હલકું થએલું બલૂન કોણ જાણે ક્યાં ઊપડી ગયું કે ફરીવાર દેખાયું જ નહિ.

બલૂનમાં ચડ્યા ત્યારે પાંચ પ્રવાસી અને એક કુતરૂં હતું; પરંતુ કિનારે ઊતર્યા ત્યારે ચાર જ હતા! એક જણ મોજાંના આઘાતમાં તણાઇ ગયું છે એમ બધાને જણાયું. કિનારે આવતાં પહેલાં બલૂન જે એકાએક ઊંચે ચડ્યું હતું તેનું એ જ કારણ હતું. હાર્ડિંજ પોતાના પ્રિય કુતરા સાથે ગૂમ થયા હતા! તેની ચિંતાથી સૌ બોલી ઊઠ્યા: 'તેમને બચાવવા આપણે જલદી જવું જોઇએ. કદાચ તે તરતાતરતા કિનારે આવશે.'

બલૂનને છેલ્લો આંચકો વાગ્યો તે વેળા સાઇરસ હાર્ડિંજના હાથ બલૂનની જાળથી છૂટી ગયા અને તે મોજાંની સાથે તણાયા. તેમને તણાતા જોઇ સ્વામીભક્ત ટૉપ પણ પાછળ કૂદી પડ્યો હતો. ગીડિયન સ્પિલેટ, પેન્ક્રૉફ્ટ, હર્બર્ટ અને નેબ થાકીને લોથ થઇ ગયા હતા, પણ આ વખતે કશું ન ગણકારતાં તેઓ મિત્રની શોધમાં ચાલી નીકળ્યા. નેબના દુ:ખની તો વાત જ ન પૂછવી. પોતાના પ્રાણપ્રિય શેઠને પોતે ખોઇ તો નહિ બેસે એ વિચારથી જ તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. પણ સાઇરસના તણાયા પછી બે મિનિટે જ બધા કિનારે પહોંચ્યા હતા, એટલે સૌને તેને બચાવવાની આશા હતી.

નેબે ઉતાવળ કરી: 'જરા જલદી ચાલો ને!'

'હા, ચાલો. તેમને શોધ્યે જ છૂટકો છે.'

'જીવતા મળશે?'

'જરૂર.'

'તેમને તરતાં આવડે છે?' પેન્ક્રૉફ્ટે પૂછ્યું.

નેબ બોલ્યો, 'હા, ને વળી ટૉપ પણ સાથે છે.

મોજાંઓનું ભયંકર સ્વરૂપ યાદ આવતાં તેને આ વાત ઉપર વિશ્વાસ ન આવ્યો. જે જગ્યાએથી સાઇરસ તણાયા ત્યાંથી કિનારો અરધો માઇલ દૂર હતો.

લગભગ છનો શુમાર હતો. સંધ્યા થવા આવી હતી. ઘાડા ધુમ્મસથી રાત્રિનો અંધકાર બેવડો વધી ગયો હતો. નિરાધાર પ્રવાસીઓ ઉત્તર દિશા તરફ ચાલ્યા જ જતા હતા. કિનારા પર મોટેભાગે રેતી જ હતી. વચ્ચેવચ્ચે ક્યાંક પથરા આવતા હતા, પણ ઘાસનું તો નામનિશાન ન હતું. જમીન ઊંચાનીચી ને અંદર કોતરો તથા બાણો પણ હતી. બાણોમાંથી દર ક્ષણે મોટાંમોટાં પક્ષીઓ ઊડતાં હતાં. વચ્ચેવચ્ચે વળી સંખ્યાબંધ પક્ષીઓ એકસામટાં કર્કશ અવાજ કરતાં ઊડતાં હતાં. પેન્ક્રૉફ્ટને તેમના અવાજ ઉપરથી સમજાઇ ગયું કે એ પક્ષીઓ સી ગલ તથા કૉર્મોરન્ટ વગેરે હતાં.

ચાલતાંચાલતાં તેઓ બૂમ પાડીપાડી હાર્ડિંજને બોલાવવા લાગ્યા, અને કદાચ જવાબ મળે એ આશાએ પાછા ધ્યાન દઇ સાંભળવા લાગ્યા. સાઇરસ કિનારે આવ્યા હશે તો ક્યાંક તો ટૉપનો અવાજ જરૂર સંભળાશે એવી પણ એમને આશા હતી પરંતુ જવાબમા મોજાંઓની ગર્જના સિવાય કશું સંભળાતું નહતું.

આ પ્રમાણે વીસેક મિનિટ ચાલતાં તેઓ કિનારાની છેક સીમા ઉપર જઈ પહોંચ્યા. અહીં કિનારો જરા ભૂશિર પેઠે સાંકડો થઇને સમુદ્રમાં પેસી ગયો હતો.

પેન્ક્રૉફ્ટ: 'અહીં તો હવે છેડો આવ્યો. ચાલો ડાબી બાજુએ જઇશું.'

સમુદ્ર તરફ આંગળી ચીંધી નેબે કહ્યું, 'પણ એ ત્યાં જ હશે તો?'

'તો ચાલો ફરી વાર બોલાવી જોઈએ.'

બધા એક અવાજે બૂમ પાડવા લાગ્યા, 'કૅપ્ટન ક્યાં છો? સાયરિસ હાર્ડિંજ ક્યાં છો?' પણ જવાબ ન મળ્યો.

સૌ બીજી બાજુ વળ્યા. લગભગ બેએક માઇલ ચાલ્યા પછી ઊંચી અને પથ્થરવાળી જગ્યાએ તેઓ આવી પહોંચ્યા. જોયું તો પછી પણ સમુદ્ર જ હતો. એ જોઇ પેન્ક્રૉફ્ટ બોલ્યો, 'આ તો નાનોસરખો બેટ લાગે છે. આપણે એક છેડેથી બીજે છેડે આવ્યા!'

અને ખરેખર હતું પણ તેમ જ. બેએક માઇલ લાંબા અને તેટલા જ પહોળા એક બેટ ઉપર એ પ્રવાસીઓ આવી પડ્યા હતા.

જનમાનવ શૂન્ય આ બેટનો કોઇ મોટા બેટ સાથે સંબંધ હશે કે નહિ? એનો ઉત્તર કોણ આપે?

બલૂનમાંથી તો માત્ર કિનારો જ દેખાયો હતો, ને તે પણ ધુમ્મસને લઇને ઝાંખોઝાંખો. એ વખતે કિનારાનો વિચાર કરવા જેવી સ્થિતિ પણ ક્યાં હતી? પ્રવાસીઓને હવે એટલું સમજાયું કે સ્થાન સમુદ્રથી ઘેરાએલું છે ને તે છોડીને જવાનો કોઇ ઉપાય નથી, એટલે વધારે તપાસ બીજે દિવસે કરવાનું રાખ્યું.

જતાંજતાં સ્પિલેટ બોલ્યો, 'બોલાવતાં જવાબ ન મળ્યો. પણ તેથી કાંઇ ચોક્કસ કહી ન શકાય કે હાર્ડિંજ જીવે છે કે નહિ? કદાચ તેને કાંઇક વધારે ઇજા થવાથી બેભાન થઇને પડ્યા હોય ને તેથી આપણને જવાબ ન મળ્યો હોય. હજી હતાશ થવા જેવું નથી. આપણે એમ કરીએ. એક મોટું તાપણું સળગાવી રાખીએ. હાર્ડિંજ એનો ધુમાડો દૂરથી દેખશે તો તરત સમજી શકશે કે આપણે ક્યાં છીએ.'

ચારે કોર તેમણે ઘણી તપાસ કરી પણ ધૂણી કરવા માટે તેમને ક્યાંય લાકડાં કે સૂકું ઘાસપાન કાંઇ જ મળ્યું નહિ. ચારે તરફ માત્ર એકલી રેતી ને પથ્થર હતા.

હાર્ડિંજ ઉપર સર્વને બહુ જ ભાવ હતો, તેથી તેના જવાથી બધાંને બહુ દુઃખ થયું હતું. લાચારી એ હતી કે તેની આવી દુઃખદ સ્થિતિમાં સહાય કરવાનો અત્યારે એક્કે ય ઉપાય તેમની પાસે ન હતો.

કદાચ હાર્ડિંજ નિર્વિઘ્ને કોઇ સુરક્ષિત સ્થાને પહોંચી ગયા હશે, અથવા તો ચિરકાળને માટે વિદાય લીધી હશે, આવાઆવા અનેક વિચારોમાં આખી રાત્રિ તેઓએ ફર્યા જ કર્યું.

ઠંડી સખ્ત હતી, પણ તે તરફ કોઇનું ધ્યાન જ નહોતું. ધીમેધીમે પવન બંધ પડ્યો, સમુદ્રગર્જના પણ થંભી ગઈ. નેબની એક બૂમનો પ્રતિધ્વનિ પણ સંભળાયો.

હર્બર્ટ બોલ્યો, 'પ્રતિધ્વનિ સંભળાય છે તેથી લાગે છે કે પશ્ચિમ તરફ કાંઇક ઊંચી જગ્યા હોવી જોઇએ. પછી કિનારો હોય કે પર્વત હોય.'

ધીમેધીમે આકાશ સ્વચ્છ થવા લાગ્યું ને તારાઓ ચમકવા લાગ્યા. રાત વીતી પચ્ચીસમી માર્ચનું સવાર પડ્યું. આકાશ વધારે ચોકખું થવા લાગ્યું. હજી ધુમ્મસ તો થોડું હતું જ પણ તે પે પાતળું થતું જતું હતું.

પેન્ક્રૉફ્ટ અને હર્બર્ટ પશ્ચિમ તરફ ઉત્સુકતાથી જોઇ રહ્યા. કદાચ સામે પાર ક્યાંય કિનારો દેખાય તો. પણ પાણી સિવાય બીજું કાંઈ દેખાયું નહિ. તોપણ પેન્ક્રૉફ્ટે કહ્યું, 'આંખથી ભલે ન દેખાય, પણ હું ચોક્કસ કહું છું કે આ પાણીની પેલી પાર કિનારો છે.'

ધુમ્મસ ઊડી ગયું. સામે જોયું તો પૂર્વ દિશા તરફ વિશાળ સમુદ્ર બેટને ઘેરી વળ્યો છે, પરંતુ પશ્ચિમે સામે પાર ખૂબ ઊંચો ને સીધો પર્વત દેખાય છે. બેટ અને પર્વત વચ્ચે અરધો માઇલ પહોળી એક નહેર છે ને એમાંથી જોશબંધ પાણી વહ્યું જાય છે.

આ દૃશ્ય નજરે પડતાં વેંત જ કોઇને ન કાંઈ કહેતાં કે પૂછતાં નેબે નહેરના પાણીમાં ભૂસકો માર્યો ને તરીને સામે પાર જવા લાગ્યો. પેન્ક્રૉફ્ટે તેને ઘણો યે પાછો બોલાવ્યો પણ તે શાનો સાંભળે! સ્પિલેટ પણ નેબની પાછળ જવા તૈયાર થયો. પેન્ક્રૉફ્ટે તેને અટકાવી કહ્યું, 'તમારે સામે પાર જ જવું છે ને?'

'હા.'

'તો થોડી વાર થોભો. હમણાં પાણીમાં પડવાથી પાણીના જોશથી સમુદ્રમાં તણાઇ જવાનો સંભવ છે. મને લાગે છે કે અત્યારે ઓટ છે ને થોડી જ વારમાં પાણી ઓછું થઇ જશે, એટલે પછી સામે પાર જવામાં વાંધો નહિ આવે.' સ્પિલેટને પણ લાગ્યું કે પેન્ક્રૉફ્ટ બરાબર કહે છે.

આ તરફ પાણીના પ્રવાહ સાથે નેબે રીતસર લડાઈ ચાલુ કરી દીધી હતી. નેબ જબરજસ્ત તરીઓ હતો. પ્રવાહ તેને ખેંચી જતો હતો, છતાં લગભગ અરધો કલાક તેની સાથે યુદ્ધ કરી આખરે વિજયી થઇને તે સામે પાર પહોંચ્યો. સામે પાર આરસની દીવાલ

જેવા પર્વત ઉપર થોડી વિશ્રાંતિ લઇ તે પહાડ પાછળ અદ્રશ્ય થયો. તેના મનમાં એમ હતું કે કદાચ નહેરની સામે પાર તેને પોતાના શેઠનો પત્તો લાગે.

બેણે ખાડીમાં ઝંપલાવ્યું તેથી તેના સાથીઓ ચિંતા કરવા લાગ્યા હતા, પરંતુ તેના સામે પાર પહોંચીને અદ્રશ્ય થવા પછી સૌને એમ થવા લાગ્યું કે આપણે પણ જલદી ત્યાં પહોંચી જઇએ તો સારૂં. ભૂખથી પેટમાં તો ગોટા વળતા હતા. પણ ત્યાં ખાય શું ? રેતીમાંથી થોડાક ઝીંના (ઝીણી માછલીઓ) વીણીખાઇને સૌએ થોડીઘણી ભૂખને સમાવી.

સામે નજર કરતાં જાણે મોટો ઉપસાગર પડયો છે. દક્ષિણ તરફથી તેની શરૂઆત થતી હતી અને વચ્ચે ધનુષ્ય પેઠે તે વળેલો હતો. એ ધનુષાકારે વળેલા ભાગની અણી પર જ આરસનો પર્વત હતો. ઉત્તર તરફ તેથી ઊલટું જ હતું. તે તરફ ઉપસાગર આગળ જતાં પહોળો થઈ ગયો હતો. આ બે છેડાની વચ્ચે લગભગ આઠેક માઇલનું અંતર હતું. ઉપસાગરને કિનારેથી અરધો માઇલ દૂર રહેલો આ નાનકડો બેટ જાણે વ્હેલ માછલીનો મૃત દેહ પડયો હોય એવો લાગતો હતો.

ધીમેધીમે ખાડીનું પાણી ઓસરતું ગયું. જોયું તો સામે કિનારે પણ રેતીની વચ્ચેવચ્ચે કાળા પથ્થર હતા. કિનારા ઉપર લગભગ ૩૦૦ ફૂટ ઊંચો આરસનો પર્વત ત્રણેક માઇલ લાંબો પડયો હતો, જે ડાબી બાજુએ સીધો દીવાલ જેવો થઇ ગયો હતો. તેની પેલી પાર ઝાડપાન દેખાતાં હતાં. વાયવ્ય દિશાએ આરસના પહાડની પેલી પાર સાતેક માઇલ ઉપર બીજો એક પહાડ દેખાતો હતો. તેનું શિખર બરફથી ઢંકાઇ ગયું હતું અને તેના ઉપર સૂર્ય કિરણો પડવાથી તે જળહળી રહ્યું હતું. આ સ્થળ કોઇ બેટ હશે કે દેશ હશે તે જાણવાનો બીજો કાંઇ ઉપાય ન હતો. જમણી બાજુ આવેલા ઊંચાનીચા પર્વતોથી એમ જણાતું હતું કે એ બધા ધરતીકંપથી ઉત્પન્ન થયા હશે.

ગીડીયન સ્પિલેટ, હર્બર્ટ અને પેન્ક્રૉફટ સૌ ઝીણી નજરે આ સ્થળનું નિરીક્ષણ કરવા લાગ્યા. કોણ જાણે કદાચ તેમને આ સ્થળમાં લાંબો વખત પણ રહેવું પડે. મૃત્યુ પણ અહીં ન થાય તેની શી ખાતરી ? કારણકે આ સ્થળ જોતાં જ એમ લાગતું હતું કે આ તરફ કોઇક વહાણો જતાંઆવતાં નહોતાં.

લગભગ ત્રણ કલાક પછી પાણી તદ્દન ઊતરી ગયું; નહેરમાં પણ તદ્દન ઓછું થઇ ગયું. અને હવે સહેલાઇથી સામે પાર જઈ શકાય તેમ હતું. દસેક વાગ્યાના શુમારે પોતપોતાનાં કપડાં ઉતારી માથે પોટકી મૂકી તરતાતરતા સૌ સામે પાર જઈ પહોંચ્યા અને તડકામાં થોડી વાર શરીર સૂકવી કપડાં પહેરી, હવે શું કરવું તે વિષે સૌ વિચાર કરવા લાગ્યા. [ચાલુ]

સર જોશુઆ રૅનૉલ્ડ્ઝ (અનુસંધાન પાછળ પૃ. ૪૪૬થી)

અલબત્ત, તેની પસંદગી સામે વિરોધ દર્શાવવાનો સભ્યોને હક્ક હતો. છતાં રૅનૉલ્ડઝ નારાજ થયો. એ પ્રમુખપદ તેમજ સભ્ય તરીકે પોતાનું પદ તજી દૂર થયો. પાછળથી સભ્યોનું ડેપ્યુટેશન તેને મનાવવા ગયું. ગેરસમજ દૂર કરી. તેણે ફરીવાર પ્રમુખપદ સ્વીકાર્યું.

રૉયલ ઍકૅડેમીના વિદ્યાર્થીઓને ઉદ્બોધન આપતાં તેનાં પ્રવચનો બહુ જ વખણાયાં છે. તે શ્રવણ કરવાને અતિ પ્રસિદ્ધ પુરુષો હાજરી આપતા. પહેલાં સાત પ્રવચનો પુસ્તક રૂપે પ્રકટ થયાં એટલે યુરોપનું ધ્યાન તે પર ખેંચાયું. ફ્રેંચ અને ઇટાલિયન ભાષામાં તેના તરજૂમા થયા. આ પ્રવચનો ચિત્રકળાનું સક્રિય શિક્ષણ આપવા લખાયાં નહોતાં. એ કામ તો શાળાના વર્ગોમાં થતું. તેની પાછળ રહેલો રૅનૉલ્ડ્ઝનો ઉદ્દેશ તો કળાની ઉત્કૃષ્ટતા સ્થાપવાનો તથા જનતાને જગાડવાનો હતો, તેમ જ શિષ્ટ અભિરૂચિ પ્રકટાવી વિદ્યાર્થીઓને એ સમયની ભૂલભરી લોકપ્રિયતામાં ઊતરી જતાં અટકાવવાનો હતો.

આ પ્રવચનો વીસ વરસના જુદાજુદા આંતરે થયાં છે; છતાં તે બધાની વચ્ચે પરસ્પર સળંગ સંગતિ જોઇ સાનંદાશ્ચર્ય થાય છે, તેમજ કળા માટેનો ઉત્સાહભર્યો આદર પહેલા જેટલો જ છેલ્લા પ્રવચન સુધી નજરે પડે છે.

આ પ્રવચનોથી તેણે ઈંગ્લંડમાં કળામીમાંસાનો સાચો પાયો નાખ્યો; ચિત્રકારો માટે સંસ્કાર અને સુંદર અભિરૂચિ કેટલાં આવશ્યક છે તે એણે સમજાવ્યું. જડ, અનભિજ્ઞતાવાળો ચિત્રકાર મહાન કળાકાર બનવો મુસ્કેલ છે એમ તે કહે છે. અડસઠમે વર્ષે તેની આંખોનું તેજ તદ્દન કમી થઇ ગયું અને તેને નિરૂપાયે પીંછી બાજુએ મૂકવી પડી, અને ૬૯મે વર્ષે ઇ.સ. ૧૭૯૨ના ફેબ્રુઆરીની ૨૩મી તારીખે તે શાંતિથી ચિરનિદ્રા પામ્યો.

રવિશંકર રાવળ

ગુમ થએલો શોધક



લેફ્ટેનન્ટ કર્નલ પી. એચ. ફૉસેટ તથા તેનો પુત્ર જૅક—જે બીજા એક જુવાન સાથીની જોડે આજ સાત વર્ષથી મૅટ્રો ગ્રૉસોના અભેદ્ય જંગલની સફરમાં ગુમ થયા છે ને જીવતા હોવાનું મનાય છે, છતાં જેમનો પત્તો કોઈ મેળવી શકતું નથી.

માનવીનાં સાહસ, હિંમત અને બહાદુરીને પડકાર દેતા જે અનેક અણુખેડ્યા, અભેદ્ય અને ગૂઢ પ્રદેશો પૃથ્વીના પટ પર પડ્યા છે તે સૌમાં કદાચ સૌથી વધુ ગૂઢ, સૌથી ભયંકર, સૌથી કપરાં ને સૌથી અભેદ્ય એ મૅટ્રો ગ્રૉસોનાં ગીચ જંગલો છે દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલના મધ્યભાગે, એ નામનો ૫,૭૭,૧૩૮ ચોરસ માઈલના વિસ્તારનો ૩૦૦૦ ફૂટ ઊંચો એક ઉચ્ચ પ્રદેશ છે. અને તેના ઉત્તર ભાગે એ દેશના હૃદય સરખું એ ભયાનક જંગલ મૅટ્રો ગ્રૉસો છેક સૃષ્ટિના આદિકાળથી પોતાનાં દ્વાર બીડીને પડેલું છે. એનો અર્થ થાય છે: મહાન જંગલ. અને તે ખરેખર મહાન છે. કલ્પનામાં પણ ન આવે એટલી ઊંચાઈવાળાં વૃક્ષોની માઈલોના વિસ્તારવાળી જટાજૂથ અને અભેદ્ય ઝાડીઓ, તથા એકબીજાની લટો ગૂંથાને પડી હોય તેવી જોશભેર વહેતી ઊંડી ઘૂઘવતી નદીઓની જાળ એ પ્રદેશ પર એવી તો અટવાઈને પડી છે કે વિજ્ઞાનની મદદવાળાં છેલ્લામાં છેલ્લી શોધનાં આધુનિક સંસ્કૃતિનાં બધાં સાધનો પણ ત્યાં બોદાં બની પાછાં પડ્યાં છે. માનવીના મુખ સામે આજ અનંત યુગોથી બીડાઈને પડેલાં એ જંગલનાં દ્વાર ખોલવાને અનેક ઝિન્દાદિલ સફરખેડુઓ અને સાહસશૂરાઓની પરંપરા ત્યાં ઊતર્યા કરી છે, પણ આવીઆવીને અફળ ગઈ છે. કેટલાક એ ભેદ ખોલતાં જાન ખોયા છે, કેટલાક પાછા પડ્યા છે. એ સાહસ-સફરના ઇતિહાસનાં પાનાં, પૃથ્વીના માનવીનાં શૌર્ય, સહનશક્તિ, સંકલ્પબળ, ધીટતા અને અડગતાના ઊંચામાં ઊંચા ખમીરથી આલેખાતાં આવ્યા છે; પણ અફસોસ! એ પ્રકરણોના અંત હજી લગી તો, અફળ પ્રયત્નો અને વધેરાએલા બત્રીસાઓની કરુણ કહાણીથી જ આવ્યા છે. એવી જ એક કહાણી ઈ. સ. ૧૯૨૫માં એ જંગલને ભેદવા તથા તેમાં વસતી પ્રાચીન જાતિઓની શોધખોળ માટે નીકળેલા એક બ્રિટિશ ઑફિસર અને વૈજ્ઞાનિક શોધક લેફ્ટેનન્ટ કર્નલ પી. એચ. ફૉસેટની છે.

કર્નલ ફૉસેટ, તેનો પુત્ર જૅક અને રૅલે રિમેલ નામનો એક બીજો અંગ્રેજ યુવક, એ ત્રણ જણા આજથી સાત વર્ષ પહેલાં બ્રાઝિલના પાટનગર રાયો દ જાનેરોથી નીકળ્યા. પણ તે પછી થોડા જ મહિના બાદ એ જંગલમાં એમનું શું થયું તે હજુ સુધી કોઈ



મૅટ્રોગ્રૉસોનો ઉચ્ચ પ્રદેશ બતાવતો દક્ષિણ અમેરિકાનો નકશો. વધારે ઘેરો ભાગ મૅટ્રો ગ્રૉસો—મહાન જંગલ દર્શાવે છે. ઘેરાં ટપકાંથી દર્શાવેલી જે લીટી રાયો દ જાનેરોથી શરૂ થઈને એ જંગલમાં અટકે છે તે કર્નલ ફૉસેટના સફરનો માર્ગ દર્શાવે છે.

ખરેખરું જાણી શક્યું નથી. વિન્સેન્ઝો પેત્રુલ્લો નામનો એક ઇટાલિયન વૈજ્ઞાનિક શોધક હમણાં અમેરિકાના પેન્સિલવેનીઆ યુનિવર્સિટી મ્યૂઝિયમ તરફથી એ જંગલો પર એરોપ્લેનથી ઊડીને તથા પગપ્રવાસદ્વારા શોધખોળો નીકળેલો. તેને પોતાની શોધ દરમ્યાન એ જંગલની કિનાર પર રહેતા બે ગલ્લાઓએ એવું કહેલું કે થોડા વરસ પહેલાં ત્રણ ગોરાઓ (જેમાં એક બુઢ્ઢો અને બે યુવાન હતા) અમારા ગામડામાં આવેલા. તેમનો સામાન આનાહુકા નામના જંગલીઓએ ઊંચકેલો હતો. અમે તેમના ખોરાકપાણીનો બંદોબસ્ત કર્યો. બીજે દહાડે સવારે તો તેમનો મુખી આગળ વધવા માટે તૈયાર થયો. અને અમે ઘણો વાર્યો છતાં અટક્યો નહિ, એટલે અમે તેમને હોડીમાં બેસાડી ક્યુલુએન નદી પાર કરાવી. તેમાંના બે જુવાનો માંદા હતા અને આગળ વધવાને બહુ ઇંતેજાર નહોતા. પાંચ દિવસ સુધી અમે તેમની છાવણીઓનાં ધુમાડાઓ જોયા કર્યાં. છઠ્ઠા દિવસથી ધુમાડો દેખાતો બંધ થયો, અને ત્યાર પછી એમનો કાંઇ પત્તો મળ્યો નથી.

કર્નલ ફૉસેટના ગયા બાદ થોડે વખતે રૉજર કૉર્ટવીલ નામનો એક ફ્રેંચ ઇજનેર મીનાસ ગ્રેરીસ પ્રદેશમાં કર્નલને મળેલો એમ તે જણાવે છે. પણ તે વખતે કર્નલે કંઇ ખુલાસો કે વાતો કરી નહિ, અને તે એકલો જ રહેવા માગતો હતો એમ જણાવ્યું. આ પરથી એમ માનીએ કે હવેની સુધરેલી સમાજ અને સુખ-ભોગ કરતાં તેને એ પ્રાચીન જીવનમાં મજા પડી હોય. કર્નલની એ ટુકડીની શોધમાં એક પછી એક અનેક ટોળીઓ જતી આવી છે. પણ હજી લગી કશો પત્તો મળ્યો નથી. કમાન્ડર જી. એમ. ડ્યૉટની ટોળીને કેટલાક જંગલીઓએ જણાવ્યું કે મનુષ્યભક્ષીઓએ તેને સાફ કર્યો છે બીજી બાજુ છેક ઇંગ્લંડમાં રહેતાં મિસિસ ફૉસેટને કર્નલ ફૉસેટ તરફથી હજી માનસિક સંદેશા મળ્યા કરે છે કે તે કોઇ અને ઠેકાણે જીવતા રહેલા છે કે જ્યાંથી બીજી કોઇ રીતે સંદેશો મોકલી શકાય તેમ નથી.

રેડીન નામનો એક બીજો જુવાન શોધક એક વાર ઝીંગુ અને ગરીશ નદીની વચ્ચેના એ મેટ્ટો ગ્રોસોના આવેલા એકાંતે પડેલા એક ગામડામાં અકસ્માત મિ. ફૉસેટને ભેટી ગયો હતો, તેનું વર્ણન તેણે રાયોમાં બ્રિટિશ એલચીખાતાને આ મુજબ આપ્યું છે: 'ત્યાંના એક જંગલના મુખી સાથે હું એક વાર વાત કરતો હતો એવામાં લાંબી દાઢીવાળો ને જનાવરનું ચામડું પહેરેલો એક ગોરો અમારી નજીક આવી ચડ્યો. તેને મેં પૂછ્યું કે ક્યાં બ્રાઝીલમાં રહેવું? તેણે જવાબ આપ્યો કે અંગ્રેજીમાં વાત કરો! પણ ત્યાં તો એ જ પળે પેલા મુખીએ પોતાની વાત આગળ થતી અટ-

યુગવણકર . . . . (બાદ)

વણઠાકયા જગનો સાદ,
  સાંભળ યુગચાદર વણનાર!

હિમ શિયાળે ધરણી ધ્રૂજે,
  મેઘના છૂટે ધાર;
દેહ નાગી મરજાદ ઢંકાવા,
  ચીંથરાંના ન આધાર—સાંભળ૦

વર્તમાને તેં પારલી માંડી,
  ખાલી અનન્તને આર;
ભૂતને તાણે ભરતો જતો,
  ભાવ તરંગના તાર—સાંભળ૦

છેડલે મૂકી અહિંસાની આંગી,
  સાચની હીરકિનાર;
આત્મવિલોપન, આતમમોચન
  કાંજી થઈ કાં સંચાર—સાંભળ૦

પથ્થરનાં અણભેદ હિરાઓ,
  કૂંધની વણકર કાર
ઈટ ચૂના વીંધી તાંતણા થાતા,
  વિશ્વમાં એકાકાર—સાંભળ૦

કૃષ્ણલાલ શ્રીધરાણી

[શાંતિનિકેતનમાં ગાંધીજીના ૬૪મા જન્મજયંતી માટે યોજાએલું]



કર્નલ ફૉસેટે ગુમ થયા પહેલાં પર કરેલી તે ક્યુલ્યુએન નદી ઉપર તીરકામઠાં વડે માછલાં મારતા ત્યાંના જંગલીઓ



કર્નલ ફૉસેટની ટુકડીને ક્યુલ્યુએન નદી પાર ઉતારી આવનાર કાલાપાલુ જાતિના બે વતનીઓ અને મિ. પેત્રુઓલો.

કાવી અને જેટલો વખત હું તે ગામડામાં રહ્યો તેટલો બધો વખત મારા તથા તે ગોરા ઉપર દિવસરાત ચોકી રાખી. ક્વચિત દૂરથી જ અમે માત્ર થોડાક શબ્દો બોલી શકતા. માત્ર એક વાર રાત્રે છુપી રીતે સંદેશો લખેલો એક લાકડાનો કટકો મને મળ્યો અને હું નીકળ્યો ત્યારે મને જણાવ્યું કે મારા ખબર એલચીખાનાને પહોંચાડજો.

પણ આ વાત કોઈ માનતું નથી, કારણકે રેટીન જે ગામડાની વાત કરે છે ત્યાં પહોંચતાં પહેલાં તો ફૉસેટની ટોળી ભૂખ, થાક અને તરસથી મરી જ જાય એવો ઉજ્જડ એ પ્રદેશ છે; તેમજ ત્યાં વસતા જંગલીઓના ભયંકર સ્વભાવનો જરા પણ વિશ્વાસ કરી શકાય નહિ એમ અનુભવી શોધકો કહે છે.

જૂની લોકવાયકા એવી છે કે એ જંગલના અતિ ગીચ મધ્યભાગમાં એક પ્રાચીન નગરી છે અને તેનાં ઘરોનાં છાપરાં હીરાનાં તથા ભીંતો સોનાની છે. ઘણાનું ધારવું એવું છે કે એ જંગલના કોઇ મધ્ય ભાગમાં ગોરા જંગલીઓની જાતિઓ વસે છે અને તેમની પાસે અતિ કિંમતી હીરા વગેરે ઝવેરાતનો મોટો સંગ્રહ છે. આ વાત પરથી એટલો સાર કાઢી શકાય છે કે ત્યાંની પ્રાચીન જાતિઓના સરદારોએ જંગલના કોઇ એકાંત અગમ્ય ભાગમાં તેમનું ઝવેરાત ભેગું કર્યું હશે અને વસવાટ જમાવ્યો હશે. પણ કર્નલ ફૉસેટનું તો એવું માનવું હતું કે મનુષ્યજાતિનું કોઇ મૂળ આદિસ્થાન આ જંગલોમાં છે; અને તે શોધી કાઢવાની મહાન આશાએ જ તે આ ભયંકર સફરે નીકળ્યો હતો. તેણે જગતની બધી જાણીતી પ્રાચીન જાતિઓનો અભ્યાસ અને પરિચય મેળવ્યો હતો. કંઇ કેટલી યે શોધખોળોની ટોળીઓનો તે નેતા બન્યો હતો, અને સાત વર્ષ સુધી તો બહાદુરીથી બ્રિટિશ લશ્કરી નોકરી બજાવી હતી. તેનું જીવનધ્યેય વિજ્ઞાનના પ્રકાશ માટે શોધખોળ



લેફ્ટેનન્ટ કર્નલ પી એચ. ફૉસેટનો છેલ્લો ફોટોગ્રાફ



ક્યુલ્યુએન નદીના તીરપ્રાંતનું યાવલપીટી નામનું એક ગામડું



કયુલ્યુએન પ્રદેશમાં વસતી જંગલી જાતિનાં માતા અને બાળક

કરવાનું હતું. પણ આ બધા ઉપરાંત તે અદૃશ્ય પ્રકારોમાં યે માનતો. અઢાર વર્ષ સુધી આફ્રિકાનાં જંગલોમાં રહી ત્યાંના જંગલીઓની નજરબંધી, ભૂતપ્રેતાદિની માન્યતાઓ, રોગનિવારણના ટુચકા વગેરેનો તેણે અભ્યાસ કરેલો અને પરિણામે તેને એવી માન્યતાનો ચેપ લાગેલો કે કેટલીક બાબતો તો દુનિયામાં એવી છે કે તેનો ખુલાસો વિજ્ઞાન કદી આપી શકવાનું જ નહિ.

રાયોથી તે નીકળ્યો ત્યારે તેના જ શબ્દો હતા કે 'આ સફરેથી પાછા વળીએ એમ લાગતું નથી, કારણ કે કોઈ બાબતમાં આશા પડતી નથી.' મરણની આટલી ખાત્રી છતાં તેને કે તેના જીવનસાથીઓને આ તરંગી પ્રવાસ ખેડતાં જરા યે આંચકો આવ્યો નહિ.

કેટલાક કહે છે કે અઢારમા સૈકામાં ભાગી આવેલા જેસ્યુઇટોને જે અપૂર દ્રવ્ય મળેલું તેની જગ્યા આ જંગલોમાં છે અને તે શોધવાનો મિ. ફૉસેટનો ઇરાદો હતો. એક વાર તો તેમને સોનાની એક ખાણ હાથ પણ લાગેલી, પરંતુ ફરી પાછી તે જડી જ નહિ !

જંગલીઓનો સ્વભાવ પોતે સારી રીતે જાણતા હોવાથી કર્નલ ફૉસેટ કેટલાંક તાવીજો અને પથ્થરની દસ ઇંચની એક તકતી તો પોતાની સાથે જ રાખતા. એ ઉપરાંત સાથે એક ફ્લૅશ લાઇટ રાખતા, જે વડે જંગલીઓને ચકિત કરી તે તેમની પાસેથી છૂટી જતા.

હાલ જ્યાં તેની શોધખોળ ચાલી રહી છે તે ઠેકાણે હૂપી નામની જંગલી જાતિ રહે છે. આમાંની કેટલીક જાતિઓને તો સાહસિક પાદરીઓએ સુધરેલા જગતની શીનભાન શીખવી છે, છતાં ઘણી રીતે તેઓ જગતના આદિકાળના રહેણીને વળગી રહ્યાં છે. હજી હમણાં સુધી તેમનાં હથિયારો, વાસણો, સાધનો વગેરે લાકડાં કે પથ્થરનાં જ હતાં. તેઓ ઘરબાર બાંધ્યા વિના જ એ ભૂમિ પર જાનવરની માફક નવસ્ત્રાં રખડતાં ને પથ્થરો કે ધૂણીની રાખ પર સૂઇ રહેતાં. હાથ લાગે તે જાનવર મારી તેનું કાચું ને કાચું માંસ ખાઇ ભૂખ શાંત કરી લેતાં; અથવા કોઇવાર વાંસના પોલાણમાં તેને નાખી શેકી લેતાં. માણસને ખાઇ જવામાં યે તેમને વાંધો નહિ. એમાંની કોઇ બે જાતિઓને લડાઇ થાય ત્યારે જીતનારાઓ દુશ્મનનાં મુડદાંનું ભોજન કરી જતા.

આવી જાતિની વચ્ચે, કેટલાક માને છે કે કર્નલ ફૉસેટને બાવા આદમનું મૂળ સ્વર્ગ દેખાયું છે; અને એ વાત ખરી હોય અને તે સાહેબનો પત્તો લાગે તો ઘણી જ આશ્ચર્યજનક હકીકતો સાંભળવાની મળશે.

હાલ કેટલીક શોધખોળ કરનારી ટોળીઓ એમની ખોળના કામે લાગી ગઇ છે, જેમાંની એક ટુકડી તો એરોપ્લેનથી જ એ આખા પ્રદેશ પર નજર નાખી રહી છે. તેમને પણ હજુ લગી તો કર્નલ ફૉસેટ જીવતા હોવાની આશા સાંપડી નથી. નીચેની ટુકડીઓએ અનેક અજાણી ભાષા બોલતી જાતિઓ જોઇ, તેમનાં ગામડાં જોયાં. માત્ર ઇશારતો સિવાય બીજી કોઇ રીતે હાલ તેમની સાથે વ્યવહાર થઇ શકતો નથી. એટલે તેમાંના કોઇ ફૉસેટ વિષે જાણતા હોય તોપણ વાત કઢાવવી મુશ્કેલ છે. સરહદ પરના એકબે જંગલીઓ આમાંની થોડી જાતિઓની સાથે વાત કરી જાણે છે. તેમને સાથમાં રાખી ભાષા અને જાતિના અભ્યાસીઓની ટોળીઓ હવે મોકલવાની યોજના ચાલે છે. તે યોજના સ્વરૂપ લે તો ૧૯૩૩માં તેમના કામનો આરંભ થશે.

ક્ષારાબ્ધિ

શાર્દૂલવિક્રીડિત

છાંડી ગૃહ પિતા તણું રીસ ધરી માંડ્યુ થયા ના ભજ્યે,
આવી લાગી સહાનુભૂતિ સખીના લેતી પિયુને ગૃહે;
દેહેદેહ મળી, ન કિન્તુ નિધિનાં હારો ખૂલ્યાં ઉરનાં,
ઓછું આણી સરિત રોઈ જલને ખારાં કરે અબ્ધિનાં. —દેવજી શ. મોઢા

જેવરો મોરપીછ

જેને પરિણામે આમોદ અને આશ્ચર્ય આંસુમાં પલટાય છે એવી ભૂતકથા

મોહનલાલ, સુંદર અને જૅાસફ ફોર્થથી તે મૅટ્રિક લગી એક જ ગામમાં સાથે ભણેલા; પણ પછી છૂટા પડી ગએલા. હમણાં એ ત્રણે જણા જુદાજુદા ધંધો કરતા પણ મુંબાઇમા જ રહેતા હતા. મોહનલાલ કાપડનો વેપાર કરતા હતા; સુંદર એક નામચીન ઍક્ટર હતો અને જૅાસફ (ઍંગ્લો ઇન્ડિયન) સાર્જન્ટ હતો.

પોતાની જૂની મિત્રાચારીના દિવસો યાદ કરીને તેને ગાઢ કરવા તથા આનંદ કરવા માટે આજે તેઓ નાતાલની રજા સાથે ગાળવા નીકળ્યા હતા અને દરિયા-કિનારા પરના એક ગામડાના કોઇ નાના ને જૂના પણ સુંદર દેખાતા ઘરના દીવાનખાનામાં તેઓ તાપતા બેઠા હતા. ગાત્ર ઠારી નાખે તેવી કડકડતી ઠંડી પડતી હતી. આખી મંડળી બધા મળીને આઠેક જણાની હતી.

મોહનલાલ પોતાની સાથે બે કારકુનો લાવેલા હતા. સુંદરની જોડે તેનો દોસ્ત જીવન કરીને ઍક્ટર હતો. ટાઢમાં વખત પસાર કરવા માટે ગામના એક વૃદ્ધ માણસને ગામની જૂની વાતો કહેવા તેમનો નોકર બોલાવી લાવ્યો હતો.

વાત કરતાં કરતાં તે લોકો ભૂતની વાતો પર ચડી ગયા. પેલા કારકુનોએ ભૂતપ્રેતની એકબે વાર્તાઓ કહી પણ તેની કાંઇ અસર કોઇના પર થઇ નહિ. પછી તેઓના નોકરે એક વાત ઉપાડી. તેની સહેજ અસર થઇ હોય તેમ લાગ્યું કારણકે અચાનક એક ઊંદરના નીકળવાથી બધા જ ચમકી ઊઠ્યા!

'આનું નામ તે ભૂતની વાતો.' સુંદર બોલ્યો. 'પણ મેં એક એના કરતાં પણ વધારે ભયંકર વાત સાંભળી છે.' કહી તેણે પણ એક વાત કહેવા માંડી.

'બસ, હવે.' કોઇ બોલી ઊઠ્યું.

એવામાં પેલો વૃદ્ધ માણસ બોલ્યો: 'ભૂત કાંઈ મશ્કરી કરવા લાયક વસ્તુ નથી. એમ તો આ ઘરમાં પણ ભૂત થાય છે; કેમ ખરૂં ને, રામસીંગ?'

'એવું કહેવાય છે ખરૂં.' નોકર રામસીંગે જરા ગભરાઇને જવાબ આપ્યો.

'કહેવાય છે શું? મારા બાપ પણ જેવરા મોર-પીછને જોઇને બીનેલા ને?' ડોસાએ કહ્યું.

'એ જેવરો મોરપીછ કોણ?' એક કારકુને પૂછ્યું.

'એ હતો તો એક ભારે બહાદુર લુંટારો. તે હમેશાં પોતાના માથામાં મોરનું પીછું ખોસતો તેથી લોકો તેને 'જેવરો મોરપીછ' કહેતા. આ ઘરમાં એ છુપાઇને રહેતો. એટલામા પોલીસને ખબર પડી અને તેમણે આ ઘરને ઘેરો ઘાલ્યો. અંતે પોલીસને હાથે રીબાઇને મરવા કરતાં તેણે આપઘાત કરવો ઉચિત ધાર્યો અને આ ઘરના એકાદ ઓરડામાં તેણે ગળે ફાંસો ખાધો.' ડોસાએ ગંભીર સ્વરે વાત કહી સંભળાવી.

'કયા ઓરડામાં?' બેત્રણ જણાએ સામટું પૂછ્યું.

ડોસાએ માથું ધુણાવ્યું; 'તે હું કહી શકતો નથી, કારણકે મને ચોક્કસ તો ખબર જ નથી; પણ લોક-વાયકા છે કે જેવરો હજુ આ ઘરમાં થાય છે.'

'બસ, કાકા બસ, હવે.' એક ધ્રૂજતો અવાજ નીકળ્યો: 'તેણે કયા ઓરડામાં ફાંસો ખાધો તે તમે જાણતા હોત તો સારૂં થાત!'

'કેમ?'

'તો હું તે ઓરડામાં સૂવાની તસ્દી ના લેત.'

'પણ એમાં બીવા જેવું કશુ નથી.' વૃદ્ધ જરા તાણીને બોલ્યો, 'ભૂત કંઇ તમને ખાઇ જવાનું નથી.' પછી બીજા તરફ જોઇને તેણે કહ્યું, 'ચાલો ભાઇઓ! ત્યારે હવે હું રજા લઇશ.' એમ કહીને તે ઊઠ્યો. તેના ગયા પછી બેત્રણ મિનિટ લગી તો કોઇ કંઇ બોલ્યું નહિ. પછી જૉસફ જે અત્યાર લગી એક શબ્દ પણ બોલ્યો નહોતો તે બરાડી ઊઠ્યો, 'રાસ્કલ! આમ લોકોને બીવડાવવા માટે તને તો ચાબુકનો માર પડવો જોઇએ.'

'કાંઇ નહિ;' મોહનલાલ બોલ્યા, 'ઘરડાં માણસોને એવી વાતોનો જરા શોખ હોય છે. રામસીંગ!' તેઓ રામસીંગ પ્રત્યે જોઇ બોલ્યા, 'જરા ચાહ કરી લાવને?'

'જી!' કહી રામસીંગ આજુબાજુ જોતો ચાલ્યો ગયો.

'એ બહાદુર પાસે જ રાત્રે ભૂત જાય તો મજા આવે.' રામસીંગના ગયા પછી જીવન પેલા ડોસાને

ઉદ્દેશીને બોલ્યો.

'ભૂત!' સુંદર જે જીવનના કહેવાથી વિચારમાં પડી ગએલો તે એચિંતો બોલી ઊઠ્યો. આથી બધા એકદમ ચમક્યા. 'ભૂત? અલ્યા, મને એક સરસ વિચાર આવ્યો છે. હું ઍક્ટર છું એટલે મને ભૂતનો વેશ ભજવતાં અચ્છો આવડશે. તેને બીવડાવું તો?'

'ના, ના; જવા દે.' મોહનલાલ બોલી ઊઠ્યા, 'બીચારો મરી જશે.'

'તો પંચાત ઓછી;' સુંદર બોલ્યો. 'સા--વખતે કવખતે બીવડાવવા આવે છે તે?' એવો તો ભૂત બનીને જાઉં કે તમે પોતે પણ મને ન ઓળખી શકો.'

'અશક્ય.' એક કારકુન હસ્યો. 'તમે અમને કહી દીધું છે એટલે અમે તો તરત ઓળખીએ.'

'એમ? ત્યારે તો હવે તમને બીવડાવું તો જ હું ખરો. પહેલાં તમને બીવડાવી પછી જ પેલા ડોસા પાસે જઈશ. હું કેવો સરસ ખેલાડી છું તેની તમને હજી બરોબર ખબર નથી લાગતી. આજ પારખું બતાવું; કેમ, જીવન?'

'હા.' જીવને ટાપશી પૂરી: 'એ વાત ખરી; પણ આપણે એ પ્રયોગ અજમાવવો નથી.'

'એમ? વેપારી મોહનલાલનો જુસ્સો ઊછળી આવ્યો. હું દસ રૂપિયાની શરત મારૂં છું કે તું મને હરગીઝ ના બીવડાવી શકે, સુંદર.' સુંદર આ સાંભળીને ઊભો થઇ ગયો. 'વારૂ. કબૂલ છે. હવે જોઇ લો રંગ; હું હમણાં આવું છું.' કહીને ચાલ્યો ગયો. પછી કારકુનોએ કાંઇ ગૂપચૂપ વાતો શરૂ કરી. જૉસફ મનમાં ગાવા લાગ્યો. અને મોહનલાલ તથા જીવન બેસી રહ્યા. આમ કરતાં શાંતિમાં લગભગ પાએક કલાક વીતી ગયો. એટલામાં જીવન બોલ્યો, 'આ સુંદરને પોતાની ઍક્ટિંગનું બહુ અભિમાન છે. એને . . . .

પણ એ વાક્ય પૂરૂં કરે તે પહેલાં તો દાદર પર ધબ-ધબ પગલાંનો અવાજ સંભળાયો અને ફિક્કા ચહેરા વાળો રામસિંગ અંદર દોડી આવ્યો, 'સાહેબ સાહેબ મેં એને જોયો.' કહી હાંફતો હાંફતો તે જમીન પર બેસી ગયો.

'કોને જોયો?' 'મોહનલાલે જરા કડકાઇથી પૂછ્યું.'

'એને! જેવરાને!'

'હંબગ!' મોહનલાલ બોલ્યા. છતાં તેમના અવાજમાં સ્પષ્ટ ધ્રુજારી હતી.

'ખરેખર સાહેબ;' રામસીંગ બોલ્યો. 'મેં એને મારી સગી આંખે બારણામાં ઊભેલો જોયો. પછી તે અદૃશ્ય થઇ ગયો.'

એટલામાં બહારથી એક ચીસ સંભળાઇ અને વીખરાયલા વાળ તેવો જ પોશાક, તથા અરધા પેન્ટ વાળું મોં લઇને સુંદર અંદર ધસી આવ્યો અને મોહનલાલ પાસે જઇ પડ્યો.

'શું છે?' બધાએ એકી સાથે પૂછ્યું.

'મેં—મેં—મારા ખભા પર તેણે હાથ મૂક્યો. . .' 'સુંદરે લગભગ ચીસ પાડી.

કોણે હાથ મૂક્યો તે પૂછવાની કોઇને જરૂર જણાઇ નહિ. પછી મોહનલાલે ધારે રહીને જીવનને અને સુંદરને સમજાવીને સૂવા મોકલી દીધા.

એટલામાં રામસીંગ બોલ્યો, 'સાહેબ, પેલી ચા બળી જતી હશે. જો મહેરબાની કરીને મારી સાથે તમે બધા ચાલો તો હું તૈયાર કરી લાવું. હવે એકલા ત્યાં જવાની તો મારામાં હિંમત નથી.'

'ચાલો.' કહી મોહનલાલ ઊઠ્યા અને તેની પાછળ ચાલ્યા. પણ જૉસફ બોલ્યો: 'હું તો કાંઇ આવતો નથી. હું ભૂતમાં માનતો જ નથી; અને એ ભૂત મારી સામે આવે તો તેને આ રીવૉલ્વરથી વીંધી જ નાખું.' કહી તેણે પોતાની રીવૉલ્વર બહાર કાઢી.

બીજા બધા ચાલ્યા ગયા અને થોડી વાર પછી ચા લઇને પાછા આવ્યા. સૌએ ચા પીધા પછી બધા સૂવાની તૈયારી કરવા લાગ્યા.

'સાહેબ,' રામસીંગ મોહનલાલ તરફ જોઇ બોલ્યો, 'તમે એક મીણબત્તી સળગાવો તો હું લૅમ્પ હોલવી નાખું.' મોહનલાલે મીણબત્તી સળગાવી અને દીવો હોલવાયો કે તરત જ બહાર ધીમાં પગલાં સંભળાયાં.

બારણું ધીરેધીરે ઊઘડી ગયું અને એક જૂના કાળના રજપૂત જેવો પોશાક પહેરેલો ફિક્કા ચહેરા વાળો આકાર અંદર આવીને ઊભો રહ્યો. તેના માથામાં મોરનું પીછું ખોસેલું હતું. ધડક! ધડક! કરતાં બધાનાં હૃદય ધડકી ઊઠ્યાં. પછી પેલા આકારે મીણબત્તી સામે જોયું ને જોરથી ફૂંક મારી. મીણબત્તી હોલવાઈ ગઇ. ઓરડામાં બધે ઘોર અંધકાર ફરી વળ્યો.

'ઢૅંગ!' કરતોકને જૉસફની રીવૉલ્વરનો ધડાકો થયો અને અંધારામાં કોઇ પડ્યું હોય તેમ સંભળાયું. તરત

કોઈએ ગીણબત્તી સળગાવી અને પ્રકાશમાં પેલા ફિક્કા ચહેરા વાળો રજપૂત ઊંધમૂંધ પડેલો દેખાયો. પછી મોહનલાલે સ્વસ્થતા મેળવી પેલા ભૂતને ભાનમાં આણવા તેના મોં પર પાણી રેડ્યું. ત્યાં તો મોં ઉપરથી પેમન્ટના રેલા ઊતર્યાં અને બધા અજાયબીમાં ચીસ પાડી સુંદરના મૃત ચહેરા ભણી જોઈ રહ્યા !

એટલામાં ફડાક દેતું બારણું ઊઘડ્યું ને જીવન અંદર ધસી આવ્યો. તેનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો હતો.

'ઓ બાપ રે !' તેણે ચીસ પાડી. 'તમે–તમે–તેને?' કોઇ બોલ્યું નહિ.

'મેં એને ના પાડી હતી;—મેં ના પાડી હતી;—ના—' કહેતાં તો એનો અવાજ ફાટી ગયો અને તે મોહનલાલના હાથમાં મૂર્છિત થઇ ઢળી પડ્યો.

(અંગ્રેજીને આધારે) **નિરંજન મુજુમદાર**











ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ચાલુ માસની હરીફાઇમાં ભાઈ નરેન્દ્રદેવ વિદ્યાલંકાર (મ્યૂનિક–જર્મની)નું ચિત્ર પ્રથમ આવે છે. મનોહર સૂર્યાસ્તના ચિત્રમાં મુખ્ય પ્રકાશથી દૂરના કિનારામાં છૂટા પડતા ઘેરા આકારોમાં છેવટની કાળાશ સુધી છાયાઓનો ક્રમ બહુ સરસ રીતે ઉતારવામાં આવ્યો છે. તે સાથે પ્રત્યેક તત્ત્વ (આકાશ, પાણી તથા જમીન)ના ધર્મો સુસ્પષ્ટ ભાસે છે. પાણીમાં પડતું સૂર્યનું પ્રતિબિંબ કેંદ્રસ્થ આકર્ષણ છે; તેનાથી આંખ ધીમેધીમે જળ વિસ્તાર ઉપર આંદોલન લેતી લ્હેર અનુભવે છે. ઉપર વાદળાં પણ હવામાં એવી જ સુંદર વિશાળતામાં લાંબી પૂણીઓની માફક પથરાઈ આખા ચિત્રપટનું ગાંભીર્ય સાચવે છે. બીજું ઇનામ ભાઈ નટવરલાલ રાવત (અમદાવાદ)ને 'ખાનગી વાત' નામના પ્રાણીચિત્રમાં આબાદ કુતૂહલ ઉતારવા માટે મળે છે. આ વાનર-યુગલની ચેષ્ટા કેટલી સ્વાભાવિક અને માનવી જેવી ગંભીરતા વાળી હોવા છતાં વિનોદભરી

લાગે છે એ સમજાવવું પડે એમ નથી. ખરી તકે કૅમેરાની ચાંપ પટકાવનારને આવા ચિત્રની કિંમત તરત સમજાશે. ત્રીજું ચિત્ર Deeply Engrossed નામથી ભાઈ વસંત દેસાઇએ મુંબાઇ-થી મોકલ્યું છે. અનેક વાર સૂચના આપ્યા છતાં અંગ્રેજી અ-ભિનામ આપવાનું ગુજરાતી જુવાનોને શા માટે ગમે છે તે સમજાતું નથી. 'નિમગ્ન' 'મશગૂલ' વગેરે શબ્દો એવા જ કડાવ-દાર છે. આટલી ટીકા પછી ચિત્ર માટે અમે તે ભાઇને અભિ-નંદન આપીએ છીએ. બાલજીવનની મધુરતા તેના સ્વાભાવિક-પણામાં સહજ પ્રકટે છે માત્ર એટલાની આગલી જગ્યાનું ખાલીપણું ખટકે છે, ત્યાં જરા ખૂબીથી રમતનું પડતું મૂકાએલું કોઇક સાધન ગોઠવીને તે ભાઇ દેસાઇએ ખટકતું અટકાવ્યું હોત, અથવા એટલાની ધાર ભુલાવી શક્યા હોત.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ હર્ષદ પંડ્યાનું 'અસ્ત' ચિત્ર આવે છે. તેણે સૂર્યાસ્તના વાદળની આડે વૃક્ષો લેવામાં પસંદગી તો સરસ બતાવી છે; માત્ર જમીનનો આડો કાળો પટ વચમાં કોઈ પ્રકાશમય આકૃતિથી ભૂલી શકાય એવો થયો હોત તો ચિત્ર સર્વસંપૂર્ણ બની શકત; અથવા કોઇ મનુષ્ય કે પ્રાણીનો કડાવદાર છાયામય આકાર વચમાંથી એ ક્ષિતિજરેખાને યોગ્ય રીતે ભંગ કરતો પણ લાવી શકાત. 'પ્રયત્ન' નામના ચિત્રમાં ભાઇ રસિકલાલ દેસાઇ (અમદાવાદ) એ આગળની છાયાઓ ઘેરી રાખી દૂરનું દૃશ્ય જુદું પાડવા પ્રયત્ન કર્યો હોત તો સારૂં ચિત્ર થાત એવી જ સૂચના કેચીનવાળા ભાઇ ઓધવજી જેરામને 'મલબારના માછીમારની જાળ'ની છબી માટે કરી શકાય. સિદ્ધપુરવાળા દવે વાસુદેવ, મુંબાઇના ભાઇ ભાનુપ્રતાપ, અમદાવાદના ત્રીકમલાલ પાડેજી તેમજ રામપ્રસાદ શાસ્ત્રી અને પાચોરાવાળા ભાઈ ત્રંબકલાલ રાવળ એમણે સારા ચિત્ર-પ્રસંગો જોયા છે. પણ ચિત્રયોજના સારી કરી શક્યા નથી. પરંતુ એમની ફોટોગ્રાફી સારી છે એટલે એ જ નેગેટિવોમાંથી જરૂર પૂરતા ભાગોને ચિત્ર તરીકે રાખી તેનાં એનલાર્જ કરીને સારાં ચિત્રો ઉપજાવી શકાય.

નવાં પુસ્તકો

'કોશ એ વિદ્યાર્થીઓને મૂંઝવવા માટે નથી, પણ ઘીના દીવાની પેઠે એ પ્રકાશ આપવા માટે છે' એ ઉદ્દેશ લક્ષ્ય તરીકે રાખીને તૈયાર કરેલો મૅટ્રિક સુધીની કક્ષાના સંસ્કૃતનાં અભ્યાસી-ઓને ઉપયોગી થાય તેવો **સંસ્કૃત-ગુજરાતી લઘુકોશ**-સં-ગ્રાહક, ગણેશ સદાશિવ તલવલકર, પ્રકાશક: શ્રી દ. મૂ. પ્ર. મંદિર ભાવનગર. કિં.૧-૮-૦. **આપણા ઉંબરમાં**-'આપણી પડખો-પડખ જ, જાતમહેનત કરીને જીવનસંગ્રામ ખેડતી ઉદ્યમી જનોની જે આખી દુનિયા ભરેલી છે, ને જેના તરફ આપણે આંખ સરખી પણ ફેરવી નથી તેમનાં જીવનનાં સાનુકંપ દૃષ્ટિથી આલેખેલાં સજીવ કથાચિત્રો; સંપાદક; શ્રી ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક; ફુલછાબ કાર્યાલય રાણપુર; કિં ૦-૪-૦. **પ્રાથમિક સંગીત**-સંગીત શીખનારને શાસ્ત્રીય વિષય નીરસ ન લાગે ને ઉત્સાહથી ઉચ્ચ સંગીતને રસ્તે ચડે એ ઉદ્દેશથી બનતા ટુંકાણમાં સંગીતની શાસ્ત્રીય માહિતી અને કંઠમાંથી સહેલાઇથી નીકળી શકે તેવા સહેલા રાગોના ક્રમવાર ગીતો, તેના રાગની માહિતી તથા થોડાક સહેલા તાલો ને પ્રાથમિક સ્વરાલંકાર. લેખક પ્રકાશક: પ્રો. શંકર-રાવ વ્યાસ, ભદ્ર અમદાવાદ; કિં. ૦-૮-૦. **સત્યની શોધમાં**-લે. ઝવેરચંદ મેઘાણી, મુદ્રક ને પ્રકાશક: રામુ પરમાનંદ ઠક્કર, સ્વાધીન મુદ્રણાલય રાણપુર; મૂલ્ય એક રૂપિયો. **કળા વિષે પ્રવચનો**-સર જોશ્યા રેનોલ્ડ્ઝના 'Discourses on Art'ને આધારે તૈયાર કરનાર રંજુલાલ જદુનાથ ત્રિવેદી બી. એ.; એસ. ટી. સી. શ્રી રવિશંકર મ. રાવળના 'પરિચય' લેખ સહિત. પ્રકાશક લુહાણામિત્ર સ્ટીમ પિ. પ્રેસ, રાવપુરા વડોદરા; મૂલ્ય. કાગળનું પૂઠું. ૧-૫-૦. છીંટ પૂઠું. ૧-૭-૦. **લગ્નનો આદર્શ**-લે. શ્રી સુરેશ દીક્ષિત, એમ.એ ; એમ.એસસી પ્રકાશક: શ્રી ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, ગીરગામ બેક રોડ, મુંબાઈ-૪.કિં.૦-૮-૦ **પૂનિત ગંગા**-લે. શારદા, પ્રકાશક: 'બે ઘડી મોજ' કાર્યાલય, મુંબાઈ; કિં. ૩-૮-૦. **પ્રાસંગિક મનન**-લે. ગિજુભાઇ પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્ર. મંદિર, ભાવનગર; કિં. આઠ આના. **ચતુર બર્થોલ્ડ**-લે. ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ, તત્ત્વી બાલોદ્યાન, પ્રકાશક: ઉપર મુજબ; કિં. ૦-૬-૦ **સારી રીતભાત**-લે. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઈ; પ્રકાશક: પુસ્તકાલય સ. સ. મંડળ લિ. રાવપુરા, વડોદરા; કિં.સાત આના. **પ્યાસ નબી**-ઉર્દુ પરથી ભાષાંતરકર્તા 'વહશી'; પ્રકાશક: અબ્રાહ્મ આહમદ ઈસ્માઇલ, રાંદેર; કિં. ૦-૩-૦. **શ્રીમદ્ ભાગવત પ્રવે-શિકા**-લે મૂળશંકર કેશવરામ શાસ્ત્રી; પ્રકાશક: ચુનીલાલ વિ. બુટાલા; મૂલ્ય બાર આના 'દિવ્યચક્ષુ'ના લોકપ્રિય લેખક શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇની પહેલી નવલકથા **જયંત** શ્રી કનુ દેસાઇના ચિત્રો સાથેની નવી સચિત્ર આવૃત્તિ, પ્રકાશક: કૌમુદી કાર્યાલય, રાવપુરા વડોદરા; કિં. બે રૂપિયા. **હોમી-યોપેથિ એટલે શું? અને બાયોકેમિક પ્રવેશિકા**-બાર જીવનરસાયન ક્ષારોનો ટૂંક પરિચય ને જીવન રસાયનશાસ્ત્રનાં મૂળતત્ત્વો. લેખક અને પ્રકાશક: ડૉ. ગોવિંદજી ભુલાભાઇ પટેલ, મુ. નવસારી; કિં. આઠ આના. **ન્હાના ન્હાના રાસ: ભાગ ૧લો**, આવૃત્તિ ૭મી; એંસી રાસની ગરબાવલિ. લેખક અને પ્રકાશક: ન્હાનાલાલ દલપતરામ કવિ. ભદ્ર, અમદાવાદ કિંમત ૧ રૂપિયો. **કિલ્લોલ:** શ્રી ઝવેરચંદ મેઘાણીકૃત **સચિત્ર બાલ-ગીતો**. આવૃત્તિ બીજી. પ્રકાશક: કપિલપ્રસાદ મહાસુખભાઈ દવે, ગાંધી રોડ, અમદાવાદ. કિં. છ આના. **જ્યોત અને જ્વાળા** એક સંપૂર્ણ નવલકથા. લેખક તથા પ્રકાશક: ચુનીલાલ વર્ધમાન શાહ. સોલ એજન્ટ: કપિલપ્રસાદ મહાસુખરામ દવે. ગાંધી રોડ, અમદાવાદ. મૂલ્ય સવા રૂપિયો.



જલવિહાર

તરવું, તાંતરવું, તસ્કરવું, નાડી અને વળી ન્યાય,
રાગ, પાઘ ને પારખી એ આઠે આપ કળાય. (પ્રાચીન)

તરવાની કળાના પૂજારીઓ આલમમાં અનેક છે. ઇતિહાસના છેક સર્જનકાળથી ઋષિમુનિઓ ને કવિઓએ કુશળ તરનારનાં ને જલવિહારનાં યશોગાન ગાયાં છે. ઇજિપ્તના પૂર્વકાલિન પૂજારીઓ નીલા નદીના નીરમાં ડૂબકી મારી પવિત્ર થતા. ગંગાસ્નાનનું માહાત્મ્ય પણ આપણામાંથી હજી ભૂલાયું નથી. વેદના વારામાં અને ત્યાર પછીના પુરાણકાળમાં પણ સ્ત્રીઓ તરવાની કળામાં કુશળ હતી. ભોજરાજાના વખતમા સ્ત્રીઓ નર્મદા નદી તરી જતી તે બતાવતો શ્લોક છે. બુક ઑફ એક્ઝોડસમાં ફેરોની સ્ત્રીઓને નીલામાં તરવાની ટેવ હતી તેમ જણાવ્યું છે.

પુરાણી શિલ્પકૃતિઓ પણ સાબિત કરે છે કે તરવાની કળા તે સમયે સુસાધ્ય હતી. સિરીયાના રાજા અસુર નાસિર પાલને તેના લશ્કર સહિત તરતો બતાવતી ઇ.સ. પૂર્વે ૮૮૦ની સાલની ધાતુની ઉપસાવેલી આકૃતિઓ બ્રિટિશ મ્યૂઝિયમની નીમરૉડ ગૅલૅરીમાં છે. તેમાં એક શિલા પર નદી પાર કરતા ત્રણ યોદ્ધાઓ બતાવવામાં આવ્યા છે, જે માંહેના બે પાસે આસીરિયા અને મેસેપોટેમિયામાં નદી કાંઠે વસતા આરબો વાપરે છે તેવી ચામડાની મસક જણાય છે. તેઓ પડખાભર તેમજ ઊંધી તર તરતા જણાય છે. પૉમ્પીઆઇનાં હુજેનનાં ચિત્રોમાં ઇંગ્લાંડની અત્યારની પ્રચલિત રીતે તરતી આકૃતિઓનાં ચિત્રો છે.

રોમન અને ગ્રીક પ્રજામાં શારીરિક વિકાસ માટે બીજી બધી કસરતો કરતાં તરવાને વધારે ઉત્તેજન અને મહત્ત્વ અપાતું. મહાકવિ હોમર રચિત હીરોડોટસની ગાથામાં અને 'લૉઝ ઑફ લાઇકરગસ'માં પણ જલવિહાર વર્ણવેલો છે. રોમન સૈનિકોની હરીફાઇઓમાં તરવાની શરતો પણ હતી. પોર્ટુગાલનો પ્રાચીન મહાકવિ કૅમૅઑન, વરાહ ભગવાને વેદો મોઢામાં રાખી બચાવ્યા હતા તેમ, પોતાનાં કાવ્યો મોઢામાં રાખીને નદી તરી ઊતર્યો હતો. બ્રિટનનો વિજેતા જુલિયસ સીઝર કુશળ તરનાર તરીકે પ્રસિદ્ધ હતો. ઍલેક્ઝાંડ્રિયામાં ટૉલેમીએ તેના ઉપર હુમલો કર્યો ત્યારે તે પોતાના જહાજ સુધી તરીને ગયો હતો અને ફરીથી લશ્કર સાથે આવી ટૉલેમીને હરાવ્યો હતો.

કેટોના જીવનચરિત્રમાં પ્લૂટાર્ક જણાવે છે કે તત્ત્વવેત્તા સેનેકા બહુ અચ્છો તરનારો હતો અને પોતાના પુત્રોને ભયંકર અખાતો તરતાં તે શીખવતો. રોમન લોકોએ યુરીનેટર્સ નામથી ઓળખાતું ડૂબકી અને ધૂબકા મારનારાઓનું મંડળ સ્થાપ્યું હતું. રોમમાં જાહેર તરવાનાં સ્થળો તો ઠેરઠેર હતાં. વીનસદેવીની પૂજારણ પોતાની પ્રિયતમાને મળવા દરરોજ રાત્રે હેલેસ્પૉન્ટની સામુદ્રધુનિ તરીને જતા. ઍબિડૉસના જુવાનની વિખ્યાત પ્રેમકથા, તથા આપણા પંજાબની હીર અને રાંઝાની તથા સિંધની સુણી અને મેહારની, માટીના ઘડાને આધારે નદીઓ તરતાં પ્રેમીઓની કથાઓ તો સુપરિચિત છે. ચારથી પણ વધુ માઇલના વિસ્તારની તોફાની હેલેસ્પૉન્ટ તરી શકાવા વિષેની શંકા અંગ્રેજ કવિ લૉર્ડ બાયરન તથા લેફ્ટેનંટ એકનહેડે ઈ.સ. ૧૮૧૦માં જાતે એ સામુદ્ર-

ધુનિ તરીને ટાળી હતી. બાયરને તેનું સુંદર વર્ણન કર્યું છે.

ઇતિહાસના અભ્યાસીઓ હૉરેશ્યસની વીરતાથી તો પરિચિત જ છે. રોમની કોમલાંગીઓ પણ તરવામાં કુશળ હતી. એટ્રુરિયાના રાજા પોરસેના પાસે બાંહેધરી તરીકે મોકલવામાં આવેલી ક્લેલીઆ ત્યાંથી નાસી ટાઇબર નદી તરીને રોમ આવી હતી, તેના માનમાં બાવલું ઊભું કરવામાં આવ્યું હતું. રોમનો મહાન શહેનશાહ શાર્લમન તરવાની કળામાં કુશળ હતો. નૉર્વેનો એક રાજા પણ કુશળ તરનાર તરીકે પ્રખ્યાત હતો.

મોગલ બાદશાહોમાં બાબર અને અકબર તો તરવાની કળામાં નિપુણ હતા. કેટલીક વખત તો તેઓ પોતે લગામ મોઢામાં રાખી તરતા અને ઘોડાને દોરતા. પૂર્વે લશ્કરી કેળવણી લેનારને તરતાં પણ શીખવું પડતું. છેલ્લા મહાયુદ્ધ સમયે ગોળીઓના વરસાદ વચ્ચે સંદેશા પહોંચાડવા માટે નદીમાં કૂદી પડી તરી નીકળી જનાર કેટલા યે અમલદારો પ્રખ્યાતિ પામ્યા છે.

ઍનટમી ઑફ મેલેન્કલી નામના પોતાના વિખ્યાત પુસ્તકમાં બર્ટન ધનવાન અને ગરીબો બંને માટે સરખી આનંદદાયક અને ઉપયોગી કસરત તરીકે તરવાની કળાને મહત્ત્વ આપે છે. લુઇ અગીઆરમો અને તેના રાજસેવકો પારીસની સીન નદીમાં વારંવાર સાથે તરવા જતા. ચાર્લ્સ બીજાના સમયમાં જલવિહાર ફૅશનમાં ગણાતો.

તરવાની કળા વિષેનું પહેલવહેલું પુસ્તક ઇ.સ. ૧૫૩૮માં એક ડચે લખ્યું. ૧૫૮૭માં ઇંગ્લાંડમાં લૅટીન ભાષામાં એક પુસ્તક પ્રસિદ્ધ થએલું તેમાં આખાં પાનાં ભરીને ચિત્રો આપેલાં હતાં. ત્યારપછી તો યુરોપ અને અમેરિકામાં આ વિષય ઉપર એટલાં પુસ્તકો છપાયાં છે કે તેની એક મોટી જુદી લાયબ્રેરી જ થાય!

તરવાની ક્રિયામાં દરેક પ્રકારની કસરતનો સમાવેશ થાય છે; પરંતુ બહુ જ ઓછા તે કળા પદ્ધતિસર શીખે છે કે આચરે છે. ઘણા યે ઝડપથી તરી શકનારને જ્ઞાન નથી હોતું કે તેઓ શા માટે આટલા ઝડપથી તરી શકે છે; કારણ કે આ શક્તિ તેમને અકસ્માત રીતે મળી હોય છે.

તરતાં શીખનારો તો સામાન્ય રીતે એટલું જ વિચારે છે કે પાણીમાં ગતિ મેળવવા માટે હાથ અને પગનો સંચાર કરવો એટલું જ જરૂરી છે. એથી તે જોસભેર હાથ અને પગ ચલાવે છે. પણ ખરું જોતાં તરવામાં ઝડપ મેળવવામાં પગના ચલનની જેટલી અગત્ય છે તેટલી હાથના ચલનની નથી. હાથ બાંધીને માણસ જેટલી સરળતાથી તરી શકે છે તેટલી સરળતાથી પગ બાંધીને તરી શકાતું નથી.

તરવામાં પગનું હલનચલન જમીન પર ચાલવા કરતાં જુદી રીતે થાય છે, એટલે તરવામાં કુશળતા મેળવવા માટે ઘણા વખતની ટેવની જરૂર છે.

તરતાં શીખ્યાનો એક મોટો લાભ તો એ છે કે તે શીખ્યા પછી કદી ભૂલાતું જ નથી, એટલે પ્રથમથી જ જો તે બરોબર વૈજ્ઞાનિક પદ્ધતિએ શીખ્યા હોઇએ તો એ આજીવન વિદ્યા બની રહે છે. કોઇ હોડી કે સ્ટીમરના અકસ્માતના અથવા નદીના પૂરના કે તળાવ

અટૂલો

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે,
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે,
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

(એક અપ્રકટ નાટકમાંથી) **ઉમાશંકર જોષી**

અથવા કૂવામાં કોઇના ડૂબી મરવાના અકસ્માતના ચોંકાવનારા સમાચારો વર્તમાનપત્રોમાં આપણે વાંચીએ છીએ ત્યારે તરતાં શીખી લેવાની અગમ બુદ્ધિ આપણને ઘડીભર થઈ આવે છે, અને થોડી શરૂઆત પણ થાય છે. પણ જેમ સમાચારો જૂના થતા જાય છે તેમ તે ઉત્સાહ મંદ પડતો જાય છે અને છેવટે શરૂઆત એ શરૂઆત જ રહે છે.

ઘણી વાર શીખનારને શીખવનારની મુશ્કેલી હોય છે; કેટલીક વાર સાધનની મુશ્કેલી હોય છે. તરવાની કળા શીખવામાં ઉપયોગી થાય તેવાં સાધનો બનાવવા માટે યુરોપ અમેરિકાના વૈજ્ઞાનિકોએ ઘણી જ મહેનત લીધી છે. પરંતુ હજી તે સફળ થયા નથી. એ સર્વ સાધનો સિદ્ધાંત તરીકે ઠીક છે, પરંતુ ઉપયોગમાં લેતાં તદ્દન નિષ્ફળ નીવડ્યાં છે. આવા સાધનોમાં જાળીવાળાં મોજાં (webbed gloves) બહુ જ પ્રચલિત થયાં હતાં. એ કલ્પના સારી છે, પરંતુ તરતી વખતે આંગળીઓ એમ બંધબેસતી રહી જ ન શકે તે એમાં ભૂલી જવાયું હતું. આ શોધોમાં કેટલાકે માછલીની પાંખ કે સીલના ચામડા જેવી રચના બગલના ભાગમાં ઉમેરીને પ્રયોગો કરી જોયા હતા. કેટલાકે વળી પગે પાંખો જેવું બાંધવાનું શોધી કાઢ્યું હતું; પરંતુ તે સરળતાને બદલે ઊલટું વિઘ્નકર્તા થઈ પડેલું. બીજી એક શોધ ફ્લૅપિંગ રૉડની છે. તેને એક છેડે ઘડ વળેલા ચામડાના ફ્લૅપર, તેને ગતિ આપે એટલા માટે યોજ્યા છે. જ્યારે રૉડ ઊંચે ખેંચાય ત્યારે ફ્લૅપરની ઘડી વળી જાય અને જ્યારે પાણીમાં દબાણ થાય ત્યારે ફ્લૅપર ઊઘડે તેવાં તે બનાવેલાં. પણ આ બધાં બાહ્ય સાધનો જોતાં તેમાં તરવાની કળાનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન પણ ન હોય તેમ જણાય છે.

તરતાં શીખનારે પ્રથમ કેડ સુધી પાણી હોય તેવા ઓવારે સારા તરનારની સાથે જવું. પછી શીખનારે પ્રથમ તો શીખવનારનાં બાવડાં ઉપર પોતાનું શરીર ઊંધું રાખી ધીમેધીમે ધબવાની (હાથપગ હલાવીને પાણી કાપવાની) ક્રિયા કરવી. પાણીમાં ભાર બહુ નથી લાગતો, તેથી શીખવનારને ખાસ બોજો નહિ લાગે. પછી શીખવનારે ધીરેધીરે આગળ ચાલવું અને શીખનાર તેની મદદ વગર પાણીમાં તરી શકે છે કે નહિ તે થોડીથોડી વારે જોતા રહેવું.

તરવામાં હાથ ફેલાવતી વખતે પગને એકઠા કરી લેવામાં આવે છે. હાથ માથા તરફ સીધા લઈ જઈ, બંને બાજુ ફેલાવતી વખતે પગ જોડેલા રાખી સહેજ ઉપર લઇ તળિયા તરફ આંચકો આપવાથી એકદમ પાણીની સપાટી ઉપર અવાય છે અને પાણીમાં આગળ જવાય છે. તરતી વખતે ખોટી ઉતાવળ કે અઘટિત જોર વાપરવાથી વહેલા થાકી જવાય છે. વધારે સફળ થવા માટે શીખનારે શ્વાસોચ્છ્વાસનું નિયમન કરવાની તથા જમીન

લોપાયલી નગરીની ભૂમિમાં

• સ્રગ્ધરા •


ના છે કો માનવી જ્યાં, નથી પશુપદનો શબ્દસંચાર ક્યાંય,
ના એકે પંખી ઊડે, તરુ પર નવ કો પાંદડું યે હલે છે;
છાની છાની નદી વ્હે, ધરણી પણ ધીમે હાંફતી શ્વાસ લે છે,
ને નાનાં વાદળીયે ડગ ભરતી રખે શાંતિમાં ભંગ થાય.

ભેદી આ બાહ્ય શાંતિ પણ શ્રવણ પડે શબ્દ જૂના યુગોના,
ભાષા જુદી, જુદા એ સ્વરસમૂહ, વળી બોલનારા ય ન્યારા;
ને આ એકાંત સ્થાને દસ દિશ ઊડતા ચેતનાના ફુવારા:
જ્યાં જોઉં ત્યાં હવામાં ગહનમહીં ભર્યાં શેષ એ સંસ્મૃતિના.


ચાલ્યા જાતા જમાના સફર પૂરી કરી કાળના સિંધુ કેરી,
સંસ્મૃતિ પ્રવૃત્તિઓ જીવનફળ દઈ વારસામાં બીજાને;
ને જે અમ્ભોધિ ખેડ્યો પ્રબલ કર થકી આગલા નાવિકોએ,
ઘૂમે ત્યાં અન્ય પાછા, નવીન મંથીમથી, શોધતા મોતીઓને.

ને લાધ્યા રત્નરાશિ નજીક, નવનવા નિત્ય રાશિ વધારે,
તેમાંથી કૈંક ડૂબે, અમર પણ રહે સંસ્કૃતિની સુગંધ.

રતિલાલ શુક્લ



ડાબી બાજુ:
ઊંધી તરવાનો
બ્રેસ્ટ સ્ટ્રોક



જમણી બાજુ:
ચત્તી તરવાનો
બેક સ્ટ્રોક


ઊંધી તરવા માટે અંગ્રેજીમાં જેને 'બ્રેસ્ટ સ્ટ્રોક' કહે છે તેની પદ્ધતિ ડાબી બાજુના ચિત્રમાં આપેલી છે. આ પહેલાં પગ તથા શરીર સ્થિર રાખી આકૃતિ Cમાં બતાવ્યા પ્રમાણે બંને કોણીઓ ખભાને સમાંતર રહે એ રીતે હાથ રાખીને અંગૂઠા તથા હથેળીઓ છાતીના આગલા ભાગમાં પાણીની સપાટીમાં રાખવા. આંગળીઓ સીધી, એકબીજાને જોડાએલી અને અક્કડ રહે. પછી એ રીતે જોડાએલા હાથને તીરની પેઠે આગળ ધકેલી (આકૃતિ Aમાં બતાવ્યા પ્રમાણે) સીધી દિશામાં બની શકે તેટલા લંબાવો, અને તરત હથેળીઓને બહારની બાજુએ ફેરવી નાખી તે વડે પાણી કાપતાં બંને હાથને ગોળાકારમાં ફેલાવો,—તે ઠેઠ (આકૃતિ Bમાં બતાવ્યા પ્રમાણે) ખભાને સમાંતરે આવી જાય ત્યાં સુધી. પછી તરત પાછી ફરીથી હથેળીઓને પહેલાંની માફક C આકૃતિની સ્થિતિમાં લેતી લઇને બીજા 'સ્ટ્રોક'ની તૈયારી કરો. બીજી બાજુ, જેવા હાથ ફેલાવવા માંડો તેવા જ પગને ઉપર ખેંચી લો, એટલે આકૃતિ Cમાં બતાવ્યા પ્રમાણે ઢીંચણ બંને બાજુએ બહાર પડશે, અને બંને પગની એડી લગભગ અડકી થઇ જશે. આટલું થયા પછી જેવા તમે બીજી ક્રિયા માટે હાથને આગળ સીધા લંબાવો તેવા જ બંને પગને છૂટા કરી (આકૃતિ Cમાં બતાવેલી તીરની નિશાનીઓ પ્રમાણે) બંને બાજુએ ગોળાકારે ફેલાવો, અને પછી પાછા, આપણે ઊભા રહીએ છીએ તેવી સ્થિતિમાં અક્કડ કરી દો.

આ બધી ક્રિયામાં હાથપગને જરાપણ અક્કડ ન રાખતાં છૂટ અને નરમાશથી વાપરવા, તથા પાણી કાપવા માટે હાથ પહોળા કરતી વખતે બની શકે તેટલો કુદરતી લહેકો લેવો. ઘણાખરા શિખાઉઓ આમાં અણઘટતી ઉતાવળ કરે છે તથા અંગને ન જોઇતાં અક્કડ રાખે છે. આ, અલબત્ત, ગભરામણનું જ પરિણામ હોય છે. પણ એવી ગભરામણ તથા અયોગ્ય ઝડપ અને ઉતાવળથી શરીરને ખોટો થાક ચડે છે, જલદી થાકી જવાય છે અને કશું શીખાતું નથી

ઊંધી તરવાનો 'બ્રેસ્ટ સ્ટ્રોક' જાણ્યા પછી આ ચત્તી તરવાનો બેક સ્ટ્રોક સમજવો સહેલો પડશે; કેમકે બંનેમાં પગની ક્રિયા તો સરખી જ છે. હાથને, માત્ર પાણીમાં ફેલાવવાને બદલે આકૃતિ B પેઠે પહેલાં છાતી પર ઢાળી ત્યાંથી હવામાં ઊંચે લઇને પછી ચત્તી હથેલીએ ખભાને સમાંતરે ફેલાવી પાણી ઉપર ઉતારવાની હોય છે; અને પછી હથેળીને પાણીમાં ફેરવી નાખી, આકૃતિ Cમાં તીરની દિશાથી બતાવ્યા પ્રમાણે, નીચેની બાજુ ધકેલતા જઇને પાણી કાપવાનું હોય છે. આ ક્રિયા ચાલતી હોય તેની બરોબર સાથોસાથ પગને ઉપર ખેંચીને બ્રેસ્ટ સ્ટ્રોકમાંની ક્રિયા પેઠે હલાવવાના હોય છે અને એ ધકેલા સાથે શરીર માથાની દિશાએથી આગળ ધપે છે.

ઉપરની બીજી કસરતોની પણ ટેવ પાડવી જોઇએ. કાચો શિખાઉ જોશભેર પાણી સાથે મથન કર્યા કરે છે અને આખું શરીર ઉપર લાવવા મથે છે. પરિણામે જેમજેમ ખોટા ધક્કા લાગે છે તેમતેમ તે ઉપર આવવાને બદલે અંદર ઊતરતો જાય છે!

તરતી વખતે ગુરુત્વાકર્ષણનો નિયમ જાણ્યેઅજાણ્યે



ઉપર: ડાબી બાજુ-બેવડી ગુલાંટ: જમણી બાજુ-મોલબર્ગ નામનો ધૂબકો, જેમા એક ગુલાંટ લઈ શરીરને સીધું કરીને તીરની પેઠે પાણીમાં ઊતરવાનું હોય છે. ફરકરિયાળી લીટી વડે શરીરની ક્રિયાઓ બતાવી છે. નીચેનું ચિત્ર: ડાબી બાજુ-એક ગુલાંટ: જમણી બાજુ-દોઢ ગુલાંટનો ધૂબકો.

પણ પળાય જ છે. પાણીમાં સમતોલન રાખતાં આવડી જાય એટલે તરવું સહેલું થઇ પડે છે અને ઝડપ વધે છે. ઊંધી તર કરતાં ચત્તી તરમા મહેનત ઓછી પડે છે. કારણકે ચત્તી તરમાં માથું પાણીની સપાટીની અંદર રહે છે જ્યારે ઊંધી તરમા ખોપરીનાં હાડકાંને ઉપર રાખવામાં શારીરિક બળની વધારે જરૂર પડે છે.

સ્ત્રીઓમાં સ્પેસિફિક ગ્રૅવિટી પુરુષ કરતાં ઓછી હોય છે. વળી સ્ત્રીનું હાડપિંજર પુરુષના કરતાં નાનું હોય છે અને તેમનામાં ચરબી વધારે હોય છે. આથી પુરુષ કરતા સ્ત્રી વધારે સહેલાઇથી તરતાં શીખી શકે છે. ઉમરલાયક માણસ કરતાં બાળકોના હાડકાં ઓછા વજનવાળાં અને તેમનામાં ચરબીનો ભાગ વધારે હોવાથી, તેઓ પણ વધારે સહેલાઇથી તરતાં શીખી શકે છે. ટૂંકી છાતીવાળા કરતાં વિશાળ છાતીવાળાં ફેફસાં-માં વિશેષ પ્રમાણમાં શ્વાસ ટકી શકતો હોઇ તેઓ પણ સારી રીતે તરી શકે છે. તરનાર જ્યારે શ્વાસ લે છે ત્યારે તે સહેજ પાણી ઉપર આવે છે અને શ્વાસ કાઢતી વખતે અંદર ડૂબે છે. ફેફસાં ખાલી થયાં હોય અને ફરી શ્વાસ લઇ શકાય તેમ ન હોય ત્યારે શરીરની સ્પેસિફિક ગ્રૅવિટી વધે છે અને શરીર પાણીમાં ડૂબે છે. જેના વિસ્તાર વધારે અને વજન ઓછું હોય તે સહેલાઇથી તરે એ મુખ્ય સિદ્ધાંત છે.

તરવાની કળા માણસને શીખવી પડે છે, પણ ચારપગા જાનવરોને તો તે કુદરતી રીતે પ્રાપ્ય હોય છે. એ બધામાં કુતરો સૌથી સારૂં તરનારો છે. કુતરાના પગ જમીન ઉપર ચાલતી કે દોડતી વખતે જેમ ચાલે છે તે જ રીતે પાણીમાં ચાલે છે, એટલે તેને ખાસ શીખવવાપણું હોતું જ નથી. માત્ર માણસ જ પાણીમાં પડ્યા પહેલાં તરતાં શીખી શકતો નથી. જોકે પહેલા પ્રયત્ને જ તરતાં આવડ્યાના ઘણા દાખલાઓ છે.

તરવાની ઘણી રીતો છે. સામાન્ય રીત ઊંધી તરવી છે. એ ઉપરાંત ઊભી તર, ચત્તી તર, ઊંધી ખાટલી વગેરે બીજી ઘણી રીતો છે. પ્રથમ ધબનાં આવડી ગયા પછી સૌ પહેલી ઊંધી તર આવડે; અને ઊંધી તર આવડ્યા પછી તો જુદાજુદા પ્રકારની તરો શીખવી એ રમત વાત છે.

ડૂબકી મારવાની અને પાણીમાં વધારે વખત સુધી ટકી રહેવાની કળા જિંદગી બચાવમાં ઘણી જ અગત્યની છે. જોકે ડૂબકી ઝાઝો વખત મારી રાખવા-માં જોખમ રહેલું છે.

આ ઉપરાંત કુશળ તરનાર બીજી પણ ઘણી ગમ્મતો ઉપજાવી શકે છે. જેવી કે તાગ લાવવાની, પદ્માસન વાળી નિશ્ચેતન પડ્યા રહેવાની, પાણીમા ઝાલઝલામણી કે ડૂબકીદાવ રમવાની, ઊંચેથી વિધ-વિધ પ્રકારના ધૂબકા મારવાની વગેરે.

ઊંચાઇએથી ધૂબકા મારવામાં હિંમત અને આત્મ-વિશ્વાસની જ જરૂર છે. આજ લગી ધૂબકા મારવાની જે ઊંચાઇઓ નોંધાઈ છે તેમાંની કેટલીક તો માન્યા-માં ન આવે એવી છે. ઇ.સ. ૧૮૭૧માં મિ. જે.બી. જોહોનસને લંડનબ્રિજ ઉપરથી ધૂબકો મારેલો, જે અમેરિકાના બ્રિજ જમ્પિંગથી ઘણો જ ચડી જાય છે. વઢવાણની નારદભાઈની વાવમાં, પ્રભુદાસ ત્રીકમજી દવે, પચાસ ફીટ લગભગની ઊંચાઇએથી અને પા-ણીની સપાટીથી પંદર ફીટ લગભગ ત્રાંસમાં, એક પગથાર છે ત્યાંથી હેરત પમાડનારા ધૂબકા મારતા જે જોનારને પણ રોમાંચ થતા.

મોતી માટે ડૂબકી મારનારાઓ સરેરાશ ચાળીશ

મિનિટ સુધી પાણીમાં રહી શકે છે, અને પાંચથી આઠ ફૅધમ જેટલા ઊંડા ઊતરે છે. ઊંડી ડૂબકી મારવા ઇચ્છનારે કાંઠેથી પોટલીઓ કે કોશીયો ધૂબકો મારવો. પાંચછ ફીટ અંદર ગયા પછી બંને હાથ માથા તરફ લંબાવવા ને તળિયા તરફ વળી આંચકો મારવો.

નિશ્ચેત પાણીમાં પડ્યા રહેવાનું શીખનારે તે કળા સાધ્ય કરવા પાછળ મંડ્યા જ રહેવું જોઇએ. એની બરોબર ટેવ પડ્યે એ એની મેળે આવડી જશે.

ધૂબકા મારવાની કલાને સ્વીડિશ લોકોએ બહુ વિવિધતાવાળી અને રસમય કરી છે. ધૂબકાના પ્રકારોને તેઓએ Swan dive (હંસ ડુબકી) swallow dive (ચલ્લી ડૂબકી) Forward somersault (આગલી ગુલાંટ) Backward spring(પાછા પગની ગુલાંટ) combination dive (મિશ્રણ ડૂબકી) વગેરે જુદાજુદા પ્રકારો તેમણે શોધ્યા છે.

નિપુણ તરનારો તરવાની કળામાં ખૂબીઓ આણી શકે છે અને અજબ રમતો કરી શકે છે: પાણીમાં ઊભા ચાલવું, પાણીની સપાટી પર ગુલાંટ ખાવી, એક સાથે બે ગુલાંટો અદ્ધર હવામાં લઇને પછી પાણીમાં કૂદવું, ઊંધી તરમાં પગની બાજુએ રહીને તરવું, હાથ અને પગ બાંધીને તરવું, મૉન્ટીક્રિસ્ટો સૅક ફીટ, પાણીની અંદર ખાવું પીવું, તળિયે જઇ કાંઇ પણ બાહ્ય ચેષ્ટા વગર ઉપર આવવું, વગેરે. આ બધામાં સૌથી થકવનારી પાણીમાં ચાલવાની રમત છે. એમાં શરીરને પાણીમાં ટટ્ટાર રાખીને ચાલવાની ક્રિયા કરવાની હોય છે. સપાટી ઉપર ગલોટિયાં ખાવામાં તો શરીરનું સમતોલન રાખવા ઉપર જ આધાર છે; અને એ સાધ્ય હોય તો એક પછી એક દસથી બાર ગલોટિયાં અટક્યા વગર ખાઇ શકાય છે! મૉન્ટીક્રિસ્ટો સૅક ફીટ નામની રમતમાં તરનારને એક મોટા કોથળામાં પૂરી કોથળાનું મોઢું બાંધી તેને પાણીમાં ફેંકવામાં આવે છે. તરનાર એ કોથળો ફાડી તેમાંથી બહાર નીકળે છે. કેટલાક પાણીની અંદર જઇને બીડી પણ પીએ છે. તરનાર બીડી સળગાવી તરવા પડે, પછી સપાટી નીચે જતાં પહેલાં ચાલાકીથી સળગતો ભાગ મોઢામાં ખેંચીલે, ને અંદર જઇને બહાર કાઢી, બીડી પી, ધીરેધીરે શ્વાસ મૂકે એટલે બડબડિયાં, બોલાવતો ધુમાડો ઉપર આવે.

લાંબામાં લાંબો પટ તરવાના પ્રયત્નો ઇંગ્લિશ ચૅનલમાં ઘણા માણસોએ કર્યા છે. તે ખાડી પહેલવહેલી કૅપ્ટન વેબે પોતાના બીજા પ્રયત્ને તરી પાર કરી. તેણે ઇ.સ. ૧૮૭૫ના ઑગસ્ટ માસની ચોવીસમી તારીખે બપોરે ૧૨ ક. ૧૫ મિ. અને ૪૦ સેકન્ડે ડોવરના કિનારેથી તરવાનું શરૂ કર્યું, અને પચ્ચીસમીએ સવારે ૧૦ ક. ૪૦ મિ. અને ૧૫ સેકન્ડે બરોબર ૩૯¾ માઇલ તરી કૅલેને કાંઠે પહોંચ્યો. ત્યાર પછી તો અનેક જણે એ તરીને પાર કરી છે, જેમાંની ગર્ટ્રુડ એડેરલ નામની અમેરિકન કુમારીની વાત 'કુમાર'ના એક અંકમાં આવી ગઇ છે.

પાણીમાં પોલો (ગેડીદડો) પણ રમાય છે. વૉટર પોલોની એ રમત દાખલ થવાથી તરવાની કળા બહુ જ રસમય અને લોકપ્રિય થઇ છે.

૧૯૨૧ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખે મિ. નોશીર દલાલ નામનો પારસી જુવાન પોતાના કેટલાક મિત્રો સાથે મોટરબોટમાં બેસી એલીફન્ટા જવા નીકળેલો. રસ્તામાં દરિયાના તોફાનથી એક મછવો તેણે ડૂબતો જોયો. મછવામાં કેટલાક મચ્છીમારો હતા. મિ. દલાલે તેમને તરીને બચાવ્યા.

તરવાની ખરી જરૂરિયાત પોતાની અને પારકી જિંદગી અકસ્માત વખતે બચાવવા માટે જ છે.

(સંકલિત)

'રસનિધિ'

● **પુસ્તકાલય** બાળકોના અનેકવિધ અસ્પષ્ટ અનુભવોને સ્પષ્ટ કરવાનું, શબ્દગ્રથિત અન્યના અનુભવોને વાંચીને તેવા અનુભવો કરવાની પ્રેરણા મેળવવાનું અને અનુભવી જગતની વિશાળતામાં જ્ઞાનોપાર્જનના નવાનવા પ્રદેશો ખોળવાનું એક અતિ વિશાળ ક્ષેત્ર છે .... પુસ્તકાલય શિક્ષણની પુરાતન સંસ્થા છે, છતાં તે સદા નૂતન શિક્ષક પ્રમાણે વાંચનારાઓ સાથે વર્તે છે. તે પુરાતન શિક્ષક પેઠે લાકડી લઇને પોતાનાં પુસ્તકો વંચાવતું નથી; તેમજ થાકેલા ઘરડાઓ પેઠે ટોકટોક કરીને પુસ્તકો વંચાવતું નથી; કે કેટલાક નાટકી શિક્ષકોની પેઠે ઉપરના હાવભાવ વડે વાંચનારનું મન ખેંચતું નથી; પણ તે સદા નવા યુગના શિક્ષક પેઠે વાંચનારાઓને શું જોઇશે. (મન હરવા નહિ પણ મન ઠરવા) તેનો વિચાર કરે છે, અને એને અનુકૂળ વાચનસામગ્રી તૈયાર રાખે છે. [તા. ૨૭મી ઑગસ્ટ ૧૯૩૨ના રોજ અમરેલી બાલપુસ્તકાલય ઉઘાડતી વખતે શ્રી ગિજુભાઇએ આપેલા વ્યાખ્યાનમાંથી]


હવામાન માપવાનાં સાધનો

'આજ તો માકડાંનાં માથાં ફાટે એવો તાપ છે' 'આવી કડકડતી ટાઢ તો બે પેઢીથી નહોતી જોઇ' વગેરે ઉદ્ગારો ઘણીવાર આપણે સાંભળીએ છીએ, પણ તેમાં અનુમાનની અતિશયોક્તિ જ મોટે ભાગે હોય છે. એ ગરમી કે ઠંડીનું ચોક્કસ પ્રમાણ કેટલું છે તે જાણવાની આપણે દરકાર કરતા નથી; કદિક કોઇને ઇચ્છા થાય તો માહિતી હોતી નથી. માત્ર કોઇવાર છાપાંઓમાં હવામાનના ખબર આવે છે તે, તથા ચડી આવતા વંટોળ, ગરમીનાં મોજાં કે વરસાદના આગામી તોફાનની આગાહીઓના ખબરો જે સીમલાનું સરકારી હવા-માનખાતું બહાર પાડે છે તે અવારનવાર વાંચીએ છીએ એટલું જ. જે સાધનો વડે વૈજ્ઞાનિકો આ બધી હવાનાં તથા વરસાદનાં ચોક્કસ માપ કાઢે છે તે વિષે બહુ ઓછા જાણે છે. અહીં માત્ર તેનો પ્રાથમિક પરિચય આપ્યો છે.

ટેમ્પરેચર-એટલે હવાની ગરમી કે ઠંડી થર્મોમીટર વડે માપવામાં આવે છે. એ તો સૌ જાણે છે કે ગરમી પડવાને લીધે થર્મોમીટરના નીચલા પોટામાંનો પારો વિસ્તૃત થઇને નળીમાં ઊંચે ચડે છે, અને ઠંડીને લીધે સંકોચાઇને નીચે ઊતરે છે. હવે ગરમી કે ઠંડીનું ચોક્કસ માપ કાઢવા માટે પારાની એ નળી ઉપર બે એવાં અંતિમ બિન્દુ ઠરાવવામાં આવે છે કે જે સૌકોઈ સમજી શકે. એક અતિશય ઠંડીનું કે કે જ્યારે પાણી ઠરીને બરફ થઈ જાય; અને બીજું અતિશય ગરમીનું જ્યારે પાણી ઉકળી ઊઠે. પછી આ બે બિન્દુ વચ્ચેની જગ્યાને સરખા માપની ડિગ્રીઓમાં વહેંચી નાખીને ત્યાં તે મુજબ આંક મૂકી દેવામાં આવે છે. ઇંગ્લંડ અને અમેરિકામાં આ આંકને ફેહ્રનહાઇટ માપ કહે છે. તેમાં છેવટનું શીતબિન્દુ ૩૨ ડિગ્રીએ અને અતિશય ગરમીનું ૨૧૨ ડિગ્રીએ હોય છે અને વચ્ચેની જગ્યાને ૧૮૦ સરખા માપમાં વિભાગેલી હોય છે. ફ્રાન્સ અને બીજા યુરોપીય દેશોમાં આ માપને સેન્ટીગ્રેડ કહે છે અને તેનાં ડિગ્રીનાં માપ પણ સહેલાં હોય છે. શીતબિન્દુ ૦શૂન્ય ડિગ્રી અને ઉષ્ણબિન્દુ ૧૦૦ ડિગ્રી. આ સાથે આપેલાં ચિત્રમાંના પહેલા થર્મોમીટરમાં આ બંને પ્રકારના આંકો આપેલા છે. ડાબી બાજુ F=ફેહ્રનહાઇટ અને જમણી બાજુ C=સેન્ટીગ્રેડ.

આપણા દેશમાં ક્વચિત, પણ પશ્ચિમના દેશોમાં તો સામાન્યતઃ એવું બને છે કે રાત્રે અતિશય ઠંડી પડે અને દિવસે ગરમી લાગે દિવસ દરમ્યાન પહોંચેલાં એ બે પરસ્પર વિરોધી હવામાનનાં માપ કાઢવા માટે જુદાંજુદાં થર્મોમીટરો લઇને બેસી ન રહેવાય. એટલે તેને માટે એવું ખાસ થર્મો-મીટર જ બનાવ્યું છે, કે જેમાં આખા દિવસ દરમ્યાન હવા-માન જે વધુમાં વધુ ગરમી અને ઠંડીનાં છેલ્લામાં છેલ્લાં બિંદુ-ઓએ પહોંચ્યું હોય તે બંનેનાં માપ એકીસાથે બતાવે.

આ સાથેનાં ચિત્રોમાં બીજા નંબરનું ચિત્ર એવા થર્મો-



મીટરનું છે. તેમાં વચ્ચે દેખાતી મોટી પોલી નળી અને બાજુની નળીઓમાંનો પારા સિવાયનો સફેદ દેખાતો ભાગ આલ્કોહૉલ-થી ભરેલો હોય છે, અને ડાબી બાજુની નળીને મથાળે દેખાતો પોટો તદ્દન ખાલી હોય છે આલ્કોહૉલમાં પારાને બંને છેડે લોખંડના બે નાના ટુકડા કાંટા તરીકે રાખેલા હોય છે: એક ગરમી તરફના છેડે ને બીજો ઠંડી તરફના છેડે. ગરમી પડે એટલે પારો ઊંચો ચડવા માંડે એની સાથે તે તરફનો છેડો પેલા લોખંડના કાંટાને ઉપર ધકેલે, તે વધુમાં વધુ ગરમી પડે ત્યાં સુધી. પછી હવા ઠંડી પડતાં પારો તો ઊતરવા માંડે, પણ પેલો લોખંડનો કાંટો આલ્કોહૉલને લીધે જ્યાં પહોંચ્યો હોય ત્યાં જ રહે અને એ રીતે ગરમીનું વધુમાં વધુ બિન્દુ બતાવે. બીજી બાજુ ઠંડીથી ઊતરતા જતા પારાને લીધે પારાના બીજી તરફના છેડાનો કાંટો ઊંચે ચડવા માંડે અને તે પણ ઉપરની માફક પારાની સાથે ઠંડીના ઊંચામાં ઊંચા બિન્દુએ પહોંચાને અટકે, અને ફરી પારો નીચે ઊતરવા છતાં ત્યાં રહીને એ બિન્દુ દર્શાવતો રહે બીજે દિવસે હવામાનશાસ્ત્રી આવીને એ બંનેના આંક તપાસી નોંધ કરી લે અને પછી લોહચુંબક વડે એ બંને કાંટાને નીચે ઉતારી પારાના છેડાને અડકાડીને મૂકી દે. (હવાનું દબાણ માપનારા 'બૅરોમીટર' તથા વરસાદ માપનારા સાધન 'રેઇન ગેઇજ'નો પરિચય આવતા અંકમાં).



મેઘધનુષ

બળતા અંગારા જેવો ઉનાળો આવ્યો ને ગયો. ચૈતર વૈશાખના લાંબા દહાડા પૂરા થયા. જન, જનાવર ને જીવજંતુએ આકાશ તરફ જોયું. કોઈ જગ્યાએથી વાદળ આવે છે? ક્યાંય વીજળી ઝબૂકે છે? કંઈ ગડગડાટ થાય છે?

પણ છાંટો ય પાણી પડતું નથી. વીજળીનો ઝબકારો કે વાદળાંનો ગડગડાટ થતો નથી. બધે પાણી પાણીની બૂમો પડી રહી છે.

નાનું એક ગામડું હતું. એમાં એક ડોસી રહે. એને એક દીકરી. એનું નામ રાધા.

ગામમાં પાણીનો દુકાળ પડ્યો. તળાવમાં ને કૂવામાં પાણી સૂકાઈ ગયાં. ઘરમાં તો ટીપું પાણી મળે જ શાનું?

મા બીમારી ઘરડી હતી. પાણી વગર એનાથી રહેવાતું નહોતું. પોતાની દીકરીને પાસે બોલાવી કહ્યું, 'બેટા, હવે તો પાણી વગર નથી જીવાતું. એકાદ ઘૂંટડો મળે તો ય બસ છે.'

રાધા તો ઘડો લઈ પાણી લેવા ગઈ. એ દૂર દૂર ગઈ, પણ કોઈ જગ્યાએથી પાણી ન મળ્યું. એને પણ તરસ લાગી હતી. છેવટે તો ચાલવાની શક્તિ પણ ન રહી એટલે એક ઝાડ નીચે સૂતી, અને સૂતી એવી જ ઊંઘી ગઈ.

થોડી વારે રાધા જાગી અને જોયું તો ઘડો પાણીથી ભરેલો! એ તો રાજી રાજી થઈ ગઈ. તરસ લાગી હતી એટલે પાણી પીવાનો વિચાર કર્યો, પણ જ્યાં એ પાણી હોઠે અડાડે છે ત્યાં તો એને સાંભરી આવ્યું: ઘેર મા તરસે પીડાય છે અને મારાથી પાણી કેમ પીવાય? રાધાએ પાણી ન પીધું, અને તરત જ માટીનો ઘડો રૂપાનો થઈ ગયો!

રાધાએ ઘડો ઉપાડી ઉતાવળે ઉતાવળે ચાલવા માંડ્યું. થોડેક ગઈ ત્યાં એને પગે કંઈક અથડાયું. નીચે નજર કરી તો એક કુતરૂં પાણી વગર તરફડતું હતું. રાધાએ થોડું પાણી કુતરાને પાયું અને તરત જ રૂપાનો ઘડો સોનાનો બની ગયો!

રાધાએ ઘેર આવી પોતાની માને પાણી પાયું. તરસ છીપાતાં સુધી પાણી પાયું.

હજુ ય થોડું પાણી વધ્યું હતું. પોતાને તરસ તો ખૂબ લાગી હતી. ગળું શોષાઈ જતું હતું. પણ જેવી રાધા પાણી પીવા જાય છે તે જ વખતે બારણે એક માણસ તરસે પીડાતો આવ્યો. કાલાવાલા કરીને તેણે એક ઘૂંટડો પાણી માગ્યું.

રાધાએ વધેલું પાણી પોતે ન પીતાં પેલા માણસને આપ્યું. ત્યાં તો ઘડા ઉપર સાત રંગનાં સાત રત્ન જડાયાં!

બરાબર તે જ વખતે આકાશમાં કાળાં કાળાં વાદળાં આવ્યાં, વીજળીના ઝબકારા થયા, બધે અંધારૂંઘોર થઈ ગયું, અને થોડી વારે મૂશળધાર વરસાદ તૂટી પડ્યો.

હજુ યે ચોમાસામાં રાધાનો એ ઘડો દેખાય છે. સાત સાત રંગનાં રત્નો જડેલા એ ઘડાને બધાં મેઘધનુષ કહે છે.

સોમભાઈ એ. પટેલ

રસ્તા વચ્ચે પડેલો પથ્થર

એક હતો રાજા. તે એટલો બધો ડાહ્યો, ભલો અને ન્યાયી હતો કે તેની રૈયત બહુ જ સુખી રહેતી અને તેની કીર્તિ ચારે તરફ ફેલાઈ રહી હતી.

પણ તેના ગામના લોકોમાં એક મોટી ખોડ એ હતી કે કંઈ પણ કામ કરવાનું હોય તો પોતે ન કરતાં બીજા લોકો કરશે એમ ધારીને બેદરકાર રહેતા; ને છેવટે કોઈ પણ માણસ કામ કરતું નહિ! આ ખોડ ભુલાવીને લોકોને શિખામણ આપવાનો રાજાએ નિશ્ચય કર્યો.

એ ગામમાં આવવાના ઘણા રસ્તા હતા. તેમાંનો એક રસ્તો બહુ સાંકડો હતો અને તેની બે તરફ ઊંચી ટેકરીઓ હતી. એક દહાડો મધરાતે રાજા છાનોમાનો આ સાંકડા રસ્તા ઉપર આવ્યો અને રસ્તા પર પડેલા ગાડાના ચીલાની વચ્ચોવચ્ચ એક ઊંડો ખાડો ખોદ્યો. પછી તેમાં થોડા પથ્થર પાથરીને પોતાના ઝભ્ભા તળે સંતાડેલી કંઈ ચીજ તેણે બહાર કાઢીને પેલા ખાડામાં મૂકી અને પછી બાજુની ટેકરી પરથી એક મોટો ભારે વજનદાર પથરો લાવીને પેલો ખાડો બરોબર ઢંકાઈ રહે તેમ તેના પર મૂકી દીધો. આટલું કરીને તે જતો રહ્યો.

બીજે દહાડે સવારે એક ખેડૂત હળ લઈને ત્યાં થઈને નીકળ્યો. રસ્તાની વચ્ચોવચ્ચ જ મોટો પથરો પડેલો દેખીને તે બોલ્યો, 'તોબા ભગવાન! આ ગામના લોકો એવા આળસુ છે કે ન પૂછો વાત! આવડો મોટો પથરો અહીં રસ્તા વચ્ચોવચ્ચ કોઈ માણસ કે જનાવરને વાગી બેસે એમ પડ્યો છે, પણ એ ખસેડવાની કોઈની દાનત જ નથી! બધા જ આળસુ! આવી સાદી બાબત તરફ પણ કોઈ ધ્યાન આપવાની દરકાર કરતું નથી.' આટલું કહીને તે પોતાના બળદ એક બાજુએથી તારવી લઈને પથ્થર ઉપાડ્યા વિના જ રસ્તે પડ્યો.

થોડી વાર થઈ ત્યાં એક સિપાઈ નીકળ્યો. તોરમાં ને તોરમાં ગાયન લલકારતો લલકારતો એ ચાલ્યો આવતો હતો. ગાયનમાં તે એટલો મશગૂલ થઈ ગયો હતો કે રસ્તા વચ્ચે પડેલા પથ્થર તરફ તેની નજર જ ન ગઈ અને તેની ઠેશ વાગવાથી તે જમીન પર પડ્યો. રસ્તા પરથી લૂગડાં ખંખેરતો અને લોકોની આળસ તથા બેદરકારીને ગાળો ભાંડતો તે ઊઠ્યો અને પથ્થર ખસેડ્યા વિના જ પોતાની તલવાર લઈને ચાલવા માંડ્યું.

એટલામાં વણઝારાની એક પોઠ નીકળી. તેમાંનો એક બોલ્યો, 'આ મુલક કેવો રસાળ અને સરસ છે, પણ લોકો બહુ જ બેદરકાર અને આળસુ લાગે છે. આ પથ્થર કોણ જાણે કેટલાયે દહાડા થયાં અહીં રસ્તા વચ્ચે પડ્યો હશે, પણ કોઈ એ ઉપાડવાની તસ્દી જ લેતું નથી!' આમ એકબીજા અંદરઅંદર વાતો કરતા ચાલ્યા ગયા, પણ તેમાંના કોઈએ પથ્થર ખસેડ્યો નહિ.

દિવસો ઉપર દિવસો અને અઠવાડિયાં ઉપર અઠવાડિયાં વીતી ગયાં. હજારો લોકો ત્યાં આગળ થઈને નીકળ્યા હશે અને આવજા કરી હશે, પણ કોઈએ તે પથ્થર રસ્તા વચ્ચેથી ખસેડ્યો જ નહિ.

આમ ત્રણ મહિના થઈ ગયા. પથ્થર હજી ત્યાં ને ત્યાં જ પડ્યો હતો. છેવટે એક દહાડો રાજાએ ઢંઢેરો પીટાવીને ગામના તમામ માણસોને ટેકરીઓ વચ્ચેના સાંકડા રસ્તા આગળ, જ્યાં પેલો પથ્થર પડ્યો હતો ત્યાં ભેગા થવાનું કહ્યું. લોકોની મેદની જામી. થોડી વારે રાજા આગળ આવીને બોલ્યો: 'મારા ભલા અને નિમકહલાલ ભાઈઓ, આ પથ્થર અહીં રસ્તા વચ્ચે મેં પોતે જ મૂક્યો હતો. ત્રણ મહિના થયાં તે એ જ જગ્યાએ પડ્યો છે. પણ હજી સુધી કોઈએ પણ તે ખસેડવાની દરકાર કરી નથી.'

આટલું કહીને તે વાંકો વળ્યો અને પેલો પથ્થર ત્યાંથી ખસેડી નાખ્યો. પથ્થર નીચે એક ખાડો હતો. તેણે લોકોને તે ખાડો બતાવ્યો. તેમાં ચામડાની એક મોટી કોથળી પડી હતી અને તે કોથળી ઉપર લખ્યું હતું કે 'જે માણસ આ પથ્થર અહીંથી ખસેડે તેને ભેટ.'

પછી તેણે કોથળાને મોઢે બાંધેલા દોરા છોડીને કોથળી ઊંધી વાળી. ખનનનન કરતો સોનામહોરોનો ઢગલો કોથળીમાંથી રસ્તા પર વેરાઈ પડ્યો.

પછી રાજા બોલ્યો, 'ભાઈઓ, આજના આ બનાવ ઉપરથી ધડો લેજો કે કંઈ પણ કામ બીજાઓ કરી નાખશે એવી આશા રાખીને બેસી રહેશો નહિ. જે કામ આપણે પોતે કરવાની તસ્દી લેતા નથી તે કામ બીજાઓ કરશે એવી આશા કદી રાખતા નહિ.'

(અંગ્રેજી ઉપરથી)

રવલો રબારી

રવલા રબારીને સાત સાત વાડા,
વાડે વાડે તે ઢોર પૂર્યાં રે જી.

પહેલે વાડે તે પૂર્યાં ઘેટાં ને બકરાં,
બેં બેં ના બણકાર બોલે રે જી.

બીજે વાડે તે પૂરી ગાયો દૂધાળી,
રૂપલા વાછડીઓ ધાવતી રે જી.

ત્રીજે વાડે તે પૂરી ભેંસો મદમાતી,
વાંકડિયાં શીંગડાં હલાવતી રે જી.

ચોથે વાડે તે પૂર્યા સાંઢ શા રૂપાળા,
ડુંગર શું બેઠા ડોલતા રે જી.

પાંચમે વાડે તે પૂર્યાં ઊંટો અળખામણાં,
લાંબી ડોકે તે બધાં ગાંગરે રે જી.

છઠ્ઠે વાડે તે પૂર્યા ઘોડા થનગનતા,
ચંદી ચાવે ને હણહણતા રે જી.

સાતમે વાડે તે પૂર્યા હાથી ત્રાડંતા,
કાળાં તે વાદળાં શું ગાજે રે જી.

રવલો રબારી મોટો ઢોરાંનો રાજા,
દેશે દેશે તે એની વાયકા રે જી.

રવલા રબારીને બે બે તે લખમી,
ઢોરાં ને બીજી રબારણ રે જી.

સુન્દરમ્

માધુકરી



નાગાર્જુન

સૌન્દર્યની શોધ (શાર્દૂલવિક્રીડિત)

મોટા માનવસંઘ કૈંક ઊપડ્યા સૌંદર્યનાં મૂળને
શોધી મેળવવા, મથ્યા બહુ, છતાં પોં'ચ્યો ન એકે ત્યહીં;
મૂંઝાંમાં પડિયા પથે જ સઘળા અંજાઇ સૌંદર્યથી,
જાગતા કવિકોવિદો સ્તુતિ વિષે ભૂલ્યા મહાશોધને. —રતિલાલ શુકલ

આ પુરુષ હિંદુસ્તાનના આદ્ય રસાયણશાસ્ત્રી ગણાય છે. જન્મે તે બ્રાહ્મણ હતા અને વેદધર્મમાં ઊછર્યા હતા, પણ પાછળથી તેમણે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યો હતો. જુદા જુદા વિદ્વાનોના મતનું તારણ કરતાં જણાય છે કે નાગાર્જુન ચોથા સૈકાના પ્રારંભમાં થઇ ગયા અને તે વેળા તથા તે પછીનાં સૈકડો વર્ષ લગી તે પ્રસિદ્ધિ ખૂબ પામ્યા હતા. પ્રખ્યાત ચીની મુસાફર હ્યુન ચાંગ લખે છે કે 'નાગાર્જુન એક પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન રસાયની હતા, અને તે શાલિવાહન રાજાના મિત્ર હતા.' બાણ કવિના હર્ષચરિત નામના ગ્રંથમાં પણ નાગાર્જુનને શાલિવાહન રાજાના મિત્ર તરીકે વર્ણવવામાં આવ્યા છે. 'ઔષધ બનાવવામાં નાગાર્જુન બોધિસત્ત્વ ઘણા પ્રવીણ હતા. એક ઔષધની ગોળીથી તે ઘણાં વર્ષ જીવ્યા હતા. તેમના મિત્ર શાલિવાહન રાજાએ પણ આ ઔષધ ખાધું હતું'

પણ આ મહાપુરુષ એકલા રસાયણશાસ્ત્રી જ ન હતા. બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં માધ્યમિક દર્શનના સ્થાપક તરીકે પણ તેમની કીર્તિ છે 'સર્વં શૂન્યમ્'નો સિદ્ધાંત સામાન્ય રીતે નાગાર્જુનનો મનાય છે 'જગતમાં નૈતિક ધર્મ નિરંતર ભાગ્યે જ ચાલે છે. વખતોવખત પવિત્ર પુરુષો જન્મે છે અને તેઓ પોતાના પ્રબલ વિચારોથી સત્ત્વશાળી વાતાવરણ પ્રકટાવતા રહીને જગતનું નીતિનું ધોરણ ઉચ્ચ રાખ્યા કરે છે. પ્રથમ તો સામાન્ય લોકોને આ વિચારો અશક્ય જેવા લાગે છે, પણ થોડાં વર્ષમાં કેટલાક જ્ઞાની મનુષ્યો તેમના અનુયાયી બને છે અને એ રીતે નૈતિક ધર્મની સ્થાપના થાય છે પણ સમય જતાં ફરી પાછો એ જુસ્સો નરમ પડે છે, સામાજિક નીતિના જુદા વિચાર દાખલ થાય છે અને મૂળ ધર્મ નિષ્ફળ બને છે.' બૌદ્ધ ધર્મની પણ કંઇક આવી જ અવસ્થા થઇ હતી.

મોક્ષ મેળવવા સારુ જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ એ બે ધોરી રસ્તા છે. જ્ઞાનમાર્ગ કઠિન મનાય છે અને કર્મમાર્ગ સરળ લેખવામાં આવ્યો છે. આ કર્મમાર્ગ એટલે દેવતાઓની સ્તુતિ કરીને તેમનું આવાહન કરી તેમની કૃપા મેળવી મોક્ષ મેળવવો તે. બૌદ્ધ ધર્મમાં પણ કાળ જતાં આવા બે ચીલા પડ્યા. જ્ઞાનમાર્ગ અઘરો ને કઠિન હોઈ તે શાખાનું નામ હીનયાન—એટલે નાનો અને કઠણ રસ્તો—એવું પડ્યું; અને મંત્રોથી બુદ્ધ ભગવાનનું આવાહન કરી મોક્ષ મેળવવો એ સિદ્ધાંત સરળ હોવાથી તેનું નામ મહાયાન–મોટો રસ્તો–આપવામાં આવ્યું.

આ મહાયાન પંથના પ્રવર્તકોમાં નાગાર્જુનનું નામ આગળ-પડતું આવે. મહાયાન પંથનાં ધર્મશાસ્ત્રો સાથે જે બૌદ્ધ તંત્રો લખાયા તેમાં ઘણીક રાસાયણિક રીતો આપવામાં આવી છે. એ રાસાયણિક તંત્રો તથા યુક્તિઓનો મુખ્ય રચનાર નાગાર્જુન હતો. બેંડોલ, શાસ્ત્રી અને લેવી નામના ત્રણ વિદ્વાનોએ નેપાળના રાજાના હસ્તલેખસંગ્રહના કરેલા શોધન પરથી સિદ્ધ થયું છે કે બૌદ્ધ ધર્મના આ તંત્રોનું અને તેમાં યે ખાસ કરી રસાયન તંત્રોનું સાહિત્ય બહુ મોટું છે, અને તેમાંના કેટલાક ગ્રંથોમાં રાજા શાલિવાહન અને નાગાર્જુન વચ્ચે સંવાદરૂપે તે રીતો આપવામાં આવી છે તીબેટના ગ્રંથભંડારો તપાસતાં ત્યાંથી પણ નાગાર્જુનનાં લખેલાં કેટલાક તંત્રો મળી આવ્યાં છે.

ઉત્તર પ્રદેશમાં સંગ્રહાએલા બૌદ્ધ સાહિત્યમાં નાગાર્જુને કરેલા અનેક ચમત્કારોનું વર્ણન આપવામાં આવ્યું છે. તેમાં નાગાર્જુનને દૈવી શક્તિવાળા ગણવામાં આવ્યા છે. હ્યુન ચાંગ તો વળી નાગાર્જુનને બૌદ્ધ દેવતાઓમાંના એક ગણે છે અને તેનું જીવનચરિત્ર પણ ચીનમા કોઇકોઈ જૂનાં પુસ્તકોમાં લખવામાં આવ્યું છે. તારાનાથ નામના તીબેટના એક સાધુએ નાગાર્જુન વિષેની સર્વ દંતકથાઓનો સંગ્રહ કર્યો છે જે પરથી આ જીવનચરિત્ર લખવામાં આવ્યું છે. જો કે એ પરથી તેના જીવનની કેવળ સત્ય હકીકતો ખોળી કાઢવી બહુ દુર્ઘટ છે, છતાં એ કથાઓનું તારતમ્ય આમ મૂકી શકાય:

વિદર્ભ દેશમાં એક અતિ ધનવાન બ્રાહ્મણ રહેતો હતો.

તે અપુત્ર હતો તેથી પુત્રપ્રાપ્તિની તેને તીવ્ર ઉત્કંઠા હતી. એક વાર તેને સ્વપ્ન આવ્યું કે 'તું બ્રાહ્મણોને શ્રદ્ધાપૂર્વક બ્રહ્મભોજન આપીશ તો તને પુત્રપ્રાપ્તિ થશે.' તે પરથી તેણે પ્રભુપ્રાર્થના કરી અને સો બ્રાહ્મણોને જમાડ્યા. દશ માસ પછી તેને ત્યાં પુત્રનો જન્મ થયો, ત્યારે તે ધનવાન બ્રાહ્મણે જોશીને બોલાવી બાળકના ગ્રહ જોવડાવ્યા. જોશીએ કહ્યું કે આ બાળક એક અઠવાડિયાથી વધારે જીવશે નહિ, પરંતુ જો સો બ્રાહ્મણોને જમાડવામાં આવે તો તેનું આયુષ્ય સાત વર્ષ વધે; પણ આથી વધુ તો તેનું આયુષ્ય નથી જ. પેલા બ્રાહ્મણે તો જોશીના કહ્યા પ્રમાણે કર્યું. પણ જ્યારે બાળક નાગાર્જુનને સાતમું વર્ષ બેઠું ત્યારે તેનાં માતાપિતા બહુ ચિંતાતુર બન્યાં. પુત્રના મૃત્યુનું દુઃખ પોતે જોઈ શકશે નહિ એમ ધારી નાગાર્જુનને તેમણે થોડાં માણસો સાથે કોઈ એકાંત સ્થળે મોકલી દીધો. એ એકાંતવાસમાં દુઃખી જીવન ગાળતા નાગાર્જુન પર મહાબોધિસત્ત્વ ભગવાન અવલોકિતેશ્વર ખસ્પેણ પ્રસન્ન થયા અને કોઈ અન્ય વેષમાં તેને દર્શન આપી મગધના નાલેન્દ્ર મઠમાં ચાલ્યા જવાનો તેને આદેશ દીધો. આથી નાગાર્જુન તે પ્રસિદ્ધ મઠમાં ગયા. તે વેળા આ મઠનો મુખ્ય સાધુ શ્રી સરાહભદ્ર નામે હતો. તેણે નાગાર્જુનને વિહારના ભિક્ષુ તરીકે દીક્ષા દીધી.

તે પછી અમુક સમય બાદ તે પ્રદેશમાં ભયંકર દુકાળ પડ્યો અને સાધુઓના નિર્વાહ માટે ભારે ચિંતા ઊભી થઈ. વિહારના દુઃખનિવારણ સારૂ કંઈક યુક્તિ યોજવાનો નાગાર્જુનને વિચાર થયો. પાસેના સાગરમાં આવેલા એક બેટમાં એક મહાત્મા એકાંત સેવતા હતા તેની પાસે જઈ કંઈક માર્ગ કાઢવા તેણે નિર્ણય કર્યો. તે વેળા કોઈથી સમુદ્ર ઓળગાય તેમ નહોતું, તેથી નાગાર્જુન વૃક્ષનાં બે પાંદડાં લઈ મંત્રવડે દૈવી શક્તિથી પાંદડા ઉપર સમુદ્ર ઓળંગી તે મહાત્મા પાસે પહોંચ્યા. એ મહાત્મા પોતાના સ્થાનને અગોચર માનતા હતા, તેથી આ માણસને આવેલો જોઈ ઘણા ચકિત થયા અને અહીં તે કેવી રીતે આવ્યો તે વિષે તેમણે નાગાર્જુનને પૂછ્યું. નાગાર્જુને વિનયપૂર્વક ઉત્તર આપ્યો, 'આપની કૃપાથી ને દૈવીશક્તિથી હું આ પાંદડા પર તરી અહીં આવી શક્યો છું. મારા દેશમાં દુકાળ પડવાથી વિહારવાસીઓ ઘણા દુઃખી થાય છે, માટે અમારા પર આપ કંઈક કૃપા કરો. આપને ધાતુપરિવર્તનની વિદ્યા સાધ્ય છે માટે આપ તે વિદ્યા મને શીખવો.' મહાત્માએ તેને પેલું પાંદડું આપવાની અને જંબુદ્વિપમાં પાછા ન જવાની શરતે વિદ્યા શીખવવાની હા પાડી. પણ નાગાર્જુન પાસે બીજું પાંદડું હતું તેની તેમને ખબર નહોતી. નાગાર્જુન તો વિદ્યા પૂરેપૂરી શીખી રહ્યા એટલે પોતાની પાસેના બીજા પાંદડાની સહાયથી તે પાછા ચાલી આવ્યા અને પોતે સાધ્ય કરેલી ધાતુપરિવર્તનની વિદ્યા (સોનું કરવાના કીમિયા) વડે સુગમતાથી ધન પેદા કરી આખા વિહારનો નિર્વાહ ચલાવ્યો. તે પછી તે ઉત્તરકુરૂ પ્રદેશમાં જઈ આવ્યા, અને સરાહભદ્રના મૃત્યુ પછી નાલેન્દ્ર વિહારનો તે અધિપતિ થયો અને પોતાના ગુરૂ સરાહભદ્રના મૂળ માધ્યમિક સિદ્ધાંતોને તેણે વધુ ખીલવ્યા.

ઉપરના વૃત્તાંત ઉપરથી જણાય છે કે નાગાર્જુન માધ્યમિક દર્શનના સ્થાપક તથા કીમિયા અને જાદુના પ્રવીણ નાયક ગણાતા હતા. હિંદના રસાયણશાસ્ત્રીઓ નાગાર્જુનને વૈદ્યયંત્ર અને દાહનવિધિના સંશોધક તરીકે ગણે છે, અને 'કક્ષપુ તંત્ર', 'રસરત્નાકર' તથા 'આરોગ્ય મંજરી' નામના ગ્રંથોના રચનાર તરીકે વર્ણવે છે. વૃંદ કહે છે કે કાજળ બનાવવાનું સૂત્ર સૌ પહેલું નાગાર્જુને આપ્યું હતું. ડલ્હાન તો વળી નાગાર્જુનને સુશ્રુતની પુનરાવૃત્તિ કરનાર તરીકે ગણે છે. વિદ્વાન અરબ ગ્રંથકર્તા આલ્બેરૂની કહે છે કે 'સોમનાથ પાસેના દૈહકનો પ્રસિદ્ધ રહેવાશી નાગાર્જુન સમર્થ રસાયનશાસ્ત્રી હતો. તેણે રસાયનશાસ્ત્ર પર એક સુંદર પુસ્તક લખ્યું છે, જે હાલમાં ક્વચિત્ જ મળી આવે છે. હું હિંદ ગયો તે અગાઉ સોએક વર્ષ પૂર્વે તે થઈ ગયો છે.' આ હકીકત અલ્બેરૂનીએ કોઈ બ્રાહ્મણ પાસેથી મેળવી હતી જોકે તે મુસલમાન હોવાથી કાશી કે કાશ્મીર જઈ શક્યો નહોતો, તેથી ઘણાખરા તેમાંની સમય વિષેની હકીકત પ્રમાણભૂત ગણતા નથી.

પણ નાગાર્જુનની વિખ્યાત કૃતિ તો રસરત્નાકર નામનો રસાયનશાસ્ત્રનો ગ્રંથ છે. તે સમયમાં હલકી ધાતુઓને મારી સોનું બનાવવાની જે જે રીતો જાણીતી હતી તે રીતો આ ગ્રંથનાં સૂત્રોમાં આપી છે. ખરી વાત તો એ છે કે કોઈપણ ધાતુમાંથી સોનું બનાવી શકાતું નથી; પણ કોઈ ધાતુ બીજી ધાતુ સાથે મળી રંગે પીળી થાય તેને એ વેળા સોનું માની લેવામાં આવતું. આવી પીળી ધાતુઓ બનાવવાની ઘણી રીતો એ ગ્રંથમાં આપવામાં આવી છે. રૂપું, ત્રાંબુ, સીસું, જસત ઇત્યાદિને એકબીજા સાથે મેળવવામાં આવતાં હતાં. ઘણીવાર તો પારામાં હરતાળ નાખી તેને પીળો ને કઠણ બનાવતા. આવું ખોટું સોનું બનાવનારાઓ માટે નીતિવેત્તાઓએ તથા ધર્મશાસ્ત્રીઓએ ભારે સખ્ત આદેશો છે.'જે સોની અપ્રામાણિકપણે વર્તશે તેને રાજા અસ્ત્રાથી કાપી નાખશે' એવી મનુસ્મૃતિમાં મનુ મહારાજે આજ્ઞા ફરમાવી છે.

નાગાર્જુનના 'રસરત્ન સમુચ્ચય' નામના ગ્રંથમાં રસાયનશાસ્ત્રી કેવો હોવો જોઈએ ને તેણે કેવા રાજ્યમાં રહી પોતાની પ્રયોગશાળા કેવા સ્થાનમાં બાંધવી તેનું વર્ણન પણ આપ્યું છે. તેમાં લખ્યું છે કે રસાયણી શિક્ષક ડાહ્યો, અનુભવી, રસાયનમાં પ્રવીણ, શિવપાર્વતીનો ભક્ત તથા નિર્વ્યસની હોવો જોઈએ. વળી તેના શિષ્યને ગુરુ પ્રત્યે માન હોવું જોઈએ. શિષ્ય સત્યવાદી, આજ્ઞાંકિત, નિરાભિમાની, શ્રદ્ધાળુ, સારો તથા દેવ બ્રાહ્મણની પૂજા કરનાર હોવો જોઈએ. જે રાજાના દેશમાં બંડ કે બળવો ન થતો હોય, જેને ઇશ્વરની બીક હોય ને જે શિવપાર્વતીનો ભક્ત હોય તેવા રાજાના રાજ્યમાં પ્રયોગશાળા

જંગલમાં બાંધવી. તેને ચાર દિશાએ ચાર બારણાં રાખવાં, અને અંદર દેવતાઓની છબીઓ ટાંગવી. કૂપ તથા ઔષધિઓની પાસે જ પ્રયોગશાળા બાંધવી જુદાજુદા યંત્રો ને ઓજારો પણ યથાસ્થાને રાખવાં પૂર્વ દિશામાં પારાનું શિવલિંગ મૂકવું અગ્નિખૂણામાં ભઠ્ઠી રાખવી. ઓજારો નૈઋત્ય ખૂણામાં મૂકવાં, ધોવાનું કામ પશ્ચિમ ખૂણામાં અને સૂકવવાનું વાયવ્ય ખૂણામાં કરવું વળી સત્ત્વ કાઢવાનું કોષ્ઠિયંત્ર, પાણીનાં વાસણો, ધમણો, સૂપડું, ખરલ, ઝીણી મોટી ચાળણીઓ, મૂષા-કુલડી બનાવવાની માટી, કોલસા, સૂકાં છાણાં, લોખંડ, છીણો વગેરે એકઠાં કરી રાખવા. જેઓ સારા વનસ્પતિજ્ઞ હોય તેમની જ સેવા પ્રયોગશાળામાં લેવી. યંત્રો અનેક પ્રકારનાં છે જેવાં કે દોલાયંત્રો, સ્વેદયંત્ર, પાતનયંત્ર, અધ સ્પાતનયંત્ર, ઢેકીયંત્ર, વાલુકાયંત્ર, લવણયંત્ર, નાલિકાયંત્ર, તિર્યકપાતનયંત્ર. વિદ્યાધર યંત્ર, ધૂપયંત્ર ઇત્યાદિ. લોઢું, ત્રાંબુ, કલાઇ, સોનું, રૂપું ઇત્યાદિ ધાતુઓ તથા ફટકડી, મોરથુથુ, સિંધવ વગેરે ક્ષારો ઉપયોગમાં લેવાતા અને તે હિંદના વિવિધ ભાગમાં મળી આવતા

ફટકડીને સુશ્રુતમાં <u>સુરાષ્ટ્રજા</u> કહી છે. કૅપ્ટન મેકમુર્ડો લખે છે કે ઇ.સ ૧૮૧૮ પહેલાં લાખ્ખો મણ ફટકડી કચ્છ-કાઠિયાવાડમાંથી જતી. ફટકડીનો પથ્થર ખોદી કાઢી તેને ચાર માસ ઉઘાડો રહેવા દેવામાં આવતો. પછી છીછરા વાસણમાં પાથરી ઉપર પાણી છાંટવામાં આવતું. બાર દહાડા પછી તેના પર જાડો થર બાઝી જતો જેને ફટકડીનું બીજ કહેતા. તે બીજને લોખંડના વાસણમાં ઉકાળતા ને અંદર સોવચેલ —Saltpeire—(આ બીજ પાંચ ભાગ અને સોવર્ચેલ બે ભાગ નાખતા જ્યારે તે બધું ભેસી જાય ત્યારે તેને કૂંડામાં મૂકતા. તેથી ૩ દિવસમાં ફટકડીના કણ બાઝી જતા તેને પાછું એક બે વાર ઉકાળી, ઠારી સાંકડા મોઢાના ઘડામાં મૂકી જમીનમાં દાટતા, જેમાં ફટકડી બાઝી જતી પછી તે ઘડાને ફોડી ફટકડી કાઢી લેતા હતા. —રેવાશંકર ઓ. સોમપુરા

(સર પી સી. રાયના હિંદુ રસાયનશાસ્ત્રના ઇતિહાસ ઉપરથી)

સ્વિસ યુવાનનું તહેવાર-જીવન

સ્વિટ્ઝરલાંડ દેશના જુવાનો 'નિશાળમાંથી નીસરી જવું પાંસરૂં ઘેર'નાં સૂત્રો નથી પાળતા. ઉનાળાની રજાઓમાં હિંદી વિદ્યાર્થી ઘણે ભાગે જ્યારે બાપને ઘેર પહોંચી જઇ ચોપડીઓમાં ડૂબે છે અથવા ઓદીપણું કેળવે છે, અથવા તેત વર્ષો પરણ્યો હોય તો સાળાસાળીનાં લગ્નોમા હાજરી આપવા જાય છે, ત્યારે સ્વિટ્ઝરલાંડની શાળાઓ ને કૉલેજોમાંથી છૂટેલા યુવાનો તેમ જ યુવતીઓ પોતાના એ રળિયામણા પહાડી દેશની શિખરમાળાઓમાં ભમવા અને પ્રકૃતિને ખોળે લેટવા નીકળી પડે છે. ચાર છ અઠવાડિયાંનું એ સાહસભર્યું ને રસીલું પહાડી જીવન તેઓને નવાં બલ તેમજ તેજ સીંચી પાછાં મોકલે છે.

સ્વિટ્ઝરલાંડની પ્રજા મહેનતુ, કસરતી અને કુદરતી સાધન-સામગ્રીઓની બક્ષિશ પામેલી હોવાથી બીજા દેશો કરતાં એકંદરે દોલતમંદ છે, એટલે વિદ્યાર્થીઓના માતપિતાઓને તેઓનાં પુત્રપુત્રીઓના આ પ્રવાસોનું જૂજજાજ જે ખર્ચ આવે તે કંઈ ખાસ ભારે પડી જાય નહિ તેમ છતાં નાણાંની અછતના તથા એકંદર નાદારીના આ જગતવ્યાપી કાળમાં સ્વિસ પ્રજાનાં ખીસાં પર પણ કાપ મૂકાયો છે અને સ્વિસ વિદ્યાર્થીઓએ નક્કી કર્યું છે કે આવા કઠિન કાળમાં માબાપોની પીઠ ઉપર આ પ્રવાસોનાં ફાલતુ ખર્ચો લાદવાં ન જોઇએ. બીજી બાજુ બાર મહિનામાં જે દોઢબે માસ રજાના મળે તેની મજા પણ ગુમાવવી ન પાલવે. એટલે પછી પોતાની કમાણી રળીને એ મોજ લૂંટવી એવો તેમણે નિશ્ચય કર્યો. અને 'સ્વિસ વિદ્યાર્થી સંઘ' નામની દેશવ્યાપી પ્રતિનિધિ સંસ્થાએ ત્યાંની સરકારને મળી એક યોજના રજુ કરી.

યોજના એ છે કે દેશના અમુક પહાડી પ્રદેશો કે જ્યાંના વતનીઓ પાકી સડકો વિના, નદીઓના બંધો વિના અથવા તો પહાડો પરથી તૂટી પડેલા બરફના ખડકો તળે દટણપટણ બની ગએલા મકાનોને ખુલ્લાં કરવાની ત્રેવડ વિના અત્યંત પીડાઇ રહેલા હોય, તે તે પ્રદેશોમાં વિદ્યાર્થીઓએ મજૂર મંડળીઓની સ્થાપના કરવી ત્યાં જઇને વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલાં કામો ઉપાડી લેવાં ને તેના બદલામાં કંઈક રકમ ત્યાંની વસ્તી આપે. સરકાર તેમાં પોતાના ખજાનામાંથી મોટો ફાળો પૂરે. તે સંયુક્ત દ્રવ્યમાંથી વિદ્યાર્થીઓને ખાવાપીવાની સગવડો અપાય. દેશની નિજની જ સરકાર ખરી ને, એટલે આ યોજના તો એને તમામ દૃષ્ટિએ ગુણકારી લાગી ગઈ. એક તો દેશનાં દુર્બલ અને દૂરદૂર પડેલાં પરગણાંઓને સહેજે આવા પાણીદાર જુવાન મજૂરો સાંપડે, અને બીજું પ્રજાનો તરૂણ સમુદાય સ્વાવલંબનની ખુમારી કેળવતો થાય. યોજના મંજૂર થઈ.

૧૯મી જુલાઈથી ૧૯મી સપ્ટેમ્બર, એ નવ અઠવાડિયાના ત્રણ વિભાગ પાડી નાખવામા આવ્યા. દરેક વિદ્યાર્થી આમાંથી એકેક વિભાગ પૂરતું, ને ઇચ્છા હોય તો આખા ય સમય માટેનું, પત્રક ભરે. પછી એને સારૂ મંજૂર થએલાં ત્રણ અઠવાડિયાં ગાળવા એ મુકરર જગ્યાએ જવા ઉપડે. આ યોજનામાં રેલવે વગેરે ખાતાંઓનો પણ સહકાર મળતો હોવાથી દરેક વિદ્યાર્થીને પોતાના ગામથી છેક મજૂરીના સ્થાન સુધી જાતવળતનો મફત પાસ મળે. અન્ય દેશના વિદ્યાર્થીઓને માટે પણ આ યોજનામાં સ્થાન હોઈ, પરદેશી વિદ્યાર્થીને છેક સ્વિટ્ઝરલાંડની સરહદથી તે મુકરર સ્થાન સુધીનો જાતવળતનો પાસ મળે.

મુકામ ઉપર કામ કરવાનું રોજના ફક્ત સાત કલાક, શનિવારે ચાર જ કલાક અને રવિવારે આખી રજા. કામનો સમય સવારના પાંચથી બપોરના એક સુધી. વચ્ચે ૭થી ૮ એક કલાક ઉપાહારનો. આ રીતે બપોર પછીનો સળંગ સમય વિદ્યાર્થીઓ નજીક જ પડેલા રમ્ય આલ્પ્સ પહાડોની અંદર પરિભ્રમણોમાં, રમતોમાં, નૃત્યગીતોમાં, કે વાંચવા-લખવામાં ગાળી શકે. છાપાંઓ, પુસ્તકો અને રમતનાં સાધનો તેઓને

રાંદેશા પૂરાં પાડે છે. સંગીતનાં વાજીંત્રો સૌ પોતપોતાનાં લાવે છે.

વસવાટ માટે તેઓને ગામડાંની નિશાળો વગેરે સાર્વજનિક મકાનો આપવામાં આવે છે. ઘાસનાં બિછાનાં તેઓ બનાવી લે છે; ને દેશના લશ્કરી ખાતા તરફથી તેઓને કામળા, ચાદરો ને ઓશીકાં પૂરાં પાડવામાં આવે છે. દરરોજ તેઓને ત્રણ ટંકનું પેટ ભરીને જમવાનું અપાય છે. સવારે નાસ્તો મળે છે. રસોઈ કરવામાં સ્ત્રી વિદ્યાર્થીઓ મદદ કરે છે, અને પુરુષ વિદ્યાર્થીઓ વાસણ માંજવાધોવામાં સાથ આપે છે. ખોરાક સાદો, ચોખ્ખો ને પૌષ્ટિક હોય છે. આ બધી વ્યવસ્થા દેશની એક ખાસ ખાદ્યનિપુણ ને જવાબદાર સંસ્થા કરે છે

મફત રેલમુસાફરી, ખાનપાન અને મકાન ઉપરાંત મોટો લાભ એ છે કે કામ કરવા દરમ્યાનના તમામ અકસ્માતો સામે દરેક વિદ્યાર્થીનો વીમો ઉતારવામાં આવેલો હોય છે, અને કામ પણ સરકાર તરફથી મોકલાએલા નિપુણ અધિકારીઓની ચોક્કસ દેખરેખ નીચે જ કરાવવામાં આવે છે.

છેલ્લાં ચાર વર્ષોથી આ હિકમત ઉઠાવવામાં આવે છે. એ દરમ્યાન કેટલા યે નિર્ધન પ્રદેશોની વસ્તીને આ વિદ્યાર્થીઓએ કુદરતી હોનારતોમાં થએલી પાયમાલીમાંથી રાહત અપાવી છે, એકબીજા પ્રદેશો વચ્ચે પાકી સડકો, પૂલો વગેરે બાંધીને વ્યવહાર ખુલ્લો કર્યો છે, અને ફાજલ સમયમાં ગામડિયા પ્રજાજનો સાથે નૃત્ય, ગીત ને ગમ્મતોનું સહજીવન જગાવ્યું છે. આલ્પ્સ ગિરિની અપૂર્વ સુંદરતા પેટ ભરીભરીને તેઓ વગર ખર્ચે માણી છે, અને દેશદેશના વિદ્યાર્થીઓ સાથે પરિચય કેળવી આંતરરાષ્ટ્રીય સ્નેહગાંઠો બાંધે છે તે તો વળી જુદું. આ રીતે ગયે વર્ષે સ્વિસ વિદ્યાપીઠોમાંથી ૧૮૫ અને વિદેશી વિદ્યાપીઠોમાંથી ૧૧૫ વિદ્યાર્થીઓ આ સ્વાશ્રયી મોજની લૂંટાલૂંટમાં ભેળાયા હતા.

આપણે ત્યાં વિદ્યાર્થીઓનું પુસ્તકિયા કીટ-જીવન હવે તૂટતું જાય છે, વૅકેશનોમાં પરિભ્રમણ કરવા નીકળી પડવાની મનોદશા જરૂરજરૂર જાગી છે. ઠેરઠેર અંગકસરતના કે સ્કાઉટોના કૅમ્પો ખોલાય છે. એ બધું ખરું; પણ કોને ખર્ચે? પૈસાનો બોજો માબાપોની કમરો પર લદાય છે, અને આ પરિભ્રમણોમાં ખર્ચાતી યુવકોની શરીરશક્તિ તેમ જ સમય ને મૂડી પ્રજાના કોઈ સીધા ઉપયોગમાં સંકળાતી નથી. એવું કંઈ આપણાં લોકલબોર્ડોને ન સૂઝે?

(ફુલછાબ)

આમલી

આમલીને અંગ્રેજીમાં ટૅમેરિન્ડ તથા હિંદુસ્તાની ભાષામાં ઇમલી કહે છે. આપણામાંના ઘણાખરાઓએ આમલીનું ઝાડ જોયું હોય છે. એ ઝાડ હિંદુસ્તાન તેમજ એશિયા, આફ્રિકા અને અમેરિકાના ઘણા ભાગોમાં થાય છે. નાનપણમાં મોટે ભાગે લગભગ બધા છોકરાઓ ગામને પાદરે આમલીના ઝાડ આગળ જઇ તે પર પથરા મારી કુમળી આમલીઓ ખેરવીને ખાય છે.

આમલી ઉષ્ણકટિબંધનું વૃક્ષ છે. એ ઝાડ સાધારણ ઠીક મોટાં થાય છે. એની ઊંચાઇ સરેરાશ ૭૦થી ૮૦ ફૂટની ગણાય છે. આમલીનું ઝાડ ઊગ્યા પછી એને આઠમે વર્ષે ફળ આવે છે. ઝાડ પર જે લીલાભૂખરા રંગની છાલવાળી વાંકી શીંગો જેવાં ફળ બેસે છે તેને આમલીના કાતરા કહે છે. એ છાલમાં સફેદ રંગનો માવા જેવો ખાટો પદાર્થ હોય છે. એ પદાર્થ પાકીને બદામી રંગનો ને પોચો થાય છે ત્યારે ઉપયોગમાં લેવાય છે. માહ અને ફાગણ મહિનાઓમાં આમલી પાકે છે. કાચી આમલીનો રંગ લીલાશ પડતો હોય છે. તેનાં બીઆં કથ્થાઇ રંગનાં અને સખત હોય છે. તેને ચીચુડા અથવા કચુકા કહે છે.

હિંદુસ્તાનમાંથી ઇંગ્લંડ વગેરે દેશોમાં આમલી પુષ્કળ મોકલવામાં આવે છે. ત્યાં તેના ગરમાંથી દારૂ બનાવે છે તથા રેચક ઔષધો બનાવવાના કામમાં પણ તે વપરાય છે. વેપારને અર્થે આમલી લાંબો વખત રાખી શકાય તે માટે તેને અમુક જાતના શરબતમાં ઉકાળે છે. હિંદુસ્તાનમાં આમલીના કચુકા અને પાંદડાં રાતો તથા પીળો રંગ બનાવવાના કામમાં વપરાયછે. આમલીનું લાકડું સાધારણ રીતે ચીકણું અને મજબૂત ગણાય છે.

આમલીનો મુખ્ય ઉપયોગ આપણે ત્યાં તો શાક, દાળ વગેરે પદાર્થોમાં નાખવામાં કરવામાં આવે છે. આપણા લોકોને મોટે ભાગે બારે મહિના આમલી ખાવા જોઇએ છે, તેથી લોકો મોસમ ભરે છે. અંદરના ચીચુડા કાઢી તેને મીઠા સાથે ચોળી તેના ગોળા વાળી હમેશના વપરાશ માટે કોઠીઓમાં ભરી રાખે છે. નવી આમલી કરતાં જૂની આમલી સ્વાદિષ્ટ તથા ખાવામાં ઠીક લાગે છે તેમજ ફાયદાકારક પણ વધારે છે, એટલે આપણા લોકો આમલી જૂની થયે જ વાપરે છે. નવી કરતાં જૂની આમલીમાં ખટાશ વધારે હોવાથી તે પ્રમાણસર ખાવામાં આવે તો ફાયદો કરી મુખને હમેશાં સ્વચ્છ રાખે છે.

આમલીના કચુકાને પણ ઘણા લોકો શેકીને સોપારી પેઠે ખાય છે. ખાસ કરીને સ્ત્રી વર્ગ એવા શેકેલા ચીચુડા વિશેષ ખાય છે. એમાંથી એક જાતનું તેલ નીકળે છે, પણ આપણા લોકોનું તે પ્રત્યે ખાસ લક્ષ નથી. વીંછી કરડે તે પર એ કચુકો ધોળો થાય ત્યાં સુધી ઘસીને ચોપડવાથી વેદના મટી જાય છે. ભરવાડો એ ચીચુડામાંથી કપડાંને પાવાની કાંજી બનાવે છે. અર્ધો શેર ચીચુડા ત્રણ શેરેક પાણીમાં ઉકાળી તેના કોગળા થોડા દિવસ કરવાથી હિંગળોકનું વિષ કમી થઇ જાય છે.

આમલી બે પ્રકારની આવે છેઃ લાલ અને ભૂરી. આ બંનેમાં રાતી જાત ઘણી ઉત્તમ છે. આમલી ઠંડી તથા દસ્તને સાફ લાવનાર ગણાય છે. આમલીનાં પાંદડાં સોજા પર બાંધવાથી સોજો ઊતરી જાય છે. ગળાની અંદર ઘણીવાર સોજો થઈ આવે છે તેના પર આમલીના પાણીના કોગળા કરવાથી ઘણો આરામ થાય છે. શરીર પર ખીલ વગેરે ગરમીના ફોલ્લા તથા ગૂમડાં થાય છે તે પર કચુકા વાટી તેનું પોટીસ બાંધવાથી મટી જાય છે. આમલીનાં ફૂલ સ્વાદે કંઇક તુરાં તથા ખાટાં હોય છે. તે અગ્નિદીપક તથા કફનો નાશ કરનારાં ગણાય છે.

તેમાંથી લંકાના લોકો અમુક જાતની મીઠાઇ બનાવે છે અને બરોળની ગાંઠના દર્દીને તે ઔષધ તરીકે ખવડાવે છે. ઉપરાંત તેનાં પાંદડાંને બાફીને શેક કરવામાં પણ વાપરે છે.

આમલીનો પવન શરીરને નુકસાનકર્તા છે અને તેના ઝાડ નીચે બેસવાથી તંદુરસ્તી બગડે છે. એવું કહેવાય છે કે આમલીના ઝાડ નીચે જો તંબુ પણ લાંબો વખત બાંધી રાખવામાં આવે તો તંબુનું કપડું સડી જાય છે, જ્યારે બીજા ઝાડ નીચે તેટલા સમયમાં સડતું નથી !

એકંદરે આમલીનું ઝાડ ઘણું ઉપયોગી છે.

—રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

આતપસ્નાન

સ્નાનના અનેક પ્રકાર છે એ પૈકી જલસ્નાન (ઠંડા અથવા ઊના પાણીનું સ્નાન) એ તો આપણા નિત્યક્રમમાંનું જ હોવાથી એની માહિતી આપણુ સહુને સારી રીતે છે જ. તે ઉપરાંત મૃત્તિકાસ્નાન ને ગોમયસ્નાન કરવાનો પૂર્વે આપણામાં રિવાજ હતો. એનો અવશેષ હવે ફક્ત શ્રાવણીમાં રહેલો દેખાય છે.

સ્નાનના આ પ્રકારોમાં હમણાંહમણાં બેનો ઉમેરો થયો છે. એ પણુ આપણને પૂર્વે માહિતગાર તો હતો જ. માત્ર આપણે તેને જુદાં નામ આપ્યાં નહોતાં. તે વાયુસ્નાન ને આતપસ્નાન.

ઇંગ્લંડ વગેરે પાશ્ચાત્ય દેશો બહુ જ ઠંડી હવાના છે. કુંદ હવા, નિત્ય વરસાદ તેમજ હિમવૃષ્ટિનો ત્યાં સુકાળ હોઇ નિરભ્ર આકાશ ને સ્વચ્છ પ્રકાશ ત્યાં દુર્લભ હોય છે. જે દિવસે હવા સ્વચ્છ હોય અને સૂર્યપ્રકાશ સારી રીતે પડે તે દિવસે ત્યાંના લોકોને ખૂબ આનંદ થાય છે.

આવી હવાને લીધે ત્યાંના લોકોને પોતાનાં શરીર હમેશાં માથાથી તે પગ સુધી ઢાંકી રાખી ઠંડીથી પોતાનું રક્ષણ કરી લેવું પડે છે. પરિણામે તેમની ત્વચાને પવન અને તડકાનો કદી સ્પર્શ સુદ્ધાં થતો નથી. આથી તેમની અંગકાન્તિ ને એકંદરે આરોગ્ય ઉપર અત્યંત અનિષ્ટ પરિણામ થયું છે ને થાય છે. એ બાજુએ આરોગ્યશાસ્ત્રના વિચાર ને સંશોધન પણ વિશેષ જોરમાં શરૂ થયાં, તે સાથે, ખુલ્લી ને શુદ્ધ હવા તેમજ સૂર્યપ્રકાશનો સર્વાંગે પ્રત્યક્ષ સંસર્ગ થવાથી આરોગ્યની દૃષ્ટિએ કેટલા ને કેવા ફાયદા થાય છે, એ ત્યાંના શોધક ને વિચારશીલ લોકોના લક્ષમાં આવ્યું; અને એ લક્ષમાં આવતાં જ વાયુસ્નાન તેમ આતપસ્નાનના ગુણગાન ગાવાની તેમણે શરૂઆત કરી. એ બાજુનો સમાજ સમજુ અને પ્રગતિશીલ હોવાથી આ બે પ્રકારના સ્નાનનો પ્રચાર ત્યાં થોડા જ કાળમાં શરૂ થયો. હવે એનાં મોજાં આપણે ત્યાં પણ આવી પહોંચ્યાં છે.

પરંતુ નામથી નહિ તોપણ અનુભવથી તો એ બંને સ્નાનો આપણને પરિચિત હતાં એમ ઉપર કહ્યું જ છે. આપણા દેશમાં વર્ષમાં નવદસ મહિના (કેટલેક સ્થળે તો બારે મહિના) સૂર્યનો સ્વચ્છ તડકો પડે છે. આ હવામાનને શોભે એવાં જ આપણા આચારવિચાર, આહારવિહાર, રીતરિવાજ ને વેષપદ્ધતિ હતાં. ઉઘાડા શરીરે ફરવામાં શિષ્ટાચારનો ભંગ થાય છે એમ કોઇને પૂર્વે લાગતું નહિ. પહેરણ, બંડી, કોટ વગેરે વિશ્વામિત્રી સૃષ્ટિ એ વખતમાં ઉત્પન્ન થઇ નહોતી.

પણ અંગ્રેજ લોકોના અમલ પછી આપણું સર્વ કાંઈ ત્યાજ્ય અને નકામું ઠર્યું ને તેમનું બધું ગ્રાહ્ય અને પવિત્ર લાગવા માંડ્યું. આથી તેમનું અંધાનુકરણ શરૂ થયું. આ અનુકરણમાં તેમના વેષને અત્યંત પ્રાધાન્ય મળ્યું. અને પરિણામે કપડાંની ફૅશન તથા શોખને છંદે લાગવાથી વાયુસ્નાન ને આતપસ્નાન એ જે આપણને અગાઉ કુદરતી રીતે મળતાં હતાં તેનાથી આપણે વંચિત થયા. આથી જ વાયુસ્નાન ને આતપસ્નાનનાં સ્તુતિસ્તોત્ર ગાવાનો પ્રસંગ આપણને આજ આવ્યો છે.

સૂર્ય સ્થાવરજંગમનો આત્મા છે. સચેતન સૃષ્ટિનો તે પ્રાણ છે. અખિલ સૃષ્ટિ પર રીસાઇને જો તે થોડોક કાળ પણ ક્યાંક ખૂણામાં જઇ છૂપાઈ બેસે તો સર્વ સચેતન વસ્તુ રોગગ્રસ્ત થઇને જ્યાંની ત્યાં જ મરીને ઢળી પડે. સૂર્યનું આ મહત્ત્વ પ્રાચીન આર્યોના લક્ષમાં આવ્યાથી તેમણે સૂર્યને દેવત્વ અર્પીને તેની ઉપાસના કરવાનો ને તે દ્વારા આયુરારોગ્ય અને ઉત્કર્ષ સાધવાનો માર્ગ આંકી આપ્યો. ત્રિકાળ સંધ્યામાં સૂર્યોપાસનાને જે પ્રમુખ સ્થાન મળ્યું છે તે અમથું નહિ.

રોગનું નિવારણ કરવાનો ધર્મ સૂર્યનાં કિરણોમાં એટલો જબરદસ્ત છે કે એકલા શબ્દોથી તેનું વર્ણન થઇ શકે નહિ. સૂર્યકિરણોની ક્રિયા વડે શરીરમાંના ઝેરી મળનું ઉત્સર્જન થાય છે, ચામડીમાંના છિદ્રોમાંથી તે (સૂર્યકિરણ) શરીરમાં એકઠી થએલી વિષારી દુર્ગંધને બહાર કાઢી નાખે છે. રક્તમાંથી ઝેરી તત્ત્વ નીકળી જઇને તે શુદ્ધ થયું કે આરોગ્ય આવ્યું જ. અશુદ્ધ રક્ત એટલે રોગ; શુદ્ધ ને તેજસ્વી રક્ત એટલે આરોગ્ય.

આ આતપસ્નાનને જો બીજા આરોગ્યસાધક નૈસર્ગિક ઉપચારોનો સાથ આપવામાં આવે—ખુલ્લી ને શુદ્ધ હવા, શુદ્ધ ને હલકું પાણી, મિત ને પથ્ય આહાર (ફળો, દૂધ, કિંવા છાશ, પાલાભાજી, યથાશક્તિ વ્યાયામ, ચહા, કૉફી વગેરે ઉત્તેજક પેયોનો ત્યાગ)—તો રોગનિવારણનું કાર્ય કેટલા શીઘ્ર ગતિથી થાય એની કોઇને કલ્પના સુદ્ધાં આવી શકશે નહિ.

આતપસ્નાન વડે શરીરમાંનાં જે ઝેરી તત્ત્વો બહાર આવે છે તે કેટલાં ભયંકર હોય છે એનું એક જ ઉદાહરણ બસ થશે. એક જુવાન માણસ નાના પ્રકારના વિકારોથી જકડાઇ ગયો હતો. એને એટલી યાતના થતી હતી કે, એ યાતનાઓ સહન કરવા કરતાં મૃત્યુ સારૂં એમ તેને લાગતું. પછી એક ચિકિત્સકની સલાહથી તેણે આતપસ્નાન લેવાની શરૂઆત કરી. થોડા દિવસમાં તે તદ્દન સારો થયો. આ રોગી રોજ એક જ જગ્યાએ તડકામાં પડી રહેતો. ત્યાં ઘાસ બહુ સારૂં ને ઠાંસું ઊગેલું હતું. પણ થોડાં અઠવાડિયાં ગયા પછી જણાયું કે જે જગ્યાએ તે રોજ પડી રહેતો તેની આજુબાજુના ઘણા ભાગમાંનું ઘાસ શરૂઆતમાં એકદમ કરમાઈ ગયું ને મરી ગયું.

રોગી જ્યારે પૂર્ણપણે સારો થયો ત્યારે એવું નજરે પડ્યું કે તેની સૂવાની જગ્યાની આસપાસના પુષ્કળ ભાગમાંનું ઘાસ બીલકુલ બળી ગયું છે!

આતપસ્નાનનાં કેટલાંક પથ્યો છે. જેને આ સ્નાન કરવું હોય તેણે તે તમામ પથ્યો યથાસ્થિત પાળવાં જોઇએ. આ સ્નાન કરતી વખતે આખું શરીર ઉઘાડું-વિવસ્ત્ર હોવું જોઇએ. આમ કરવામાં શિષ્ટાચારની મોટી અડચણ છે એ ખરૂં, પણ કંઇક પડદા વગેરેની સગવડ કરીને આ અડચણ દૂર ન કરી શકાય એમ નથી. આ સ્નાનનો આરંભ અત્યંત કાળજી રાખીને સાવધતાથી કરવો જોઇએ. ઉનાળામાં તો બહુ સંભાળીને પગલું ભરવું જોઇએ. તડકો સખત હોય એ વખતે સ્નાન ન કરવું, પણ કોમળ હોય ત્યારે—સવારે ને સાંજે—સ્નાન કરવાનો આરંભ કરવો. પહેલે દિવસે પંદર મિનિટ જ સવારે ને સાંજે તડકામાં પડવું. પછી રોજ પાંચ પાંચ મિનિટ વધારતા જવું. છેવટની મર્યાદા એક કલાકની. આટલી મર્યાદાએ પહોંચતાં જ રોગીના પર તેની સારી અસર થએલી દેખાઇ આવ્યા સિવાય રહેશે નહિ; ને ઇષ્ટ પરિણામ થતું રહે તો આ કાળમર્યાદા બે કલાક સુધી પણ વધારવામાં હરકત નહિ. માત્ર તે ધીમેધીમે સાધવું જોઇએ.

તડકો લેતી વખતે માથા પર ભીનો રૂમાલ કિંવા ઝાડની લીલી ડાંખળીઓ રાખી હોય તો ઠીક, કે જેથી તડકાના તીવ્ર કિરણોની બાધા મગજને ન થાય,—ચક્કર વગેરે ન આવે.

સ્નાન કરવામાં જેટલો વખત ગાળવાનો હોય તેના ચાર ભાગ કરીને એકેક ભાગ ઊંધા, ચત્તા, ડાબે પડખે ને જમણે પડખે સૂઇને તડકો લેવો. એટલે કે આખા શરીર પર તડકાની અસર પહોંચવી જોઇએ. ચાળીસ મિનિટ સ્નાન કરવું હોય તો દસ મિનિટ ઊંધા પડવું, દસ મિનિટ ચત્તા પડવું, દસ મિનિટ ડાબે પડખે ને દસ મિનિટ જમણે પડખે પડવું.

સૂર્યકિરણના પ્રભાવથી શરીરના તમામ વેપારને ચલન મળીને તેમનું ઉદ્દીપન થાય છે, પાચનક્રિયા સુધરે છે, અન્નનો ઉત્તમ રસ થઇને તે શરીરમાં પચે છે-ઊગી આવે છે, રૂધિર તેમજ બીજા રસોના અભિસરણને તેજ ચડે છે, ત્વચા મલોત્સર્ગનો વેપાર બહુ જોરમાં શરૂ કરે છે, રક્ત તેજસ્વી તેમજ શુદ્ધ થઇને ત્વરિત ગતિએ શરીરમાં વહેવા લાગે છે. આથી શરીરમાં ચાપલ્ય ઉત્પન્ન થાય છે, મનને ઉત્સાહ ચડવા લાગે છે, આશા આકાંક્ષાને નવપલ્લવ ફૂટે છે, ઉદાસીનતા કરમાઇ જાયછે.

તાત્પર્ય કે આતપસ્નાનનું મહત્ત્વ બહુ છે. તે નિત્યનિયમથી થાય તો એ મંગળ કાર્ય છે. નાનાં બાળકોને તો તડકામાં રમવા જ દેવાં. તેમના પર કપડાં વગેરે પહેરવાના શિષ્ટાચારનો જુલમ વડીલોએ કરવો નહિ. આતપસ્નાન વખતે લજ્જા ઢાંકવા પૂરતું જે વસ્ત્ર રાખવું તે સફેદ હોવું જોઇએ; કોઇ પણ પ્રકારના રંગવાળું નહિ. ('ચિત્રમય જગત'માંથી તારવીને)

પારાશીશીઓ

અનેક યંત્રો, પદાર્થો અને પરિસ્થિતિનાં માપ કાઢવા માટે તેમનાં જોશ, વેગ, દબાણ, ગતિ અને સ્થિતિ દર્શાવનારાં સાધનો હોય છે. આ સાધનોને સામાન્ય રીતે મીટર એટલે 'માપક' અથવા ઈન્ડીકેટર એટલે 'દર્શક' એવું નામ આપવામાં આવે છે. એ માપકો અથવા દર્શકોને માટે એક સામાન્ય શબ્દ પારાશીશી છે, કેમકે ઘણાંખરાં માપકોમાં પારાની સહાય લેવામાં આવે છે. અહીં આપણે એવી વૈજ્ઞાનિક નહિ પણ કેટલીક ઘરગથ્થુ અથવા લૌકિક પારાશીશીઓની વાત કરીશું.

	જનાવરો	
ગોપટ	ઘરની સંસ્કૃતિ અને રીતભાતની પારાશીશી	
ઉંદર	ઘરના હવાઅજવાળાની—મરકીની	"
માખીઓ	ઘરની ગંદકીની—કૉલેરાની	"
મચ્છર	ઘરના ભેજ અને ખાળની—મૅલેરિયાની	"
ચાંચડ	અંધકાર ને ગંદકીની	"
	અંગ ઉપાંગ	
જીભ	હોજરીની	"
આંખ	આરોગ્યની	"
દાંત	પાચનની	"
નાડ	હૃદયની	"
શ્વાસ	ફેફસાંની	"
	બીજી બાબતો	
પુસ્તકાલય	રસ અને સંસ્કારની	"
અક્ષર	કાળજીની	"
દવાખાનું	રાષ્ટ્રીય આરોગ્ય અને નીતિની	"
બાગ	સામાજિક રસિકતાની	"
વર્તમાનપત્ર / સાહિત્ય	પ્રજાકીય કેળવણી અને સંસ્કારની	"

શાળા અને જેલ, અખાડો અને દવાખાનું, દુગ્ધાલય અને પાંજરાપોળ, બાગ અને ઉકરડા, વાચનાલય અને ચોવટીયાનો ચોરો, આ યુગ્મો કેવાં પરસ્પર વિરોધી છે? એકનું બારણું ઊઘડતાં બીજાનું વસાય છે. બંને સાથે ન જ ઊઘડી કે વસાઇ શકે તેવી વિલક્ષણ એની યોજના છે. શાની પસંદગી કરવી એ પ્રજાની મુત્સદ્દીની વાત છે. —ડાહ્યાલાલ હ. જાની

ચિકિત્સાશાસ્ત્રમાં નોબેલ પુરસ્કારના વિજેતાઓ

ગયા અંકમાં આપેલી ભૌતિકશાસ્ત્રના વિજેતાઓની યાદીને અનુસંધાને આ નીચે વૈદક ચિકિત્સાશાસ્ત્રમાં નોબેલ ઇનામ મેળવનારાઓની યાદી આપી છે. બીજી યાદીઓ હવે પછીના અંકોમાં ઉત્તરોત્તર પ્રકટ થશે.

૧૯૦૧—બેહ્રિંગ (Behring) મારબુર્ગ (જર્મની)
૧૯૦૨—સર રોનાલ્ડ રૉસ (Sir Ronald Ross) લિવરપૂલ (ઇંગ્લંડ)
૧૯૦૩—ફિન્સન (Finsen) કૉપનહાગન (ડેન્માર્ક)
૧૯૦૪—પૉવલો (Pawlow) સેંટ પીટર્સબર્ગ (રશિયા)
૧૯૦૫—કૉખ (Koch) બર્લિન (જર્મની)

૧૯૦૬—ગૉલગી (Golgi) પાવિયા અને રામોનય કાયાલ (Ramony Cayal) માડ્રિડ (સ્પેન)

૧૯૦૭—લાવેરાં (Laveran) પારીસ (ફ્રાન્સ)

૧૯૦૮—એર્લિખ (Ehrlich) ફ્રાંકફુર્ટ (જર્મની); અને મેટશ્નિકો (Metschnikow) પારીસ (ફ્રાન્સ)

૧૯૦૯—કોખર (Kocher) બેર્ન (સ્વિટ્ઝરલૅંડ)

૧૯૧૦—કૉસલ (Kossel) હાઇડલબુર્ગ (જર્મની)

૧૯૧૧—ગુલસ્ટ્રાન્ડ (Gulstrand) ઉપસાલા (સ્વીડન)

૧૯૧૨—ઍલૅક્સિસ કૅરેલ (Alexis Carrel) ન્યૂ યૉર્ક (અમેરિકા)

૧૯૧૩—રિશે (Richet) પારીસ (ફ્રાન્સ)

૧૯૧૪—બેરાની (Berany) વીએના (ઑસ્ટ્રિયા)

૧૯૧૫— . . . . .

૧૯૧૬— . . . . .

૧૯૧૭— . . . . .

૧૯૧૮— . . . . .

૧૯૧૯—બોર્ડેટ (Bordet) બ્રુસેલ્સ (બેલ્જીઅમ)

૧૯૨૦—ક્રોગ (Krogh) કોપનહાગન (ડેન્માર્ક)

૧૯૨૧— . . . . .

૧૯૨૨—એ.જી. હિલ (A.G. Hill) લંડન (ઇંગ્લંડ); અને માયરહોફ (Mayerhof) કીલ (જર્મની)

૧૯૨૩—એફ.જી. બૅન્ટિંગ F. G. Banting અને જે. જે. આર. મૅક લીઑડ (J.J.R. Mcleod) (કૅનેડા).

૧૯૨૪—આઇનટોવન (Einthoven) લાઇડન (હોલૅંડ)

૧૯૨૫— . . . . .

૧૯૨૬—ફિલિગર—કૉપનહાગન (ડેન્માર્ક)

૧૯૨૭—વાગ્નર ફૅાન યાગ્રેગ (Wagner fon Janreg) વીએના (ઑસ્ટ્રિયા)

૧૦૨૮—નિકોલે (Nicolle) ટ્યૂનિસ (અલ્જીરિયા)

૧૯૨૯—આઈકમાન (Eijkman) ઉટ્રેક્ટ (હોલંડ); અને હૉપકિન્સ (Hopkins) કેમ્બ્રિજ (ઇંગ્લંડ)

૧૯૩૦—લૅન્ડસ્ટાઇનર (Landsteiner) ન્યૂ યૉર્ક (અમેરિકા)

૧૯૩૧—વારબુર્ગ (Warburg) બર્લિન (જર્મની)

નરેન્દ્રદેવ વિદ્યાલંકાર (મ્યૂનિક)

આ વર્ષની કેટલીક વૈજ્ઞાનિક શોધો

હીરામ મૅક્સિમે રસ્તા પરના અવાજો રોકનારું 'સાઇલેન્સર' બનાવ્યું છે, તે પોતાના કામ ઉપરાંત હવાને શુદ્ધ કરે છે અને હવામાન પણ જાળવી શકે છે. બીજું એક પડઘો પકડનાર યંત્ર શોધાયું છે જે અવાજની મદદથી ઊંડાઇનું માપ કાઢી શકે છે. દરિયાઇ ધંધામાં તે બહુ ઉપયોગી છે. ઈસ્ટમૅન કોડાકની પ્રયોગશાળામાં 'ઇન્ફ્રા રેડ કિરણો' એવાં શોધાયાં છે કે જે વડે અંધારામાં છબી લઈ શકાય છે! એક અમેરિકને એરોપ્લેન માટે યાંત્રિક પાઇલોટની યોજના કાઢી છે. ન્યૂ યૉર્ક ખાતે હડસન નદી ઉપર દુનિયાનો સૌથી લાંબો ઝૂલતો પૂલ 'જ્યૉર્જ વૉશિંગ્ટન બ્રિજ' તૈયાર થયો છે.

તાર વગરના સંદેશાના શોધક માર્કોનીએ 'શૉર્ટ વેઇવ લૅંગ્થ ટેલિફોન' શોધ્યો છે જે દ્વારા એણે પોતાની વાયરલેસની શોધના ત્રીસમી સાલના ઉત્સવ પ્રસંગે આટલાંટિકની પાર પહેલો સંદેશો મોકલ્યો. કેમ્બ્રિજ યૂનિવર્સિટીના ડૉ. કૉકરોફ્ટ અને વૉલ્ટન પરમાણુનું ખંડન કરી શકયા. કૅપ્ટન ફ્રાંક સ્માઇથે હિમાલયનું કમઠ શિખર સર કર્યું, જેટલી ઊંચાઇનું કોઈ શિખર આજ સુધીમાં કોઇ માણસે સર કર્યું નથી. ગ્રીનલૅંડના બરફમય પ્રદેશની માપણી થઈ. એ પ્રદેશ મનુષ્ય વસવાટની ઉત્તર તરફની છેલ્લી હદ ગણાય છે. શીપી જ્હૉન્સનના કાફલાએ ઍન્ડીઝ પર્વતોમાં પેરૂની મોટી દીવાલ શોધી અને ચૌદ પ્રાચીન શહેરો તથા માનવના અવશેષો શોધ્યા. સીરિયાની દક્ષિણમાં ઇ સ. પૂર્વે ૧૪૦૦ વર્ષ પહેલાંનું નગર શોધાયું, મૅક્સિકોમાં પણ અતિ પ્રાચીન નગર અને કબરો હાથ લાધ્યાં, તથા પૅલેસ્ટાઇનમાં ઈ. પૂર્વે પદરસો વર્ષ પહેલાંની શાહી કબરો મળી આવી.

થોડું ખેતીવાડી જ્ઞાન

બૉંડીના દોડાનાં બીજ ઢોરને ખવડાવે છે; એની છાલને વણી ખાટલાનું વાણ કરે છે; અને તેની સાંઠી એટલી પોચી અને બળવામાં ભડભડ સળગે છે કે અગાઉના વખતમાં તેલના દીવાઓ પેટાવવા માટે એ સાંઠીના કટકાનાં 'બોયાં' થતાં હતાં. દીવાસળીની ગરજ તેઓ સારતાં.

બાજરીના છોડમાં થુમડું થાય છે; એટલે કે એક બી વાવવાથી તેના છોડમાં ત્રણચાર જગ્યાએ ફૂટ થાય, અને એ દરેક સ્થળે એકએક નાનુંમોટું કણસલું પાકે. શેરડીનું પણ એમ જ. એક કાતળીમાં આંખો હોય તેટલી ફૂટ થઇને ત્રણ ચાર પાંચ જેટલા મોટા સાંઠા થાય છે. આ બધું નજરોનજર જોવાથી લાગે છે કે કુદરત કેટલી ઉદાર છે! ડુંગળીનાં પ્રથમ બી વાવી રોપ કરે. એ રોપની નાનીનાની ડુંગળીની ગાંઠો કાઢી લે એ ગાંઠો ફરીવાર વાવે એટલે ડુંગળી થાય.

બાજરીનાં ઠૂંડાં કોઇકોઈ માથેથી લણે;—જેમને બાજરી વેચવાની ઉતાવળ હોય તે. બીજાઓ બાજરી વાઢે ને ઓઘા કરે. ઓઘા કરવાથી સાંઠામાંનો લીલો રસ તે ઠૂંડાંને મળતો રહે ને બાજરીના કણ પોષાઇને મોટા થાય,—વાઢી લીધા પછી પણ. વળી એથી પાકને સૂર્યપ્રકાશ પણ મળે. —દે.પ.

સિયામનાં રંગીન છાપાં

આપણે ત્યાં તો માત્ર જાહેરખબરો માટે જ લાલ, લીલા, પીળા કાગળો વપરાતા જોઇએ છીએ, પણ સિયામના પાટનગર બૅંકૉકમાં તો દૈનિક પત્રો રોજના રંગ બદલે છે. સિયામીઓ દરેક દિવસનો ખાસ રંગ માને છે અને તે પ્રમાણે ઘણા તે દિવસે તે જ રંગનો પનંગ (Panung) પોશાક પહેરે છે. વર્તમાનપત્રોવાળા પણ એ પ્રમાણે રંગનો દિવસ બનતાં લગી સાચવે છે. સોમવારનાં છાપાં પીળા રંગમાં છપાય, ગુરુવારે તો લીલા

રંગ જ હોય રવિવારે ગુલાબી અને બાકીના દિવસોમાં સફેદ રાખવામાં આવે છે. કાગળો સિયામમાં તો બનતા જ નથી. એક સરકારી કારખાનું અને કોઇ ખાનગી કારખાનું મૂળ જેવો માલ બનાવે છે, પણ તે ગણત્રીમાં આવે એટલો હોતો નથી, એટલે કાગળની બનાવટ તો પરદેશને હાથ જ છે.

ધારેલો આંક કહેવો

પ્રથમ કોઇ એક માણસને તમે દસની અંદરનો ગમે તે આંક ધારવા કહો. પછી તે રકમને ત્રણ વડે ગુણવા કહો. ત્રણે ગુણતાં જો એકી રકમ આવતી હોય તો તેને તે રકમની અંદર એક ઉમેરવા કહો (રકમ બેકી આવતી હોય તો ઉમેરવાની જરૂર નથી) ને પછી તેને બે વડે ભાગવા કહો. ભાગતાં જે રકમ આવે તેને ત્રણ વડે ગુણાવો ને ત્રણ વડે ગુણતાં જો એકી રકમ આવે તો તેમાં ફરી એક ઉમેરવા કહો, તે પછી તેને બે વડે ભાગવા કહો પછી જે ભાગાકાર આવે તેને નવ વડે ભાગવા કહો ને પછી તેને પૂછો કે નવે ભાગતાં ભાગાકાર કેટલો આવ્યો. શેષ વધે તેનું કાંઇ કામ નથી.

જવાબની રીતઃ—ઉપરની રીત મુજબ જો તમારે રકમ એકી આવતી વખતે ૧ ઉમેરવો પડ્યો હોય તો તેનો ૧ ગણવાનો ને ફરી બીજી વખત રકમ એકી આવતાં ૧ ઉમેરવો પડ્યો હોય તો તેના ૨ ગણવાના. એટલે કુલ્લે બે વખત એકી રકમ આવતાં તેના ત્રણ યાદ રાખવાના. પછી નવે ભાગતાં જે ભાગાકાર આવે તેને ચારે ગુણી તેમાં એક વખત એકી રકમ આવી હોય તો એક ને બે વખત એકી રકમ આવી હોય તો ત્રણ ઉમેરી જવાબ કહેવો.

સમજૂતીઃ—ધારો કે એક માણસે ૯ની રકમ ધારી. તેને ત્રણે ગુણતા ૨૭ આવ્યા ૨૭ એકી રકમ છે એટલે ૧ ઉમેર્યો: ૨૭+૧=૨૮. પછી બે વડે ભાગતાં ૧૪ આવ્યા એ ૧૪ને ત્રણે ગુણતાં ૪૨ આવ્યા. હવે ૪૨ બેકી રકમ છે એટલે એક ઉમેરવાની જરૂર નથી. તેને બે વડે ભાગતાં ૨૧ આવ્યા. અને એ ૨૧ને નવે ભાગતાં ભાગાકાર ૨ આવ્યો તથા ત્રણ શેષ વધ્યા. શેષનું આપણને કાંઈ કામ નથી. પછી ભાગાકારની રકમ બેને ચારે ગુણી તેમાં એક વખત એકીનો એક ઉમેર્યો. એટલે ૨×૪+૧=૯ એ ધારેલી રકમ. —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

આંગળાં કે હથેળીની નિશાની પકડવાની નવી રીત

દુનિયાભરના એકેએક માણસનાં આંગળાં કે હાથની છાપો તેના ચહેરાની પેઠે જુદીજુદી હોય છે, અને જગતના કોઇ પણ બે માણસના હાથની નિશાનીઓ હજુ મળતી આવી નથી. પોલિસખાતું ગુનેગારની સાબિતી માટે આ બાબતનો બહુ જ ઉપયોગ કરે છે.

કોઇ પણ ચોરી, લૂટફાટ કે ખૂનનો બનાવ બને ત્યાં ગુનેગાર હથિયાર, ભીંત કે સામાન ઉપર હાથ મૂકયા વિના રહેતો નથી. કેટલીકવાર તો તેની છાપ નજરે પણ ન પડે એટલી આછી હોય છે. છતાં ગુનાશોધક ખાતાંઓ દસબાર રીતો અજમાવી તે નિશાનીઓ હાથ કરે છે અને તેને આધારે તપાસ કે શોધ કરે છે. તેમાં છાપને કાગળ પર ઉતારી લેવાને આજ સુધી જિલેટિન લગાડેલો કાગળ દાબવામાં આવતો. તે પરથી સંભાળપૂર્વક ફોટોગ્રાફ લેવાતા, જે પરથી બીજી નકલો ઊતરતી અને એમ ત્રણ તબક્કે છાપ હાથમાં આવતી. પણ હમણાં ફ્રાન્સના પોલીસખાતાની લાયોન્સની લેબૉરેટરીમાં ડૉ. લ્યૂને શોધ કરી અજબ સરળતા કરી દીધી છે. તેની શોધ માત્ર એક મસાલો છે, તેમાં કૉલોડિયન એમીલસીટેટ, એસીટોન અને ઇથરનું મિશ્રણ છે જ્યાં છાપ લેવાની હોય ત્યાં પ્રથમ હળવી પીંછીએ કાળી મેશનો રંગ ખમેરવો. રંગનું થર પથરાઇ રહ્યા પછી તેના ઉપર આ મિશ્રણ રેડવામાં આવે એટલે થોડી જ સેકંડમાં તેની કાચ જેવી પાતળી ફિલ્મ બની રહે છે. ગમે તેવી વિષમ જગ્યાએ તે છાપ હોય ને, પણ આ રીતે ત્યાંથી એની ફિલ્મ પાછી ઉચકી લેતાં તેમાં દરેકેદરેક ઝીણવટભરી હાથની આબાદ છાપ ઉચકાઇ આવે છે. પછી ફોટોગ્રાફ કે બીજી નકલ લેવાની જરૂર રહેતી નથી. તે પારદર્શક હોવાથી બને બાજુએથી છાપના લીટા પારખી શકાય છે.

૧ પૌંડમાંથી ૪૧૭,૦૦૦,૦૦૦

લુઇશિયાનાના બે નામાંકિત વેપારીઓએ કૉફી પીતાંપીતાં શરત કરી કે લુઇશિયાનાનું સ્ટેટ બિલ્ડિંગ ૫૦૦ વર્ષ ટકશે. સ્ટૉટલર કહે કે એ મુદત સુધી તે મકાન ઉપયોગમાં આવશે; જ્યારે હૉલિન્સ કહે છે કે નહિ ચાલે. આના ઉપર બે ડૉલર અને ૫૦ સેંટ (લગભગ દસ રૂપિયા) જેટલી રકમનો દાવ મૂકાયો અને એક વકીલે તેનું ખત કરી ચક્રવર્તી વ્યાજની તરીખે એક પાઉન્ડની રકમ બૅંકમાં મૂકાવી છે અને ખતમાં લખ્યા મુજબ આ બે પૈકી જેની શરત ખરી પડશે તેના વારસને તે રકમ મળશે ખતમાં એક વિશેષ કલમ એ પણ છે કે બે પૈકી કોઇનો વારસ ન હોય તો એ રકમ લુઇશિયાના રાજ્યને અથવા ત્યાં જેનું રાજ્ય ચાલતું હોય તેને સ્વાધીન થાય. ઈ. ૨૪૩૨ની સાલમાં જે કોઇ વારસ હશે તેને ૨,૦૮૪,૪૯૫,૬૦૫,૨૨ ડૉલર અથવા ૪૧૭,૦૦૦,૦૦૦ પાઉન્ડ મળશે. ઉપરના ખતની નકલ એ બૅંકની ફાઈલમાં રહેશે અને દર સો વર્ષે તેની એક ફોટોસ્ટેટ નકલ લેવડાવવી પડશે.

રેલવેની પહેલી સીસોટી

રૉબર્ટ સ્ટીવન્સને બાંધેલા પહેલા એંજિન માટે લીસ્ટર અને સ્વાનિંગ્ટન રેલવેમાં પહેલવહેલી સીસોટી વપરાઇ હતી. તેની પહેલાના જમાનામાં એન્જિન ડ્રાઈવરો મોઢેથી એક તવૂડું ફૂંકીને રસ્તા પર આડે આવનારને ચેતવણી આપતા હતા. ઉપર જણાવેલી કંપનીના ડાયરેક્ટરોએ લીસ્ટરના એક વાજીંત્ર બનાવનારને ઑર્ડર આપ્યો કે એન્જિનના બૉઈલર પાસે વરાળના જોરથી વાગે એવું તવૂડું બનાવી આપે. એ જ રેલવેની ખરી સીસોટી થઇ.

ચીનનો સેનાપતિ લશ્કર મોકલી-મોકલીને થાકયો પણ એક બળવાખોર કેમે કર્યો તાબે નહોતો થતો તેથી ત્રાસીને દેશનાં મહાજને અંતે શહેનશાહને વિનતિ કરી કે એને ગમે તેમ કરીને પણ તાબે કરો. શહેનશાહે મોટો સમારંભ કરી તેમા પેલા બળવાખોરને આમંત્ર્યો ને મહાજનની સાક્ષીએ પોતાની પુત્રીનો હાથ એ બળવાખોરના હાથમાં સોંપ્યો. આ જોઈ આશ્ચર્યચકિત થએલા મહાજનને ઉત્તરમાં શહેનશાહે કહ્યુંકે 'પ્રતિસ્પર્ધીને વશ કરવાનો રામબાણ કીમિયો એક જ છે: ઉદારતા.'

અનેકાર્થી શબ્દ: **વાટ**=રસ્તો, દીવેટ, પૈડાનો લોઢાનો પાટો, 'વાટવું'નો આજ્ઞાર્થ.

દસની અંદરની કોઈ પણ સંખ્યા ધારી, તેને ત્રણ વડે ગુણી, જવાબમાં એક ઉમેરી ફરી ત્રણ વડે ગુણો. એ આવેલા ગુણાકારમાં તમારો ધારેલો આંક ઉમેરવાથી જે રકમ આવશે તેના દશકનો આંકડો જ તમારો ધારેલો આક હશે (ર વિ.)

ગયા અંકમાં દીર્ઘજીવી પક્ષીઓની યાદી આપી હતી. પશુઓના સામાન્ય આયુષ્યનો આંકસ્ટ્ટો આ પ્રમાણે લેખાય છે: ખિસકોલી, સસલાં વગેરે આઠ વર્ષ, કૂકડાં, બકરાં વગેરે દસ વર્ષ. ગાય, બિલાડી, શિયાળ વગેરે પદરથી વીસ વર્ષ, રીંછ, કૂતરાં, ડુક્કર, ગેંડો વગેરે વીસથી પચીસ, ઘોડા ને હરણ પાંસઠ વર્ષ સુધી, હાથી, ઊંટ અને કાચબા સો વર્ષ સુધી અને મગર તો તેથી પણ વધારે જીવે છે.

ભાંગ, ડુંગળી, હળદર અને અળસીનું ગરમ તેલ એ બધાંને સારી પેઠે લસોટીને બનાવેલો મલમ ચોપડવાથી હરસ સુકાઈ જશે અને તેની પીડા ઓછી થશે.

આંધળો માણસ પણ ઓળખી કાઢે એવી વનસ્પતિ કઈ? — કૌવચ.

ગઈ ૨૧મી સપ્ટેંબરે રાત ને દિવસ સરખાં હતાં. તે દહાડે ઋતુ બદલાય. હવે રાત લાંબી ને દિવસ ટૂંકા થતા જશે.

પ્રયત્ન

પ્રયત્ન કરનારને નસીબે નિષ્ફળતાઓ તો લખેલી જ છે; પણ તેને તે હાર ગણીને બેસી રહેતો નથી. . . . પ્રયત્નમાં જે આનંદ રહ્યો છે તે તેના ફળમાં નથી. . . જે થાક્યા વગર પ્રયત્ન કરે છે તે ખરેખરો પુણ્યશાળી છે. એકાદ ઇશ્વરદત્ત બક્ષિશવાળો વિદ્યાર્થી પોતાના પાઠ સાનમાત્રથી સમજી લે, તે ભલે વિશેષ શક્તિશાળી ગણાય; પરંતુ કોઇ ઠોઠ વિદ્યાર્થી આખો દિવસ પોતાના પાઠની ધૂનમાં રહે, તેની મહત્તા પેલાના કરતાં ઓછી નથી. પણ પ્રયત્ન અખંડ, એકધારો થવો જોઇએ. —ગાંધીજી

છેલ્લાં અઢાર વર્ષ દરમિયાન ગયા એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં ચંદ્ર સૌથી મોટા કદમાં દેખાયો હતો. વેધશાળાના અધિકારીઓ જણાવે છે કે તે વખતે તે સાધારણ કદ કરતાં ૧/૫ ગણો મોટો દેખાયો હતો અને હવે એવડો ચંદ્ર ફરી બીજાં અઢાર વર્ષે દેખાશે.

દુનિયાની મોટામાં મોટી નદીઓ એમની લંબાઇના ક્રમમાં નીચે મુજબ છે:


ઍમૅઝૉન (દ. અમેરિકામાં)	૪૦૦૦	માઇલ
નાઇલ (આફ્રિકામાં)	૩૬૦૦	"
મિસિસિપી (ઉ. અમેરિકામાં)	૩૧૬૦	"
કોંગો (આફ્રિકામાં)	૩૦૦૦	"
સિંધુ (હિંદુસ્તાનમાં)	૧૮૦૦	"
ગંગા "	૧૫૦૦	"



ચૌદ વરસના અખંડ પરિશ્રમ પછી એક યુવાન બ્રિટિશ વૈજ્ઞાનિકે તૈયાર કરેલો આ 'રૉબો' (યંત્રમાનવ) વાતો કરી શકે છે, સીસોટી વગાડી શકે છે, ઘડિયાળ જોઇને વખત કહી શકે છે, પિસ્તોલ ફોડી શકે છે અને છાપાંમાંથી એકાદ નાનો ફકરો પણ વાંચી બતાવે છે!

પહેલવહેલાં પોસ્ટકાર્ડ ૧૮૬૯ના ઑક્ટોબરમાં ઑસ્ટ્રિયન લોકોએ શોધ્યાં.

સીધી વસ્તુના પેટ વાઢનાર વાંકી વસ્તુ કઇ તે જાણો છો? —દાતરડું.



દુનિયાભરમાં લાંબામાં લાંબા પૂછડા તથા કેશવાળી વાળો આ લંબપુચ્છ અશ્વ (દશાંગ્રદુમ અસ્પ) લેકસિંગ્ટનમાં હતો. તેનું પૂછડું ૧૯ ફૂટ, કેશવાળી ૧૨ ફૂટ તથા કપાળની આગલી લટ ૮ ફૂટ લાંબી હતી. તેની છેલ્લી કિંમત વીસ હજાર ડૉલર-એટલે અત્યારને હિસાબે પંચોતેર હજાર રૂપિયા ઉપજી હતી!